بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**અહલે સુન્નત વ જમાઅત**

# برکاتِ خواجہ
# બરકાતે ખ્વાજા

ચા'નો મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર

**માસિક**

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧-જૂન-૨૦૦૮**

જમાદીઉલ અવ્વલ-જમાદીઉલ આખર

હિજરી સન : ૧૪૨૯

વર્ષ : ૦૫, અંક : ૦૬, સળંગ અંક : ૫૪



★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com



★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)


## સરદાર બરેલીમેં....



ઈમાન મચલતે હૈં હરબાર બરેલીમેં
સુન્નીઓં કે રહતે હૈં સરદાર બરેલીમેં

ઈશ્ક઼ને મુઝે પૂછા, ક્યૂં ઠહરે બરેલીમેં,
બેટરી કે હમારી હે ચાર્જર બરેલીમેં

યે નેઅમત કા દરયા હૈ, ઈનાયત કા સમંદર હૈ
હો જાતા હૈ દિલ આકર, સરસાર બરેલીમેં

ક્યા ઉન્કી હસ્તી હૈ, ક્યા ઉન્કી હક઼ીક઼ત હૈ,
ઘૂમા ન કરે નજદી, બેકાર બરેલીમેં,

પર્દે ઉઠ જાએંગે, આક઼ા નઝર આયેંગે,
ઐસે બટા કરતે હૈં, કિરદાર બરેલીમેં

ઈલ્મે ગૈબે નબવી પર, ન ઉઠેગી ઉંગલિયાં,
હર ફિત્ને કો કાટે વો તલ્વાર બરેલીમેં

અહમદ કી રઝા બનકર હર શોઅ્બે મેં છાએ હૈં,
ઉલમા કો મિલ્તે હૈં ઈખ્તિયાર બરેલીમેં

ઉર્સે આ'લા હઝરત કી, ક્યા બાત કરેં 'સાહિલ'
રઝવી યૂં સજાતે હૈં, દરબાર બરેલીમેં

—સાહિલ જામનગરી, મો. ૯૩૨૭૩ ૫૬૦૯૪


web. : www.barkatekhwaja.net


**નોંધ** આ સાથેના વર્તુળમાં લાલ ચોકડી હોય તો સમજવું કે તમારું લવાજમ પૂરું થયું છે. તો જલ્દીથી મોકલાવી દેવું.

બરકાતે ખ્વાજા (માસિક) જૂન-૨૦૦૮
વર્ષ : ૦૫ અંક : ૦૬ સળંગ અંક : ૫૪


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **દેવબંદને ડહાપણની દાઢ ફૂટી !!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૫ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૦૭ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૦૮ |
| ૦૫. | **અહલે સુન્નત વ જમાઅતનું પ્રતીક એટલે 'મસ્લકે આ'લા હઝરત'** | **રજૂકર્તા** : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી<br>(સદર મુદર્રિસ : દા. ઉ. બરકાતે ખ્વાજા-આમોદ, જિ. ભરૂચ) | ૦૯ |
| ૦૬. | સહાબા અને સલ્ફે સાલેહીનની નમાઝ | **રજૂકર્તા** : અબ્દુર્રઉફ યાકૂબ પટેલ-પાલેજ | |
| ૦૭. | અલ્લાહ માટે દોસ્તી અને અલ્લાહ માટે દુશ્મનીના લાભાલાભ હદીષોની રોશનીમાં | **અઝ** : હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી<br>*(હાલ : પ્રેસ્ટ, યુ.કે.)* | ૧૭ |
| ૦૮. | મુજાહિદે મિલ્લતની મુજાહિદાના જિંદગી અને આપણે | **કાર્યાલય** | ૨૩ |
| ૦૯. | **ઈસ્લામમાં સ્ત્રીઓનો વારસાઈ હક્ક અને આપણે** | **અઝ** : મુફતી મુહમ્મદ હસન રઝવી (બેડીવાળા)<br>*હાલ : મુતઅલ્લિમ મર્કઝે તર્બિયતે ઈફતા, ઓઝાગંજ, યુ.પી.* | ૨૮ |
| ૧૦. | **વહાબી તેહરીક ઔર અંગ્રેજ સાઝિશ કી તારીખી દાસ્તાન !** | **અઝ** : મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી | ૩૧ |
| ૧૧. | પ્રોફેસર મસ્ઊદ અહમદ એક મહાન લેખક | **રજૂકર્તા** : અલ્તાફ હુસૈન કુરચનવી<br>*મુતઅલ્લિમ : અલ્ જામિઅતુલ અશરફિયહ્-મુબારકપુર)* | ૩૮ |
| ૧૨. | ફત્વા વિભાગ | **કાર્યાલય** | ૪૦ |
| ૧૩. | **ચીનમાં મુસલમાનોની : કલ આજ ઔર કલ ?!** | **રજૂકર્તા** : મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી | ૪૧ |
| ૧૪. | **ALLAH–LORD, MASTER, CREATOR** | **Fatimah Zehra**-*Leicester (U.K.)* | ૪૩ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |

# દેવબંદને ડહાપણની દાઢ ફૂટી !!

તંત્રી લેખ....

વર્તમાનકાળમાં એક ફેશન જાણે ચાલી છે કે સસ્તી ખ્યાતિ (કુખ્યાતિ) પામવી હોય તો ઈસ્લામ કે ઈસ્લામના કાનૂનથી ઉલ્ટી વાત કે એવું કોઈ કાર્ય કરી નાખે જેથી મીડિયામાં ચમકી ઉઠે ! ક્યાંક ગૈરો તરફથી વાહ વાહ ! થવા માંડે તો ક્યાંક મુસલમાન તેના પર થૂ થૂ કરી ઉઠે અને ફિટકાર વરસાવે એવા બનાવો ગૈર મુસ્લિમ કે નામ માત્રના કહેવાતા મુસ્લિમો તરફથી અવાનવાર ઉદ્‌ભવ પામતા રહે છે. એક જગાએ વાંચ્યું કે મશહૂર હિન્દી દૈનિક પત્ર "હિંદુસ્તાન" પટણાની અંદર એક ચર્ચા રજૂ થઈ હતી. વાત એ હતી કે દેશની કોઈ હાઈકોર્ટના જજે મુસ્લિમ પર્સનલ લો માં સીધી ડખલીગીરી કરતાં કહ્યું, "જો કોઈ શબ્દ 'તલાક'નો બે વાર બોલે તો એ તલાકના શબ્દો બેકાર તથા અવિશ્વસનીય કહેવાશે. પતિ પત્ની આપસના સંબંધો બધું વિસરીને કોઈ જ ખરાબી તથા મના વિના રાબેતા મુજબ રાખી જીવન જીવશે."

## ફિલ્મી ગીતકારને દીની ફત્વા સાથે શું સંબંધ ?!

ચર્ચામાં ભાગે લેનાર એક વ્યક્તિ 'જાવેદ અખ્તર' જે ફિલ્મી દુનિયાનો ગીતકાર તથા 'શબાના આ'ઝમી' નૃત્યાંગના તથા હિરોઈનનો પતિ છે. બીજા મૌલાના મુફ્તી મુકર્રમ અહમદ જે શાહી ફતેહપુરી મસ્જિદ–દિલ્હીના ઈમામ છે. જાવેદ અખ્તરનું મંતવ્ય છે કે, "ઈસ્લામી સમાજમાં દાંપત્ય જીવનના અસમતોલપણાને જોતાં હાઈકોર્ટના જજનો આ ફૈસલો મુસ્લિમ પર્સનલ લોમાં ડખલગીરી નહીં પણ લાભદાયી તથા દાદને પાત્ર પગલું છે, જો ઈસ્લામી જગતના પ્રશ્નોના નિવેડા લાવનારાઓ આ ફૈસલાને મંજૂરી આપી દે તો તેને અદાલતે અમલને પાત્ર ઠરાવી દેવો જોઈએ." જ્યારે મુફ્તી મુકર્રમ અહમદ સાહબના નિવેદનનો સાર એ હતો કે, "હાઈકોર્ટના જજનો આ નિર્ણય મુસ્લિમ પર્સનલ લોમાં સરાસર ડખલગીરી છે. શરીઅતના હુકમો તથા મસાઈલથી અતિશય કક્ષાની અજ્ઞાનતાની દલીલ છે. દેશની કોર્ટોએ શાહબાનુ કેસથી લઈને આજ સુધી વિવિધ વાર આ પ્રકારના અયોગ્ય તથા અસ્વીકાર્ય તથા ઉશ્કેરણી ખડી કરે તેવા ફૈસલા કર્યા છે." *(અશરફિયા, મે–૨૦૦૮)*

નિકાહ તથા તલાક, ખુલઅ વગેરે મસાઈલ તથા તેને લગતી બાબતો એ તદન દીની (ફિકહી) તથા ફતવા વિભાગને લગતી છે. તેના પર વિચારો પ્રદર્શિત કરવાનો તથા મંતવ્યો આપવાનો હક્ક તથા અધિકાર કેવળ દીનના આલિમો તથા શરીઅતના જાણકાર મુફતીઓને જ છે. આ નઊઝુબિલ્લાહ કોઈ ફિલ્મી નગરીના ગીતકાર તથા બની બેઠેલા સલાહકારના વશની વાત નથી જેથી આ ગીતકારની વાતો એકદમ મૂર્ખામી ભરેલી છે.

એક વિચારવા પાત્ર મુદ્દો એ પણ છે કે મુસ્લિમ પર્સનલ લોના હવાલાથી દેશની અદાલતોનો જો કોઈ એવો ફૈસલો આવી જાય જે કુર્આન, હદીષ અને શરીઅતની કિતાબોથી તદન વિપરિત હોય પરંતુ એના પર મુસ્લિમ જગતની દસ કરોડ વ્યક્તિઓ પણ સહમત થઈ જાય તો શું એ ફૈસલો મુસ્લિમ પર્સનલ લોનો હિસ્સો કહેવાશે અને તેને ખરેખર ઈસ્લામ તથા શરીઅત સમજવામાં આવશે ? કદાપી નહીં ! એટલા માટે નામ માત્રના કહેવાતા મુસ્લિમ ચિંતકો કે નામના મુસ્લિમ બુદ્ધિજીવીઓ જેઓ પોતે જ ઈસ્લામી દષ્ટિએ અસંખ્ય હરામ કામોના શિકાર છે તેમણે આવી બાબતોમાં નિવેદનબાજીનો શોખ ન રાખવો જોઈએ.

## સસ્તી ખ્યાતિ માટે દેવબંદ પણ મીડિયામાં કૂદયું !

વળી હાલમાં દારુલ ઉલૂમ દેવબંદને થોડા સમયથી એકદમ ડહાપણની જાણે દાઢ ફૂટી નીકળી છે કે અવાર નવાર કોઈ ન કોઈ ફત્વા સાથે મીડિયામાં ચમકી વાહ વાહ કમાઈ રહેલ છે. અગાઉ સેંકડો મુફતીઓને

ભેગા કરીને ત્રાસવાદ વિરુધ્ધ ફત્વો બહાર પાડયો અને પોતાના પંથના ત્રાસવાદીઓને સુધારવા કોશિશ કરી. તો વળી ત્યારબાદ વીજ ચોરી સંબંધે ફત્વો મીડિયામાં ધરી પોતાની કૌમના વીજચોરોને સુધારવા પ્રયાસ કર્યો. તો વળી હમણા "ગૌમાંસનું સેવન જો ગવર્નમેન્ટનો પ્રતિબંધ હોય તો શરીઅત હેઠળ પણ ગૈર કાનૂની ઠરે છે." એવું દર્શાવ્યું. *(દિવ્ય ભાસ્કર દૈનિક, ૨૭/૪/૨૦૦૮)*

આ રીતે મુસ્લિમોના યેનકેન પ્રકારે વિરોધ કરનારાઓની દલાલી કરીને સસ્તી ખ્યાતિ પામવાનો પ્રયાસ કર્યો છે કે પછી અગાઉ જે રીતે લાંચ લઈ ફત્વા આપ્યા હતા તેમ કોઈ મોટી લાંચ ખાધી છે તે તો રબ જ જાણે !

## તૌહીદના ઠેકેદારો ત્યારે કેમ ચૂપ હતા ?!

દેવબંદીઓ પોતાને જબરદસ્ત તૌહીદના ઠેકેદાર માને છે, એટલે સુધી કે તૌહીદની આડમાં આંધળા બનીને નબી વલીની તૌહીન પણ કરી નાખે છે અને ઈસ્લામથી બહાર થઈ જાય છે ! આવા જબરદસ્ત તૌહીદના ઠેકેદારો એ કે તૌહીદ ઈમાનનો પાયો છે છતાં તેના સંબંધે જ્યારે હિરો સલમાન ખાનને મુંબઈમાં ગણપતિની પૂજામાં ભાગ લેવા બદલ બરેલી શરીફના દારુલ ઈફતાએ તૌબા કરી નવેસરથી કલમો પઢવાનો હુકમ બહાર પાડેલો ત્યારે કેમ ચૂપ હતા ?! બલ્કે લખનૌના અમુક દેવબંદી મુફતી તો પૂજાવિધિમાં જોડાનાર સલ્માન ખાનની વહારે ગયા હતા ! અને આજે આવી વાતો સાથે મીડિયામાં ચમકીને શું રબને રાજી કરી રહ્યા છે કે કોઈ ગૈર ખુદાને ખુશ કરી શિર્ક કરી રહ્યા છે ?!

## સત્તાના દબાણ કે ચાપલૂસીમાં ફત્વો બદલવાની આદત !

પોતાને "હનફી" કહેનાર આ દેવબંદી મુફતીઓ જો હક્કના જ તરફદાર હોત તો તેમણે અન્ય ફત્વા જેમ મીડિયામાં કૂદી પડીને ઉપર વર્ણન કરેલ તલાક સંબંધી મસ્અલામાં પણ સત્ય હકીકત જણાવવી જોઈતી હતી કે, "એકવાર તલાક કહી તો આમ જ પાછી ખેંચી શકે છે, બેવાર તલાક કહી તો ઈદ્દતની અંદર રુજૂઅ કરી નિકાહ દોહરાવી લે પછી પતિ પત્ની જેમ રહી શકે, ત્યાં સુધી નહીં. અને ત્રણવાર તલાક કહી તો હવે હલાલા વિના પત્ની પતિ માટે હલાલ થશે નહીં. *(બહારે શરીઅતનો સાર)* પણ એમને એવું નથી સુઝતું, બલ્કે તેમની તકસાધુવૃત્તિ જે અંગ્રેજોના જમાનાથી જન્મ જાત તેમનામાં સમાયેલી છે તે એ કે મૌજૂદ સત્તાવાળાની પગચંપી કરવી, ભલે શરીઅતમાં એ જાઈઝ હોય કે ન હોય. એમનો ઈતિહાસ તપાસી લો કે જયારે ઉલમાએ અહલે સુન્નત અંગ્રજો વિરુધ્ધ જેહાદનો ફત્વો આપી જેહાદમાં ખપી રહ્યા હતા ત્યારે આ ઉલમાએ દેવબંદ અંગ્રેજોની પ્રશંસામાં ચૂર હતા, અને આજે પણ ગવર્નમેન્ટ ભલે શરીઅત વિરુધ્ધ કાનૂન બહાર પાડે છતાં તેની તરફદારીમાં ફત્વા આપી રહ્યા છે. જેમ કે અગાઉ ઈંદિરા ગાંધીના સત્તાકાળમાં ઈમરજન્સી વખતે સત્તાના દબાણ હેઠળ પોતાનો ફત્વો બદલીને "નસબંધી જાઈઝ છે" એવો ફત્વો આપનાર આ જ દેવબંદના મુફતીઓ હતા ! ત્યારે પણ એ જ બરેલી શરીફનો દારુલ ઈફતા હતો જ્યાંથી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાંએ "નસબંધી હરામ છે !"નો ફત્વો બહાર પાડીને તેના પર અડગ રહી હિંદભરમાં મુસ્લિમોને આ સંબંધે ચેતવ્યા હતા. તેમણે ન સત્તાવાળાઓના ડરાવવાને ગણકાર્યું કે ન કોઈ લાંચ લાલચની પરવા કરી હતી, બલ્કે કોઈની હિંમત ન હતી કે એવી કોઈ વાતનો ઈશારો પણ કરી શકે.

મુસલમાનોએ સમજવું જોઈએ કે ઈસ્લામના કાનૂન એ કોઈ માનવરચિત કાનૂન નથી કે તેને કોઈ બદલી શકે, જે ચીજ અલ્લાહ વ રસૂલ નજીક કુર્આન હદીષથી હલાલ છે તે કયામત સુધી હલાલ રહેશે અને જે હરામ તથા કુફ્ર શિર્ક છે તે સદા હરામ તથા કુફ્ર શિર્ક રહેશે, જેથી આવા તકસાધુઓથી અને સત્તાના દબાણ તથા સત્તાવાળાઓની કે ઈસ્લામ વિરોધી બળોની ખુશામદમાં તથા ચાપલૂસીમાં અવાર નવાર ફત્વા બદલતા આવા ગુમરાહ મુફતીઓથી સાવચેત રહી ગેર માર્ગે દોરાવું ન જોઈએ.

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

سَلْ بَنِیْٓ اِسْرَآءِیْلَ
كَمْ اٰتَیْنٰهُمْ مِّنْ اٰیَةٍۭ بَیِّنَةٍ ؕ وَمَنْ یُّبَدِّلْ نِعْمَةَ اللّٰهِ مِنْۢ بَعْدِ
مَا جَآءَتْهُ فَاِنَّ اللّٰهَ شَدِیْدُ الْعِقَابِ ﴿٢١١﴾ زُیِّنَ لِلَّذِیْنَ كَفَرُوا
الْحَیٰوةُ الدُّنْیَا وَیَسْخَرُوْنَ مِنَ الَّذِیْنَ اٰمَنُوْا ۘ وَالَّذِیْنَ اتَّقَوْا
فَوْقَهُمْ یَوْمَ الْقِیٰمَةِ ؕ وَاللّٰهُ یَرْزُقُ مَنْ یَّشَآءُ بِغَیْرِ حِسَابٍ ﴿٢١٢﴾
كَانَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً ۫ فَبَعَثَ اللّٰهُ النَّبِیّٖنَ مُبَشِّرِیْنَ
وَمُنْذِرِیْنَ ۠ وَاَنْزَلَ مَعَهُمُ الْكِتٰبَ بِالْحَقِّ لِیَحْكُمَ بَیْنَ
النَّاسِ فِیْمَا اخْتَلَفُوْا فِیْهِ ؕ وَمَا اخْتَلَفَ فِیْهِ اِلَّا الَّذِیْنَ اُوْتُوْهُ
مِنْۢ بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَیِّنٰتُ بَغْیًۢا بَیْنَهُمْ ۚ

***તર્જુમો*** : તમો પૂછો બની ઈસ્રાઈલને[૨૬૩] કે અમે તેમને કેટલી રોશન દલીલો અર્પણ કરી. અને જે (કૌમ) બદલી નાખે અલ્લાહની નેઅમતને તેના મળી ચૂક્યા પછી, તો યકીનન ! અલ્લાહ તઆલા (તે કૌમને) સખ્ત અઝાબ આપનાર છે. સજાવી દેવામાં આવી છે કાફિરોના માટે[૨૬૪] દુનિયાની (નાશવંત) જિંદગી, અને મઝાક ઉડાવે છે એ ઈમાનવાળાઓની, જ્યારે કે પરહેઝગારોની શાન બુલંદ હશે એમનાં કરતાં કયામતના દિવસે, અને અલ્લાહ તઆલા રોજી તો જેને ચાહે[૨૬૫] બેહિસાબ આપી દે છે. (પ્રારંભમાં) સર્વ લોકો એક જ દીન પર હતા[૨૬૬] (પછી જ્યારે તેઓમાં મતભેદ પેદા થઈ ગયો) તો મોકલ્યા અલ્લાહે નબીઓ ખુશખબરી સંભળાવનાર અને ડરાવનારા[૨૬૭] અને નાઝિલ ફર્માવી તેમની સાથે કિતાબ બરહક્ક જેથી ફૈસલો કરી આપે લોકોની વચ્ચે જે વાતોમાં તેઓ ઝઘડવા લાગ્યા હતા અને કોઈએ ઈખ્તેલાફ નથી કર્યો એમાં[૨૬૮] એ લોકો સિવાય જેમને કિતાબ આપવામાં આવી હતી ત્યાર પછી કે આવી ગઈ હતી તેમની પાસે રોશન દલીલો (જેના કારણે) એકબીજાથી હસદ હતો.

**તફસીર...............**

**૨૬૩.** મુસલમાનોને જે ઈજ્જત તથા અમાન સોંપવામાં આવી રહી હતી તે એનાથી અગાઉ પણ કેટલીયે કૌમોને આપવામાં આવી હતી, પરંતુ જ્યારે તેમણે એની કદર ન કરી અને તેનો દુરુપયોગ શરૂ કરી આપ્યો તો પાયાની ઈજ્જત તેમની પાસેથી છીનવી લેવામાં આવી અને દીને હક્કની અમાનત તેમની પાસેથી પરત લઈ લેવામાં આવી અને તેમને ઝલીલ તથા રુસ્વા (બેઈજ્જત) કરી દેવામાં આવ્યા.

મુસલમાનોને દર્શાવવામાં આવી રહ્યું છે કે જો તમે પણ આ નેઅમતનો શુક્ર અદા ન કર્યો, તેનો સદ્‌ઉપયોગ કરીને તેને અન્યોના માટે હિદાયતના માર્ગને સમાર્યો તથા રોશન ન કર્યો તો યાદ રાખો કે તમારો અંજામ પણ એવો જ થશે. જો દૃષ્ટાંત જોવા ચાહો તો તમારે પૂરાણા પુસ્તકાલયોનાં પુસ્તકો વાંચવાની તથા પૂરાણા ખંડેરોમાં વરસો વરસ ચિંતનમાં ડૂબેલા રહેવાની જરૂરત નથી, આ જે તમારી પડોસમાં બની ઈસ્રાઈલની કૌમ વસી રહી છે એને પૂછી લો, તે પોતાની ટેઢી વાતો તથા હક્ક છુપાવવાની પૂરાણી આદત છતાં એ ઐતિહાસિક પ્રસંગોનો ઈન્કાર નથી કરી શકતી.

**૨૬૪.** કાફિરથી મુરાદ અહીં કેવળ અલ્લાહ તથા રસૂલનો મુન્કિર નથી બલ્કે નેઅમતોનો ઈન્કાર અને એહસાન ફરામોશી કરનાર પણ મુરાદ છે. એટલે કે જ્યારે તેમણે હિદાયતના ઈનામની ક઼દર ન કરી તો તેમની નજરો હક઼ીક઼તથી ફેરવીને દુનિયાની ઝાક ઝમાળમાં ગુમ થઈને રહી ગઈ અને તેઓ ઉલ્ટા એ લોકોની મઝાક ઉડાડવા લાગ્યા જેઓ હક઼્ક઼ને ખાતર જિંદગીના સર્વ એશ આરામોને ત્યજીને ગરીબી તથા તંગી પર સંતુષ્ઠ થઈ ગયા હતા. ક઼યામતના દિવસે જ્યારે હક઼ીક઼ત પરથી પર્દો ઉઠશે તો ખબર પડશે કે આ મિસ્કીન લોકો જેમને તમે તુચ્છ સમજતા હતા તેઓ માલિકે હક઼ીક઼ીની નજીક કેટલી ઈજ્જત તથા ક઼રામતના હક઼્ક઼દાર છે.

**૨૬૫.** તે લોકો પોતાની અઢળક દૌલત, સાઝો સામાન, જાહો જલાલને જોઈને દિલમાં એવું વિચારવા લાગે છે કે અમારા પર અલ્લાહની નઝરે ઈનાયત (કૃપા દૃષ્ટિ) છે, અમે જ તે લોકો છીએ જેમને તેણે પોતાના ફઝ્લો કરમના માટે ચૂંટી કાઢયા છે. એમને જણાવવામાં આવી રહ્યું છે કે **દૌલતની વિપુલતા, લોકપ્રિયતા તથા ભપકો એ ખુદા તઆલાની નિકટતાની દલીલ નથી ! રોજીની કમી તથા અધિક્તા એ ગુમરાહી તથા હિદાયતનું માપદંડ નથી ! તમારા દિલના ઊંડાણોમાં નજર નાખો, તમારા અમલોનું નિરીક્ષણ કરો તો તમને ધોળા દિવસની જેમ વાસ્તવિક્તા દેખાવા માંડશે.**

**૨૬૬.** દીનનો ઈતિહાસ લખનારા, તેનો પ્રારંભ તેનો વિકાસ તથા તેની પ્રગતિની દાસ્તાન લખનારા એ પ્રશ્નનો જવાબ શોધવામાં અરસાઓ સુધી ખોવાયેલા રહ્યા કે દીનની શરૂઆત કઈ રીતે થઈ. અને તેમના લાંબા કાળના સંશોધનનું પરિણામ એ હતું કે માણસ પ્રારંભિક મુશ્રિક હતો અને તૌહીદના અક઼ીદા સુધી તેની પહોંચ સેંકડો સદીઓ ઠોકરો ખાધા પછી થઈ. કુર્આન જણાવે છે કે એવું નથી ! બલ્કે **પ્રથમ માનવ (આદમ علیہ السلام) મુવહ્હિદ (એક અલ્લાહમાં માનનાર) હતો, શિર્ક સાથે તેને કોઈ સંબંધ ન હતો અને દિર્ઘકાળ સુધી તેની ઔલાદ તૌહીદના અક઼ીદા પર અડગતાથી રહી.** કુર્આને એ પ્રશ્નનો જવાબ જે સદીઓ પહેલાં આપ્યો હતો અને જેને સ્વીકારવાના માટે યૂરોપના સંશોધકો કાલ સુધી તૈયાર ન હતા તેને આજે મજબૂરન્ સ્વીકારી રહ્યા છે. જેમ કે પૂરાણી ચીજોના નિષ્ણાત, માનવતા તથા સામાજિક્તાના માહિરો સર ચાર્લ્સ મારસ્ટન, પ્રો. લંગ્ડન તથા પ્રો. શમડટનો એ જ ફૈંસલો છે કે માણસનો સૌ પ્રથમ દીન તૌહીદ હતો. *(તફસીરે માજિદી)*

**૨૬૭.** અહીં أُمَّةً واحدةً તથા فبعث الله ની વચ્ચે એક નાનો સરખો શબ્દ فاختلفوا મહઝૂફ છે જેના પર فيما اختلفوا فيهِ ના શબ્દો સ્પષ્ટપણે દલીલ પૂરી પાડે છે. હવે આયતનો મતલબ તદ્દન સ્પષ્ટ થઈ ગયો કે, **પ્રથમ લાંબા કાળ સુધી એક જ ઉમ્મત બની રહ્યા, બાદમાં જ્યારે માનવ વંશ વધ્યો તો લોકો પોતાના સ્વભાવ તથા તબીઅતોના વિવિધતાના કારણે આપસમાં ઝઘડવા લાગ્યા અને આદમની ઔલાદ વિવિધ ટોળીઓ તથા ગૃપોમાં વહેંચાઈ ગઈ.** ભટકેલાઓને હિદાયતના માર્ગે લાવવા માટે મતભેદની આગને બુઝાવવાના માટે અલ્લાહ તઆલાએ અંબિયાએ કિરામ મોકલ્યા અને તેમને આસ્માની કિતાબો અતા ફર્માવી. અંબિયાએ કિરામે પોતાનાં વઅઝો તથા નસીહતો થકી તેમને ઝઘડાબાજી તથા ગૃપીઝમમાંથી કાઢવાની કોશિશ કરી જેથી વિખેરાયેલા માનવોની આ ટુકડીઓ ફરી એક ક઼ૌમ બની જાય.

**૨૬૮.** આ શબ્દો વડે માનવ ઈતિહાસના એક ઘણા જ દુઃખદ બનાવનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે અને તે દુઃખદ ઘટના એ છે કે તે કિતાબ જે એકતા (ઈત્તેહાદ) પૈદા કરવા માટે નાઝિલ કરવામાં આવી હતી, તેને જાણવા તથા સમજવાવાળાઓએ એ કિતાબ થકી એને માનનારી ઉમ્મતના ટુકડા ટુકડા કરી નાખ્યા. તેમનો આપસમાં મતભેદ તથા ગૃપબંદી સારી નિય્યતને કારણે ન હતી બલ્કે ઈર્ષા તથા ઘમંડ અને નાફર્માનીની ભાવનાના કારણે હતી જેણે મિલ્લતની એકતાને તાર તાર કરી નાખી.

હદીષે પાક દર્સે

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ : ૬૨** હઝરત ઈબ્ને અબ્બાસ رضی الله عنهما થી રિવાયત છે. તે નબી صلی الله علیه وسلم થી રિવાયત કરે છે કે અલ્લાહ તઆલાએ આદમ علیه السلام ની પીઠથી નોઅમાન એટલે અરફાતમાં વાયદો લીધો[૧] એ રીતે કે તેમની પીઠથી સર્વ ઔલાદ કાઢી અને તેને હઝરત આદમ علیه السلام સમક્ષ કીડીઓની જેમ વિખેરી કાઢી[૨] પછી તેમની આમને સામને ગુફતગૂ ફર્માવી. ફર્માવ્યું, શું હું તમારો રબ નથી ? સર્વ બોલ્યા, હા ! અમે ગવાહ છીએ[૩]. કે ક્યાંક કયામતના દિવસે એવું ન કહી આપો કે અમે એનાથી અજાણ હતા. અથવા કહી દો કે શિર્ક તો કેવળ અમારા બાપદાદાઓએ કર્યું, અમે તો એમના બાદમાં પેદા થયેલા છીએ, તો શું તું અમને જૂઠોના જુર્મોને કારણે હલાક કરે છે ? *(અહમદ).*

### --:: સ....મ....જૂ....તી.... ::--

**૧.** નોઅમાન પહાડ મક્કા મોઅઝ્ઝમા અને તાઈફની વચ્ચેથી શરૂ થઈને અરફાત સુધી પહોંચે છે. આ પહાડ પર આ પ્રસંગ બન્યો જેથી એ હદીષ પણ દુરુસ્ત છે કે અરફાતમાં એ અહદ (વાયદો) લેવામાં આવ્યો અને એ પણ કે તાઈફ નજીક લેવામાં આવ્યો.

**૨.** જેથી આદમ علیه السلام સૌને જાણી લે ઓળખી લે અને આ વાયદો સાંભળી લે તથા જોઈ લે.

**૩.** રબ તથા બંદાઓની એ વાતચીત વાસ્તા વિના એ રીતે થઈ કે બંદાઓએ રબને જોયો જેમ કે قَالُوْا થી જાણવા મળ્યું. આ રબૂબિયતનો ઈકરાર સર્વ બંદાઓથી લેવામાં આવ્યો જેમાં અંબિયા, ઔલિયા, મો'મિનો, કાફિરો સૌ સામેલ હતા. હુઝૂર صلی الله علیه وسلم ની ઈત્તેબાઅ (પયરવી)નો અહદ કેવળ અંબિયાથી લેવામાં આવ્યો અને તબ્લીગનો કરાર ઉલમાએ બની ઈસ્રાઈલથી. આ ત્રણેવ અહદ કુર્આને હકીમમાં મૌજૂદ છે.

**૪.** એટલે કે તૌહીદથી તમને અહીં પણ ખબરદાર કરી દેવામાં આવ્યા, તમારા થકી એનો ઈકરાર લેવામાં આવ્યો. એની યાદ અપાવવાના માટે અંબિયા તથા કિતાબો મોકલવામાં આવશે, જેથી હવે કોઈ પણ મઅઝૂર (લાચારી કે બહાનુ કરનાર) ન થશે. એનાથી જાણવા મળ્યું કે તૌહીદનો અકીદો દરેક વ્યક્તિ માટે અનિવાર્ય છે. અને કાફિરોનાં નાનાં મૃત્યુ પામેલ બાળકો દોઝખી નથી.

**સઊદી યુવાને સંયમ ગુમાવી બાયબલ વિરોધી ફિલ્મ બનાવી !! :** ડેન્માર્કના સાંસદ વેલ્ડર્સે ઈસ્લામ વિરોધી જે ફિલ્મ **"Fitna"** બનાવી કુર્આની આયતોને સમય સંજોગો વિના ફીટ કરીને તેને ત્રાસવાદ ફેલાવનાર ગણાવવા પ્રયાસ કરેલો અને ફિલ્મને ઈન્ટરનેટ પર રજૂ કરેલી તેનાથી ઉશ્કેરાયને સઊદી યુવાન "રાઈદ સઈદે" **"Schism"**ના નામની છ મિનિટની ફિલ્મ રેડી કરી નેટ પર ચઢાવી. તેણે અસલ ઈન્જીલમાં વર્તમાનકાળની હેરફેરવાળી બાયબલની ઉગ્રવાદ માટે ઉશ્કેરતી તથા જંગ તથા ઝઘડાની પ્રેરણા આપતી આયતોને હાઈ લાઈટ કરવાની કોશિશ કરી છે. ફિલ્મમાં એવી આયતો રજૂ કર્યા બાદ દેખાડયું છે કે અમેરિકા તથા પશ્ચિમી સૈનિકો નિરાધાર ઈરાકીઓને ખૂબ જ બુરી રીતે મારપીટ કરી રહ્યા છે, માનસિક ત્રાસ આપી રહ્યા છે, ભવિષ્ય માટે તેમને શારીરિક તથા માનસિક તથા દિમાગી રીતે નકામા બનાવી રહ્યા છે..... ત્યાં સુધી કે ઈસાઈયતનો પ્રચાર કરનારી એક સ્ત્રી એક કુમળી વયના બાળકને ધર્મ માટે ખૂના મરકીનો પાઠ ભણાવી રહી છે... વગેરે. *(કન્ઝુલ ઈમાન–ઉર્દૂ મંથલી, જૂન–૨૦૦૮)*

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

## સંસ્કાર અને શિષ્ટાચાર હદીષોના પ્રકાશમાં

બીજી રિવાયતમાં છે કે, આપના નજીક લોકો હક્કમાં સમાન હતા. આપની મજલિસ ઈલ્મ અને હયા અને ધીરજ અને અમાનતની મેહફિલ બની રહેતી હતી. તેમાં ન તો કોઈ અવાજ ઊંચો કરતો અને ન કોઈની નિંદા કરવામાં આવતી હતી. તેમજ મોં જોઈને વાતચીત કરવામાં આવતી નહીં. આ શબ્દો પહેલી રિવાયતોમાં નથી. સહાબાએ કિરામ પણ આપની મુકદ્દસ મજલિસમાં તક્વાને ધ્યાનમાં રાખી એકબીજાથી મહોબ્બત કરતા અને આપસમાં નમ્રતાથી વર્તાવ કરતા હતા. તેઓ મોટાઓની ઈજ્જત કરતા અને નાનાઓ પર મહેરબાનીની નજર રાખતા, ગરીબોની જરૂરિયાત પૂરી કરતા અને મુસાફરોની હાલત પર દયા ખાયા કરતા હતા.

પછી તેમણે સાથીઓના વિશે રસૂલુલ્લાહ ﷺની મુકદ્દસ સીરત જાણવા ઈચ્છ્યુ ત્યારે તેમણે બતાવ્યું કે, રસૂલુલ્લાહ ﷺ ખુશમિજાઝ, દયાળુ સ્વભાવ અને નરમીથી વર્તાવ કરવાવાળા હતા. ખરાબ વર્તણૂંકવાળા અને સખ્ત મિજાઝના ન હતા અને બજારોમાં બુલંદ અવાજ ન કરતા અને કદાપી પણ નકામી વાતો મુબારક જબાન પર લાવતા ન હતા. ન કોઈના પર દોષ લગાવતા ન કોઈનાથી એવો મિજાઝ કરતા જે શિષ્ટાચારના મકામથી બેદરકાર કરી દે અથવા જેને તબિઅત પસંદ ન કરે. ક્યારેય નિરાશ નહોતા થતા. ત્રણ વસ્તુઓ આપના મુકદ્દસ જીવનમાં વાસ્તવમાં ન હતી : (૧) રિયાકારી (દેખાવ) (૨) બેકાર વાતચીત (૩) બિન લાભકારક કામ.

સરવરે કોનો મકાં ﷺ લોકોને ત્રણ વાતોથી બચવાની તાકીદ ફર્માવ્યા કરતા હતા : (૧) લોકોની બુરાઈ સાંભળવી અને નિંદા કરવી (૨) કોઈનુંય રહસ્ય ખુલ્લું કરવું (૩) એવી વાતચીત કરવાથી જેમાં સવાબ મળવાની આશા ન હોય.

જ્યારે આપ સત્ય બોલનાર જબાનથી કોઈક હુકમ કરતા ત્યારે મજલિસવાળા માથાંઓને એવી રીતે નમાવી દેતા જાણે કે, તેમનાં માથાંઓ પર પક્ષીઓ બેઠાં છે. જ્યારે આપ મૌન ધારણ કરતા ત્યારે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین આપસમાં વાતચીત કરી લેતા હતા, પરંતુ આપસમાં કોઈ વાત પર ઝઘડતા નહીં. કોઈ શખ્સ બારગાહે રિસાલતમાં અરજ કરતો હોય ત્યારે તેની વિનંતિ સંપૂર્ણ ધ્યાનપૂર્વક સાંભળવામાં આવતી હતી અને તેટલો સમય ચૂપ રહેતા હતા, ત્યાં સુધી કે તે પોતાની વાત પૂરી કરી લે.

વાતચીતની શરૂઆત રસૂલુલ્લાહ ﷺ કરતા હતા. આપ હસતા ત્યારે મજલિસવાળા પણ હસતા (એ યાદ રાખો કે પવિત્ર હદીષો પ્રમાણે રસૂલુલ્લાહ ﷺનું હસવું સ્મિત સુધી મર્યાદિત હતું.) આપ આશ્ચર્ય પ્રગટ કરતા ત્યારે તેઓ પણ આશ્ચર્ય પ્રગટ કરતા. અજાણ્યા શખ્સની સખ્ત વાણી પર સબર કરતા હતા. અને આમ હુકમ હતો કે, જ્યારે કોઈ જરૂરિયાતવાળો જુઓ તો તેની જરૂરિયાતને પૂરી કરવાના પ્રયત્ન કરો. ગુનાહની સજા કરવાવાળાના સિવાય કોઈની પણ પ્રશંસા કબૂલ કરતા નહીં અને ન કોઈની વાતને કાપતા. જો હદનું ઉલ્લંઘન કરતો તો તેને રોકી દેતા અથવા ત્યાંથી ઉઠી જતા. હઝરત સુફયાન બિન વકીઅ رضی اللہ عنہની રિવાયત અહીં પૂરી થઈ.

બીજા રાવીની રિવાયતમાં આ પણ છે કે, મેં જાણવા ઈચ્છયું કે, રસૂલુલ્લાહ ﷺની ખામોશીનો કેવો હાલ રહેતો હતો. ત્યારે જવાબ મળ્યો કે ખામોશીનાં ચાર કારણો હતાં : (૧) હિલમ (સહનશીલતા) (૨) સાવધાની (૩) અંદાઝો (૪) મનન. આપનો અંદાઝો એટલી હદ સુધી હતો કે દરેક પર નજર રહે અને દરેકની વાત પૂરા ધ્યાનથી સાંભળી શકે. આપનું મનન ચિંતન નાશ પામનાર અને બાકી રહેવાવાળી ચીજોની હકીકતથી મિત્રતાના કારણે હતું.

ફખ્રે દો આલમ ﷺની સહનશીલતા ધીરજથી ભરપૂર હતી. પ્રતિકૂળ સંજોગોમાં પણ આપ ગુસ્સે થતા ન હતા. આપના અંદાજામાં ચાર ખૂબીઓ એકત્ર થયેલી હતી : (૧) નેક વાતો ધારણ કરો જેથી લોકો તેને અનુસરે. (૨) બુરી વાતોથી દૂર રહેવું જેથી લોકો તેનાથી દૂર રહે. (૩) તે વસ્તુના પ્રયત્નો કરવા જેનો ઉમ્મતને ફાયદો થાય. (૪) તે ભલાઈઓ ધારણ કરો જે ઉમ્મતના માટે દુનિયા અને આખિરતમાં લાભકારક હોય, ખુદાએ ઝુલ્મેનનનો શુક્ર અને એહસાન છે કે આકાએ કૌનેન ﷺનાં આ ગુણો લખવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું.

## અહલે સુન્નત વ જમાઅતનું પ્રતીક ...એ...ટ...લે... "મસ્લકે આ'લા હઝરત"

રજૂકર્તા : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી (સદર : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

**વાદી 'રઝા' કી કોહે હિમાલા 'રઝા' કા હૈ જિસ સિમ્ત દેખિયે વો ઈલાકા 'રઝા' કા હૈ**
**અગલોંને તો લિખા હૈ બહોત ઈલ્મે દીન પર ઈસ સદી મેં જો કુછ હૈ વો તન્હા 'રઝા' કા હૈ**

પૈગંબરે ઈસ્લામ صلی اللہ علیہ وسلمની સાથે ઈશ્ક઼ તથા મહોબ્બત આપ صلی اللہ علیہ وسلمથી સંબંધિત તમામ ચીજોની અક઼ીદત તથા લગાવ એ કામિલ, સંપૂર્ણ ઈમાન તથા ઈસ્લામની રૂહ ગણાય છે, જ્યારે કે રસૂલે આ'ઝમ صلی اللہ علیہ وسلم પ્રત્યે નહીં જેવી નફરત, મેલ તથા આપ صلی اللہ علیہ وسلمની શાન ઘટાડવી ક્યારે પણ માફીને પાત્ર નહીં તેવો ગુનોહ છે, મુનાફિક઼ત (મુનાફિક઼પણા)નો માર્ગ છે જે દુનિયાવી જિંદગીમાં જ જહન્નમનો સામાન છે.

ઈસ્લામના પ્રારંભિક યુગથી જ ઈસ્લામી વેશમાં કેટલાક લોકો ઈસ્લામ વિરુધ્ધ પ્રોપેગંડાઓ તથા કાવતરાંઓમાં સંડોવાયેલા રહ્યા હતા. ઈસ્લામી સિદ્ધાંતો તથા માન્યતાઓને ઠેસ પહોંચાડવી તેમનો પ્રાથમિક હેતુ તથા મક઼સદ રહ્યો. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની અઝમત સાથે ચેંડાં પણ કરવામાં આવ્યાં અને ઈસ્લામના સામાજિક મૂલ્યોનું અપમાન પણ કરવામાં આવ્યું. એ અલગ વાત છે કે સચ્ચાઈના સૂરજનાં હક઼ીક઼તના ચાંદનાં અને હિદાયતના પ્રકાશનાં સોનેરી તથા અતિ પ્રકાશિત કિરણોએ દરેક યુગમાં કુફ્ર તથા બિદઅતોના અંધકારને ભેદીને અહલે વફા માટે હક઼ીક઼ત તથા સત્યતાના માર્ગોને હમેશાં ઉજાશમાં રાખ્યા. હક્ક઼ની તરફદારી અને હક્ક઼ાનિયતના પ્રદર્શન માટે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ઓલમાએ હક્ક઼ની મુક઼દ્દસ જમાઅતને પૈદા ફર્માવી જેમની જિંદગીનો હેતુ ઈસ્લામી અક઼ાઈદ તથા એહકામની સુરક્ષા તથા શરીઅતના સિદ્ધાંતો, સાચી માન્યતાઓનો પ્રચાર અને ઈશ્કે઼ રસૂલના પયગામને આમ કરવો જ રહ્યો. તેઓ જબાન તથા ક઼લમ દ્વારા બાતિલ ખયાલોનો રદ કરતા રહ્યા અને તેની હાનિકારક અસરોથી મુસલમાનોની રક્ષા કરતા રહ્યા. તેઓ ટીકા કરનારાઓની ટીકાથી બેપરવા થઈને અલ્લાહની રઝા ખાતર દિવસ રાત દીનની સેવામાં જ મગ્ન રહ્યા. દુનિયાથી તથા દુનિયાવાળાઓની નીડર તથા મુક્ત રહ્યા, તો અલ્લાહ તઆલાએ પોતાના ફઝ્લથી આવા નેક ગુણોના માલિક ઓલમા પ્રત્યે લોકોનાં દિલોમાં તેમની મહોબ્બતની જ્યોત પ્રગટાવી આપી. એટલું જ નહીં પરંતુ તેમનું નામ જ હક્ક઼ની પેહચાન તથા નિશાની બની જાય છે.

જો ચૌદમી સદી ઉપર એક દૃષ્ટિ નાખવામાં આવે તો ઓલમાએ રબ્બાનિય્યીનના મુક઼દ્દસ ગિરોહમાં આ'લા હઝરત અઝીમુલ બરકત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી رحمۃ اللہ علیہનું નામ વિશેષ સન્માન ધરાવે છે, જેમને અલ્લાહ તઆલાએ ખુસૂસી ફઝ્લો કમાલ, પરહેઝગારી, ગિર્યા વ ઝારી તથા ઈશ્કે઼ રિસાલતની અનમોલ નેઅમતથી સરફરાઝ ફર્માવ્યા અક્લમંદીનાં ગુણો, વિચારસરણીની ઉચ્ચતા, ઈલ્મ

તથા વિદ્યાની વિશાળતા જેવી ખૂબીઓ તથા વિશેષતાઓમાં આપના સમકાલિનોમાં કોઈપણ આપના બરાબર કે સમોવડીયો નજર નથી આવતો જે આખી જિંદગી કલમની અણી વડે ઈસ્લામી અકાઈદ, શરીઅતના અહકામ તથા તરીકતના સિદ્ધાંતોની સુરક્ષા ફર્માવતો રહ્યો હોય.

જ્યારે જ્યારે પણ ઈસ્લામ વિરોધી અકીદાઓ મુસલમાનોના માથે થોપવાની નાપાક કોશિશ કરવામાં આવી અથવા જ્યારે પણ ઈશ્કે રિસાલત તથા અઝમતે રિસાલત ﷺની સાથે છેડછાડ કરવામાં આવી તો આપે તેનો ભરપૂર સામનો કર્યો. જેમ કે (દેવબંદી મોલ્વી થકી) કહેવામાં આવ્યું કે :

★ શૈતાન તથા મલકુલ મૌતનો ઈલ્મ હુઝૂર ﷺના ઈલ્મથી વધારે છે. *(બરાહીને કાતેઆ)*

★ હુઝૂર ﷺનું ખાતિમુન્નબિય્યીન હોવું આખરી (અંતિમ) નબી હોવાના અર્થમાં હોવું એ અવામનો ખયાલ છે. *(તેહઝીરુન્નાસ)*

★ દરેક મખ્લૂક નાની હોય કે મોટી અલ્લાહની શાનના આગળ ચમાર (ભંગી)થી પણ વધારે ઝલીલ છે. *(તક્વિયતુલ ઈમાન)*

★ મેહફિલે મીલાદ કોઈપણ સંજોગોમાં નાજાઈઝ છે. *(ફતાવા રશીદિયા)*

★ ઈદૈન (ઈદુલ ફીત્ર તથા ઈદે અદ્હા)માં મુઆનિકો (એકબીજાથી ગળે મળવું) બિદઅત છે. *(ફતાવા રશીદિયા)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આવા ગુસ્તાખો, બદ્ઝબાનો તથા બિદ્દિમાગોનો ઉપચાર કર્યો અને આવા ગૈર ઈસ્લામી અકીદાઓ તથા માન્યતાઓનો પ્રચાર કરનારાઓ સાથે કલમી જેહાદ કર્યો. હક્કને હક્ક સાબિત કરવા માટે અને બાતિલને જૂઠુ પાડવા માટે એક હજારથી પણ વધુ કિતાબો લખીને એવી અનમોલ દીની ખિદમત અંજામ આપી છે કે જેનું દ્દષ્ટાંત સદીઓ સુધી જોવા નથી મળતું. આપની વિશેષ ખાસિયત એ રહી કે જે પણ ઈસ્લામી અકીદા તથા દીની મસાઈલની સાથે છેડછાડ કરવામાં આવતી તો આપ એ અકીદા તથા દીની મસ્અલાની સુરક્ષા માટે એક અલગ કિતાબ લખી આપતા અને બેશુમાર અકલી તથા નકલી પુરાવાઓ તથા દલીલોની સાથે હક્ક તથા સત્યતાને એવી સ્પષ્ટ ફર્માવી આપતા કે વિરોધીઓમાં દમ મારવાની પણ હિંમત બાકી ન રહેતી.

ખાસ આશ્ચર્યની વાત એ છે કે બાતિલ અકીદાઓ તથા ખોટી માન્યતાઓ ધરાવનાર ગૈર ઈસ્લામી અકીદાઓના આગેવાનો તથા કહેવાતા આલિમો અજનબી તથા નવા નવા નામની નહીં પરંતુ "અહલે સુન્નત વ જમાઅત"ના નામે જ પોતાનો પરિચય કરાવે છે, અને ઈસ્લામી વેશભૂષા, રંગ ઢંગ તથા નામની સમાનતાના આધારે સુન્ની મુસલમાનો સાથે હરી મળી જાય છે, અને ભોળાભાળા મુસલમાનોને ગુમરાહીના ખાડામાં ધકેલવાની નિરર્થક કોશિશ કરે છે. બાતિલ અકાઈદ તથા મસાઈલની તબ્લીગ અને પ્રચારમાં તનતોડ પ્રયાસો કરે છે. એટલા માટે જ તેમના ફેરબ તથા છેતરપિંડીના ધંધાનો પર્દો ઉઘાડવા માટે અને અહલે સુન્નત વ જમાઅતની સુરક્ષા માટે મસ્લકે અહલે સુન્નતને **"મસ્લકે આ'લા હઝરત"** કહેવામાં આવ્યો. અને હવે એ જ (મસ્લકે આ'લા હઝરત) અહલે સુન્નત વ જમાઅતનું પ્રતીક અને નિશાની (ઓળખ) બની ગઈ. જેમ કે મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન સાહબ મિસ્બાહી (સદર મુફતી અલ્ જામિઅતુલ્ અશ્રફિયા, મુબારકપુર) એક પ્રશ્નના જવાબમાં લખે છે કે :–

"લોકોની સાધારણ બોલચાલમાં મશહૂર હોવું એ દલીલ તથા પુરાવો છે કે, "આ'લા હઝરત"ના શબ્દથી આ યુગમાં અહલે સુન્નત વ જમાઅતનો સંકેત થાય છે. જેમ કે "હાતિમ"નો શબ્દ સખાવતથી, મૂસાનો શબ્દ મુહક્કિ (હક્ક જાહેર કરનાર), ફિરઓનનો શબ્દ મુબ્તિલ (બાતિલ કરનાર) તરીકે સાંકેતિક રૂપે ઉપયોગ કરવામાં

આવે છે. આ કારણે જ આ શબ્દ ''આ'લા હઝરત'' આજે અહલે સુન્નત વ જમાઅતની પેહચાન બની ચૂક્યો છે. કોઈપણ વ્યક્તિ જો અકીદતથી ''આ'લા હઝરત''નો શબ્દ બોલે છે તો સાંભળનાર વિના સંકોચે તેને ''સુન્ની'' યકીન કરી લે છે અને દરેક વ્યક્તિ જાણી લે છે કે આ ''અહલે સુન્નત વ જમાઅત''માં થી જ છે. અને શરીઅતની દષ્ટિએ આ ઉર્ફ (મશ્હૂર થવું) મક્બૂલ તથા સ્વીકૃત છે. હદીષ શરીફમાં છે કે :–

مارٰاہ المسلمون حسنًا فھو عند اللہ حسن۔

''જેને મુસલમાનો સારું જાણે તે અલ્લાહની નજીક પણ સારું હોય છે.'' *(મુસ્નદે અહમદ)*

મક્કા મોઅઝ્ઝમાના સૌથી બુઝુર્ગ આલિમ હઝરત અલ્લામા મૌલાના સૈયદ મગરબી رحمۃ اللہ علیہ (શૈખુલ હદીષ હરમ શરીફ, મક્કા શરીફ) ફર્માવે છે કે :–

**''જ્યારે પણ હિંદુસ્તાનથી કોઈ વ્યક્તિ આવે છે તો અમે તેને મૌલાના શૈખ અહમદ રઝા વિશે પૂછીએ છીએ, જો તે તેમની પ્રસંશા તથા તારીફ કરે તો અમે સમજી લઈએ છીએ કે આ ''અહલે સુન્નત જમાઅત''માંથી છે, અને જો તે તેમની બુરાઈ કરે તો સમજી જઈએ છીએ કે આ ''બદ્મઝહબ ગુમરાહ'' છે. અને આ જ અમારી કસોટી તથા માપદંડ છે.''**

હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ અલ્વી માલિકી رحمۃ اللہ علیہ (મક્કા મોઅઝ્ઝમાના કાઝીયુલ કુઝાત, ચીફ જસ્ટિશ) આ'લા હઝરતની શાનમાં ફર્માવે છે કે, ''અમે મૌલાના અહમદ રઝા ખાનને તેમની તસ્નીફો (લખેલી કિતાબો) તથા તાલીફો (સંપાદન કરેલી કિતાબો) દ્વારા ઓળખીએ છીએ. **તેમની સાથે મહોબ્બત સુન્નિયતની નિશાની છે અને તેમની સાથે કીનો તથા દુશ્મની બદ્મઝહબી તથા બિદઅતી હોવાની પહેચાન છે.**

આ તો અહલે સુન્નત વ જમાઅતની અઝીમ હસ્તીઓનાં કથનો છે પણ આ'લા હઝરતની ઈલ્મી મહાનતાનો તો પરાયાઓ પણ સ્વીકાર કરે છે. જેમ કે મોલ્વી મુહમ્મદ યૂસુફ શાહ બનૂરી દેવબંદીના પિતા મોલ્વી ઝકરિયા શાહ બનૂરી પેશાવરી આ'લા હઝરત વિશે લખે છે કે, **''જો અલ્લાહ તબારક વ તઆલા હિંદુસ્તાનમાં મૌલાના અહમદ રઝા ખાન બરેલ્વીને પૈદા ન કરત તો હિંદુસ્તાનમાંથી હનફીયત નાબૂદ થઈ ગઈ હોત.''** *(હવાલો : ઈમામ અહમદ રઝા કી ફિક્હી બસીરત)*

આ કથનને રજૂ કરવાનો મક્સદ એ નથી કે આનાથી મસ્લકે આ'લા હઝરત શબ્દનો જવાઝ (જાઈઝ હોવું) સાબિત કરવામાં આવે, પરંતુ આ કથનની રજૂઆતનો મક્સદ માત્ર એ જ છે કે સચ્ચાઈનો જ્યારે સરેઆમ અથવા છુપી રીતે બહિષ્કાર કરવામાં આવે તો અલ્લાહ તઆલા સચ્ચાઈને ગૈરો તથા પરાયાઓની ઝબાનથી ઉકેલાવી આપે છે. જુઓ ઉપરોક્ત કથનમાં દેવબંદીઓના પેશ્વાને પણ ખાસ સત્યતાને નકારી શકવાની હિંમત ન થઈ અને હક્રીક્તનો સ્વીકાર કર્યો છે કે મસ્લકે ઈમામે આ'ઝમ જેને બીજા શબ્દોમાં હનફીયત કહેવામાં આવે છે. તેની ઉપર હજારો એ'તેરાઝ કરવામાં આવ્યા પરંતુ કોઈ ફકીહ તથા મુફતીએ આ વાંધાઓનો મુંહ તોડ જવાબ ન આપ્યો જેના કારણે હનફી મસ્લક કમજોર તથા દમ તોડવા લાગ્યો, એવા સમયે આ મસ્લકને તાક્ત તથા સુરક્ષા આપી હોય તો તે આ'લા હઝરતની જ ઝાત છે. જેમણે હનફી મસ્લકને પુનઃશક્તિ પૂરી પાડી.

વહાબી મસ્લકના મૌલ્વી નિઝામુદ્દીન અહમદપૂરી (વહાબી) આ'લા હઝરત વિશે લખે છે કે, **''અલ્લામા શામી અને ફત્હુલક્દીર (કિતાબના) લેખક મૌલાના અહમદ રઝાના શાગિર્દ છે. આ તો બીજા ઈમામે આ'ઝમ**

જણાય છે !"

જેનો મર્તબો ઈલ્મી તથા ફિક્હી મેદાનમાં આટલો ઉચ્ચ હોય કે હરીફોને અનાયાસે પણ સ્વીકારવું પડે છે તો પછી તેની તરફ મસ્લકની નિસ્બત કેમ ન કરી શકાય ?!

ખુલાસો એ કે "આ'લા હઝરત"નો શબ્દ સુન્નિયતની પહેચાન છે, સુન્નિયતનું પ્રતીક છે. આ'લા હઝરતનો શબ્દ આમ ઉર્ફ (લોકોમાં પ્રસિદ્ધ નામ) અહલે સુન્નતનો સમાનાર્થી શબ્દ છે, એટલા માટે જ "મસ્લકે આ'લા હઝરત"નો અર્થ છે "મસ્લકે અહલે સુન્નત વ જમાઅત" જેના વડે સંબોધન વિના સંકોચે જાઈઝ છે. શક્ય છે કે કોઈના દિલમાં એ પ્રશ્ન ઉભો થાય કે જ્યારે તેનો અર્થ મસ્લકે અહલે સુન્નત વ જમાઅત જ છે તો પછી "આ'લા હઝરત"નો શબ્દ કહેવાનો શું ફાયદો ?! આ પ્રશ્નનો જવાબ કોઈ સદ્‌બુદ્ધિ ધરાવનાર વ્યક્તિથી છુપો નથી. આજે પરિસ્થિતિ એ થઈ ગઈ છે કે "સુન્ની" શબ્દ શીઆઓની તુલનામાં બોલવામાં આવે છે, જ્યાં પણ મુસલમાનોના બે ગૃપો વચ્ચે અથડામણના સમાચાર સાંભળવા મળે છે તો એમ જ કહેવામાં આવે છે કે શીઆ સુન્નીમાં અથડામણ થઈ ગઈ છે. જ્યારે કે લડાઈ થઈ હોય દેવબંદી શીઆમાં અથવા વહાબી તથા શીઆ વચ્ચે, તો પણ જાહેર એમ જ કહેવામાં આવે છે કે શીઆ સુન્ની વચ્ચે ઝઘડો થયો છે. તો આ કારણસર "સુન્ની" શબ્દ આજે વહાબીઓ, દેવબંદીઓ તથા નદવીઓ વગેરેથી અલગ કરવા માટે પર્યાય નથી રહ્યો, અને બિલ્કુલ આ જ સ્થિતિ આજે "અહલે સુન્નત વ જમાઅત"ના શબ્દની છે. વહાબી પોતાને વહાબી તથા દેવબંદી પોતાને દેવબંદી નથી કહેતો, તેઓ પણ પોતાને "અહલે સુન્નત વ જમાઅત" જ કહે છે. પોતાના આલિમોને હામીએ અહલે સુન્નત તથા ઈમામે અહલે સુન્નત જેવી ઉપાધીઓ તથા લક્બોથી પણ નવાઝે છે. એટલે હવે "અહલે સુન્નત"નો શબ્દ પણ અહલે સુન્નત તથા અહલે બિઅદત વહાબીઓ, દેવબંદીઓ.... વગેરેમાં ફર્ક કરવા માટે કાફી નથી. આપણા જે ભાઈઓ કોઈ અંગત વેર તથા આપસી વિખવાદના કારણે આ'લા હઝરતની શાન ઘટાડવામાં વ્યસ્ત છે તેઓ બે ઘડી ખાલી દિમાગ કરીને તથા ઠંડા દિલે વિચારે કે પોતાને બદ્‌મઝહબો તથા ગુમરાહોથી અલગ રાખવા માટે કયો મુખ્તસર (સંક્ષિપ્ત) શબ્દ યોગ્ય રહેશે ? તો યક઼ીનની સાથે તે અવશ્ય એ પરિણામે પહોંચશે કે, "મસ્લકે આ'લા હઝરત"ના શબ્દથી વધારે યોગ્ય શબ્દ કોઈ પણ નથી, કેમ કે સુન્નિયતનું ચિન્હ આ જ શબ્દ છે, અહલે સુન્નતનું પ્રતીક આ જ લફ્ઝ છે. બદ્‌મઝહબોને અલગ રાખવા એ આ જ શબ્દની વિશેષતા છે. બલ્કે હક઼ીક઼ત તો એ છે કે તમામ અહલે સુન્નત વ જમાઅત આ શબ્દ તથા પરિભાષા ઉપર એકમત છે.

અમુક વર્ષો પહેલાં આપસી વિખવાદના કારણે કેટલાક મહેરબાનોએ આ શબ્દ સામે પ્રશ્નાર્થ ચિન્હ રાખવાની કોશિશ કરી હતી, જે કોશિશ બેદલીલ તથા આધાર વિનાની હોવાના કારણે સુન્નીઓની એકમતિમાં રુકાવટ તથા અડચણ ન બની શકી. હદીષમાં છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું :– ماراٰه المسلمون حسنًا فهو عند الله حسن۔ "જે ને મુસલમાનો સારું (યોગ્ય) સમજે તે અલ્લાહની નજીક પણ સારું છે."

"અલ્ અશ્બાહ" કિતાબના છઠ્ઠા ક઼ાયદામાં છે, "જાણી લો કે ઉર્ફ (આમ બોલચાલમાં પ્રચલિત થવું) તથા આદતના એ'તેબારની ફિક઼્હના ઘણાયે મસ્અલાઓમાં જરૂર પડે છે, ત્યાં સુધી કે તેના (ઉર્ફ તથા આદત) પ્રમાણે જ તેઓ ફત્વો તથા મસ્અલો બતાવી આપે છે."

સહાબીએ રસૂલ صلى الله عليه وسلم હઝરત બર્રાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ صلى الله عليه وسلمએ ઈર્શાદ ફર્માવ્યું કે, "ક઼બરમાં બે ફરિશ્તા આવે છે અને તેને (મૈયતને) બેઠા કરીને આ સવાલ કરે છે, ؟ مــا دينك "તારો દીન કયો છે ?" તો તે

(મૈયત) કહે છે, دینی الاسلام "મારો દીન ઈસ્લામ છે." *(મિશ્કાત શરીફ)*

ઉપરોક્ત હદીષમાં એક નિશ્ચિત વ્યક્તિની તરફ "દીન"ની નિસ્બત કરવામાં આવી છે. (એટલે કે તારો દીન, તારો ધર્મ) જ્યારે કે ધર્મ તથા દીનની નિસ્બત એક નિશ્ચિત વ્યક્તિ તરફ કરી શકાય છે જેમ કે આ હદીષમાં છે, તો પછી મસ્લક શબ્દની નિસ્બત આ'લા હઝરત તરફ કરવામાં આવે અને "મસ્લકે આ'લા હઝરત" કહેવામાં આવે તો તેમાં શું બુરાઈ છે ? જ્યારે કે આ'લા હઝરતનો શબ્દ હક્ક઼ તથા સુન્નિયતની કસોટી બની ગયો છે, જેમ કે ઓલમાએ મક્કા ફર્માવે છે કે, "આ જ (શબ્દ) અમારા નજીક (હક્ક઼ તથા ગુમરાહોની પરખ માટે) કસોટી છે."

ફક઼ીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "જે લોકો સુન્ની હોવા છતાં 'મસ્લકે આ'લા હઝરત' કહેવા ઉપર એ'તેરાઝ તથા વાંધો ઉઠાવે છે તેઓ આ'લા હઝરત અઝીમુલ બરકત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી હસદમાં સપડાયેલા છે અને હસદ હરામ તથા ગુનાહે કબીરા છે. હદીષ શરીફમાં છે કે હસદ હસદ કરનારાની નેકીઓને એ રીતે ખાઈ જાય છે જે રીતે આગ લાકડીઓને સળગાવી નાખે છે." *(અબૂ દાઊદ શરીફ, ભાગ–ર, પેજ–૨૧૬)*

એ માનવું સદંતર ખોટુ છે કે "મસ્લકે અહલે સુન્નત" તથા "મસ્લકે હનફી" કહેવું કાફી છે, "મસ્લકે આ'લા હઝરત" કહેવાની કોઈ જરૂરત નથી. કેમ કે દેવબંદી તથા મૌદૂદી જમાઅતના લોકો પણ "મસ્લકે અહલે સુન્નત" તથા "મસ્લકે હનફી"ના દાવેદારો છે. તે માટે મસ્લકે આ'લા હઝરતનો શબ્દ મૌદૂદી મસ્લક તથા દેવબંદી મસ્લકથી ફર્ક કરવા માટે તથા અલગ રાખવા માટે બોલવામાં આવે છે. જો કોઈ પણ પોતાને "મસ્લકે અહલે સુન્નતે તથા "મસ્લકે હનફી"નો માનનાર બતાવે અને આમ ન કહે કે હું "મસ્લકે આ'લા હઝરત"નો પાબંદ છું તો સ્પષ્ટ નહીં થાય કે તે સુન્ની છે કે બદ્‌મઝહબ. આ કારણે મઝહબે હક્ક઼ અહલે સુન્નત વ જમાઅત સાથે સંબંધને જાહેર કરવા માટે આ જમાનામાં મસ્લકે આ'લા હઝરતની સાથે સંબંધ ધરાવે છે કે નહીં તે જણાવવું બેહદ જરૂરી થઈ ગયું છે. આના ઉપર વાંધા ઉઠાવનારાઓને અલ્લાહ તઆલા સાચી સમજ અતા ફર્માવે.

આ લખાણથી સ્પષ્ટ થઈ ગયું કે "મસ્લકે આ'લા હઝરત" મસ્લકે અહલે સુન્નત વ જમાઅતનો "સમાનાર્થી" છે. આ હક઼ીક઼તના સ્પષ્ટીકરણ હોવા છતાં કોઈ જીદ, ઘમંડ, નફ્સાનિયત તથા અભિમાન અથવા હસદના કારણે મસ્લકે આ'લા હઝરતની સદાક઼તનો ઈન્કાર કરે તો આ તેનું સીધા માર્ગેથી વિમુખ થવાની ખુલ્લી દલીલ છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત હક્ક઼ બોલવાની, હક્ક઼ સમજવાની તથા હક્ક઼ ઉપર અમલ કરવાની નેક તૌફીક઼ આપે. (આમીન)


## ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને ભૂલશો નહીં !

**ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** (તા. જિ. ભરૂચ) હેઠળ લગભગ **૨૩૦** ગરીબ આબાદીઓમાં મદરસા–મસ્જિદનું સંચાલન થાય છે. આ કાર્ય ખૂબ જ આર્થિક રીતે ભારરૂપ છે. એ ઉપરાંત અન્ય સહાયના કામો તેમજ ગરીબ વસ્તીમાં મસ્જિદ–મદરસાના બાંધકામ માટે તથા પાણીની તકલીફ હોય ત્યાં બોરીંગ કરવા માટેનાં કાર્યો હાથ ધરવામાં શક્ય તે કોશિશ અનુકૂળતા પ્રમાણે કરવામાં આવે છે. તો આપની લિલ્લાહ, ઝકાત, સદક઼ા, ખૈરાત, નઝરો ન્યાઝ, કુર્બાનીની ખાલોની રકમ તથા ઉશ્ર વગેરેથી આપની આ સંસ્થાને ભરપુર સહાય કરવા નમ્ર અપીલ કરીએ છીએ. અલ્લાહ તઆલા તેના હબીબે પાક ﷺના સદક઼ામાં સર્વ સહાયકોને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) *–લિ. (પ્રમુખ)પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*

## સહાબા અને સલ્ફે સાલેહીનની
# નમાઝ

રજૂકર્તા : **અબ્દુર્રઉફ યાકૂબ પટેલ-પાલેજ**
*(મુઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن હુઝૂર ﷺની બારગાહની નેઅમતો અને સોહબત પામેલ હતા. રસૂલ ﷺના આદર્શના રંગમાં પૂરેપૂરા રંગાઈ ગયેલ હતા. રસૂલે પાક ﷺની એક એક અદા તેમને એટલી પ્યારી અને મહબૂબ હતી કે તેની ઉપર અમલ નહીં પણ પ્રાણ અર્પણ કરવાની ભાવના રાખતા હતા. રસૂલુલ્લાહ ﷺ એ નમાઝની જે મહત્તા બતાવી તેના પર ખૂબ અમલ કરતા અને જેવી રીતે નમાઝનો તરીકો બતાવ્યો તેના પર સહાબાએ કિરામ અમલ કરવાની પૂરે પૂરી કોશિશ કરતા. ફર્ઝ પર તો મજબૂતીથી અડગ હતા પણ નવાફિલ પણ એવી રીતે પઢતા રહેતા હતા કે આજે એનું દૃષ્ટાંત લાવવું ઘણુ મુશ્કેલ છે. એક વખત હુઝૂર ﷺ એ પોતાના સહાબાએ કિરામની મહત્તા બયાન કરતાં ફર્માવ્યું : "મારા સહાબાને બુરા ન કહો કે તમારામાંથી એક આદમી અગર ઓહદ પહાડના બરાબર સોનું ખર્ચ કરી દે તો તે સહાબાએ કિરામમાંથી એકના સાઅ બરાબર પણ નથી થઈ શકતું, કદાચ અર્ધા સાઅ બરાબર પણ નહીં." *(બુખારી વ મુસ્લિમ શરીફ)*

### ★ ક્યાં સહાબી અને ક્યાં આપણે ?! ★

એક સાઅ આશરે એક કિલોનો થાય છે. આમાં સહાબાએ કિરામની મહત્તા બયાન કરવામાં આવી છે કે આ પાક લોકોની થોડી ઈબાદત પણ ઘણી છે. ફર્ઝ અને વાજિબ અને સુન્નતને અદા કર્યા બાદ તેમને નબીની સોહબતની મહત્તા પ્રાપ્ત છે જેથી તેમના બરાબર કોઈ આમ માણસનો કોઈ અમલ થઈ શકતો નથી. સહાબીઓના દિલમાં ઈબાદતના શોખની એવી આગ પ્રગટી રહી હતી કે ઈબાદત વગર તેમને ચેન મળતું ન હતું. હવે તે મુકદ્દસ હસ્તીઓના વાક્યા રજૂ કરવામાં આવે છે કે જેને વાંચીને મુસલમાનોમાં ઈબાદતનો સાચો જઝબો પૈદા થાય, ઓછામાં ઓછુ આપણે એટલું તો વિચારીએ કે તે મહત્તા પામેલાઓએ આટલી પુષ્કળ ઈબાદત અને નમાઝમાં મશ્ગુલિયત અપનાવી છે, તો આપણે પણ સમજવું જોઈએ કે વધારે નહીં તો ફર્ઝ, વાજિબ અને સુન્નતની પાબંદી તો કરીએ ! અને તેને છોડીને અઝાબના મુસ્તહિક ન થવું જોઈએ.

### ★ સિદ્દીકે અકબર رضی اللہ عنہની નમાઝ ★

અમીરુલ મો'મિનીન યારે ગારે રસૂલે ખુદા સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની ઈબાદતનો એ હાલ હતો કે આપ મોટા ભાગના દિવસોમાં રોઝા રાખતા અને આખી રાત નવાફિલમાં વિતાવતા હતા. નમાઝમાં ખુશૂઅ અને ખુઝૂઅનો એ હાલ હતો કે નમાઝની હાલતમાં રડતા રડતા તેમને હિચકી થવા લાગતી હતી, ત્યાં સુધી કે ક્યારેક નમાઝમાં એવી રીતે રડતા હતા કે કાફિરોના બાળકો અને સ્ત્રીઓ પર પણ એની અસર પડતી હતી.

હઝરત અબૂબક્ર رضی اللہ عنہ જ્યારે નમાઝનો સમય થતો તો કહેતા, ઉઠો ! અને જે આગ તમે સળગાવી છે તેને (નમાઝ પઢીને) ઓલવો.

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ખૂબ રફીકુલ્ કલ્બ (નમ્ર હૃદયી) હતા. જ્યારે હુઝૂર ﷺ બીમાર હતા ત્યારે રહમતે દો આલમ ﷺએ હઝરત આઈશા رضی اللہ عنہاને કહ્યું, અબૂબક્રને હુકમ આપો કે તે નમાઝ પઢાવે. હઝરત આઈશા رضی اللہ عنہاએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ ઉમરે ફારૂક رضی اللہ عنہને કહો, અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ રફીકુલ્ કલ્બ છે, નમાઝમાં ગિરયા વ ઝારીના કારણે નમાઝમાં કિરાઅત નહીં કરી શકે. ત્રણ વખત હુઝૂર ﷺએ સિદ્દીકે અકબરને માટે કહ્યું, દરેક વખતે હઝરત આઈશા رضی اللہ عنہا ઉમર ફારૂકે આ'ઝમનો મશ્વરો આપતાં રહ્યાં. અંતમાં

હુઝૂર ﷺએ કહ્યું, હઝરત અબૂબક્ર رضی اللہ عنہને નમાઝ પઢાવવાનો હુકમ આપો.

### ★ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની નમાઝ ★

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ શક્તિશાળી ખલીફા હોવા છતાં ઈબાદત અને પરહેઝગારીમાં ઘણો લગાવ રાખતા હતા. અલ્લાહ તઆલાનો ખૌફ તેમના દિલમાં એવો જામી ગયો હતો કે અલ્લાહની મખ્લૂક આપથી ડરતી હતી, પણ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અલ્લાહ તઆલાથી ડરતા હતા અને આખી આખી રાત આજીજીપૂર્વક નમાઝ પઢતા રહેતા અને નમાઝમાં અધિક્તર તે સૂરતો પઢતા જેમાં ખુદાની અઝમત, જલાલત અને કયામતની ચર્ચા હોતી, તેના અસરથી આપ ખૂબ રડતા અને આપને હિચકી શરૂ થઈ જતી.

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની નઝદીક નમાઝની એટલી મહત્તા હતી કે તેમણે પોતાના હાકિમોને લખાણ મોકલ્યું કે તમારાં સઘળાં કામોથી વધીને મારા નઝદીક નમાઝ છે. **જેણે નમાઝની હિફાઝત કરી અને પાબંદી સાથે નમાઝ અદા કરી તેણે પોતાના દીનને સુરક્ષિત કરી લીધો, અને જેણે નમાઝને છોડી તે બીજી ચીજોને પણ છોડતો રહેશે.**

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું છે કે **ફજરની નમાઝ જમાઅત સાથે પઢવી મને પૂરી રાત નફ્લ નમાઝ કરતાં વધુ પસંદ છે.** આપ એક વખત જમાઅત સાથે નમાઝ ન પઢી શક્યા તો આપે એક જમીનનો ટુકડો જેની કિંમત એક લાખ દિરહમ હતી તેને ખૈરાત કરી આપ્યો. અને એક વખત આપના સાહબઝાદા હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી જમાઅત છૂટી ગઈ તો તેમણે એક દિવસ રોઝો રાખ્યો અને પૂરી રાત નમાઝ પઢી અને એક ગુલામ આઝાદ કર્યો.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને જ્યારે શહાદતનો ઘા થયો તો આપ મૃત્યુ શૈયા પર હતા. કોઈએ નમાઝના માટે ઈશારો કર્યો તો આપ એ જ સમયે ઉઠી ગયા અને કહ્યું, હે અલ્લાહ ! નમાઝ તો જરૂરી છે, જેણે નમાઝ છોડી તેનો ઈસ્લામમાં કોઈ હક્ક નથી. અને આપે નમાઝ પઢી એવી હાલતમાં કે ઘા થયો હતો, ત્યાંથી લોહી વહી રહ્યું હતું.

હઝરત અબ્બાસ رضی اللہ عنہ કહે છે કે હું હઝરત ઉમર رضی اللہ عنہનો પડોશી હતો, મેં હઝરત ઉમર رضی اللہ عنہ જેવા બીજા કોઈને જોયા નથી. તેમની રાત નમાઝ પઢવામાં પસાર થતી અને દિવસ રોઝા રાખી અને લોકોની જરૂરતો પૂરી કરવામાં પસાર થતો.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે મેં મારા વાલિદ હઝરત ઉમર رضی اللہ عنہના પાછળ નમાઝ પઢી તો મેં ત્રીજી સફની પાછળ પણ તેમના રડવાનો અવાજ સાંભળ્યો.

### ★ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની નમાઝ ★

હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ કુર્આનની કિરઅતનો ખૂબ એહતેમામ કરતા હતા ત્યાં સુધી કે નમાઝમાં લાંબી લાંબી સૂરતો તિલાવત કરતા હતા. ખિલાફતની જિમ્મેદારી હોવા છતાં ઈબાદતમાં કંઈ ફર્ક ન આવવા દીધો. ક્યારેક એક જ રકાતમાં પૂરું કુર્આન ખતમ કરતા. આખી રાત ઈબાદતમાં પસાર કરતા. આપના દાદી જહિમા બયાન કરે છે કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ રાતનો થોડો ભાગ છોડી પૂરી રાત ઈબાદતમાં પસાર કરતા.

**ઈર્શાદે ઉષ્માની** : નમાઝની પાબંદી કરવાવાળાઓ સાથે અલ્લાહ તઆલા મહોબ્બત કરે છે, અલ્લાહ તઆલાના ફરિશ્તા તેમની હિફાઝત કરે છે, તેમના ઘરમાં બરકતનો નુઝૂલ થાય છે, તેમનું દિલ નરમ થઈ જાય છે, તે લોકોના માલની લાલચ નથી કરતા તેમનાથી લોકો મહોબ્બત કરે છે. *(કન્ઝુલ ઈમાન, જુલાઈ–૨૦૦૭)*

### ★ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمની નમાઝ ★

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને એક તીર પગમાં પ્રવેશી ગયું હતું જે કાઢવામાં ખૂબ જ તકલીફ થતી

હતી. આપે કહ્યું કે જ્યારે હું નમાઝમાં મશગૂલ થઈ જાઉં ત્યારે એને ખેંચી લેજો. તો જ્યારે આપ નમાઝમાં વ્યસ્ત થયા ત્યારે એ તીર લોકોએ ખેંચી લીધું અને આપને ખબર સુદ્ધાં ન પડી ! આ હતો નમાઝમાં આપનો ખુશૂઅ તથા ખુઝૂઅ અને આવી હતી તલ્લીનતા ! અને આ હતી નમાઝથી મહોબ્બત કે પગમાં તીર ઘુસેલું હતું છતાં નમાઝ ન ત્યજી. *(બહારે ઈસ્લામ)*

### ★ પેટનું દર્દ અને નમાઝ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એકવાર પેટને જમીનથી લગાડી સૂતા હતા. હુઝૂરે અક્દસ ﷺએ પૂછયું, શું પેટમાં દર્દ છે ? અર્ઝ કરી, જી હા ! ફર્માવ્યું, ઉઠ ! નમાઝ પઢ ! કે નમાઝમાં શિફા છે. *(ઈબ્ને કષીર)* (વિના મજબૂરીએ ઊંધા સૂવું મના છે.)

બેશક ! નમાઝમાં જેવી રીતે ગુનાહોથી શિફા છે એવી જ રીતે બીમારીઓથી પણ શિફા છે, કેમ કે તેની દરેક રકાતમાં સૂરએ ફાતિહા પઢવામાં આવે છે, એના સંબંધે ખૂદ હુઝૂર ﷺએ ફર્માવ્યું, "સૂરએ ફાતિહામાં દરેક બીમારીથી શિફા છે." *(દારમી, રાવી હઝરત અબ્દુલમલિક ઈબ્ને ઉમૈર رضی اللہ عنہ)*

### ★ આંખ ભલે જાય પણ નમાઝ ન જાય ! ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે મારી બીનાઈ (જોવાની શક્તિ) જતી રહી ત્યારે ડોળો સલામત હતો જેથી તબીબોએ મને કહ્યું કે થોડા દિવસ માટે આપ નમાઝ છોડી આપો તો અમે તમારો ઈલાજ કરીશું. આપે કહ્યું, નહીં ! કેમ કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે કે જેણે નમાઝ છોડી દીધી તે અલ્લાહ તઆલાને એ હાલતમાં મળશે કે તે એના પર ગઝબનાક હશે. *(બઝ્ઝાર)*

### ★ આ છે નમાઝથી મહોબ્બત ! ★

હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہએ બાગમાં નમાઝ પઢી જેમાં ગીચ ઝાડો હતાં. એક પક્ષી ઉડીને બહાર નીકળવાનો માર્ગ શોધવા લાગ્યું તો આપની નજર પણ થોડીકવાર એના પર પડી અને યાદ ન રહ્યું કે કેટલી રકાત પઢી. જેથી તેમણે હુઝૂર ﷺની બારગાહમાં આ વિશે વાત કરી અને તે ગીચ ઝાડોવાળો લીલોછમ બાગ જેના કારણે નમાઝમાં ભૂલ થઈ તેના વિશે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ બાગ સદકો છે, આપ જ્યાં ચાહો ખર્ચ કરો. *(કશ્ફુલ ગમ્મહ, કીમીયાએ સઆદત)*

### ★ ત્રણ દિવસના ભૂખા પ્યાસા હુસૈન તથા સાથીઓએ નમાઝ છોડી હતી ?! ★

તમને ખબર છે ? ઈમામ હુસૈન رضی اللہ عنہ અને એમની સાથે જેટલા પણ કરબલાના મેદાનમાં હતા સૌ જાલિમોના જુલ્મમાં સપડાયેલાં અરબસ્તાનની ગરમી અને પાણી બંધ, ખાવા માટે કાંઈ નહીં, ભૂખ્યા અને તરસ્યા ! પણ ન તેમણે કોઈ નમાઝ કઝા થવા દીધી કે ન એમની સાથે મર્દ કે ઔરતોએ કોઈ નમાઝ છોડી ! અને એવા સંકટના સમયે પણ તસ્બીહો પઢવાની ચાલુ રાખી અને ઈમામ હુસૈન દુનિયાથી જતાં જતાં પણ પોતાનું માથુ સજદામાં રાખી શહીદ થયા કે, કરબલાની માટી ! તું મારા માટે ગવાહ રહેજે કે હુસૈને અંતિમ સમયે પણ નમાઝ કઝા નથી થવા દીધી, અને પોતાની અઝીઝ જાન પણ અલ્લાહના રસ્તામાં સજદાની હાલતમાં આપી. અને આપણે એમના નામનું ખાઈ પીને તર થઈ, મસ્ત થઈ ફરવું, ગાફિલ થઈ સૂવું, અને બહાર નીકળી મહોબ્બતની બૂમો પાડવી ! એ કેટલી હદે સાચુ છે ? એ તમે પોતે ઠંડા દિલે વિચારો ! અલ્લાહ તઆલા સાચી સમજ અતા ફર્માવે.

આ છે આપણા સહાબાની બુઝુર્ગોની નમાઝથી મહોબ્બત ! આજે સહેજ શરીરમાં તકલીફ થઈ કે નમાઝ ગુલ ! અરે ! હટ્ટા કટ્ટા મજાથી ગમ્મતની મેહફિલો માણી રહ્યા છે અને નમાઝની કદર નથી કરતા ! દુનિયાના મામૂલી માલ ખાતર એક પછી એક નમાઝો ધડાધડ ત્યજી રહ્યા છે અને દિલ જરાય બેચેન નથી થતું ! શું આ મુસલમાની છે ? રબ તઆલા સૌને બુઝુર્ગોના માર્ગે ચાલી નમાઝના પાબંદ બનાવે. આમીન

# અલ્લાહ માટે દોસ્તી અને અલ્લાહ માટે દુશ્મનીના બાબતમાં હદીસોની રોશનીમાં

*વર્તમાનકાળમાં દોસ્તી મોટા ભાગે કેવળ દુનિયાવી લાભ તથા અંગત સ્વાર્થ માટે થતી હોય છે. સ્વાર્થવૃત્તિ દરેક જગાએ ઘૂસી ગઈ છે, દીની વ્યક્તિઓ તથા હસ્તીઓથી પણ ઘણા ખરા ભાગે અંગત દુનિયાવી મક્સદ માટે દોસ્તી થતી હોય છે ! એવા સંજોગોમાં ઈસ્લામની દોસ્તી તથા દુશ્મની સંબંધે શું તા'લીમ છે તેને દર્શાવતો આ લેખ જેમાં ૪૦ હદીસો તથા તેના પર સમીક્ષા* **ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી** *સાહબે રજૂ કરી છે જેનો અભ્યાસ કરી એના પર અમલ કરવામાં આવે તો બંને જહાનની ભલાઈઓ આપણા કદમો ચૂમશે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**(૧)** હઝરત અબૂઝર رضی الله عنهથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "અમલોમાં અતિ ઉત્તમ અલ્લાહ માટે મહોબ્બત રાખવી અને અલ્લાહ માટે ક્રોધ કરવો છે." *(અબૂ દાવૂદ શરીફ, હદીષ : ૪૫૭૫)*

**(૨)** હઝરત મુઆઝ رضی الله عنهથી રિવાયત છે નબી ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ માટે મહોબ્બત રાખનારાઓ અર્શના છાંયડામાં હશે." *(તબ્રાની શરીફ, કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૨૪૬૩૯)*

**(૩)** હઝરત અબૂ ઐયૂબ رضی الله عنهથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ તઆલા માટે મહોબ્બત રાખનારાઓ યાકૂતની ખુરસી પર હશે અર્શ પાસે." *(તબ્રાની શરીફ, કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૨૪૬૪૦)*

**(૪)** હઝરત અનસ رضی الله عنهથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ માટે પરસ્પર મહોબ્બત રાખનારાઓમાં વધારે ફઝીલતવાળો એ છે જે બીજાથી અધિક મહોબ્બત રાખે છે." *(બુખારી અદબે મુફરદમાં, હદીષ : ૫૪૪)*

**(૫)** હઝરત અબૂ ઉબૈદા અને મુઆઝથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ માટે પરસ્પર મહોબ્બત કરનાર બે વ્યક્તિ માટે અલ્લાહ તઆલા ખુરસી રાખશે એના પર એમને બેસાડશે, એટલે સુધી કે અલ્લાહ હિસાબ પૂરો કરી આપે." *(તબ્રાની શરીફ, કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૨૪૬૪૯)*

**(૬)** હઝરત અબૂ હુરૈરહ رضی الله عنهથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ તઆલા કિયામતના દિવસે ફર્માવશે મારા જલાલને લઈને પરસ્પર મહોબ્બત કરનારાઓ ક્યાં છે ? આજે હું એમને મારા (અર્શના) છાંયડામાં રાખીશ આજે મારા (અર્શના) છાંયડા સિવાય કોઈ છાંયડો નથી." *(મુસ્લિમ શરીફ, કિતાબુલ બિર્ર, હદીષ : ૨૫૬૬)*

**(૭)** હઝરત મુઆઝ رضی الله عنهથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ તઆલાનું ફર્માન છે : મારા જલાલથી પરસ્પર મહોબ્બત કરનારાઓ માટે નૂરના મિમ્બરો છે. નબીઓ અને શહીદો પણ ખુશી પ્રગટ કરશે." *(તિર્મિઝી કિતાબુઝ્ઝુહ, હદીષ : ૨૩૯૦)*

**(૮)** હઝરત અબૂ હુરૈરહ رضی الله عنهથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જેને ઈમાનની મીઠાશ લેવી પસંદ હોય તો એ માણસથી અલ્લાહ માટે જ મહોબ્બત કરે." *(હાકિમે મુસ્તદરકમાં, ભાગ–૪, પેજ–૧૬૮)*

**(૯)** હઝરત અબૂ ઉમામા رضی الله عنهથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જેણે અલ્લાહ માટે મહોબ્બત કરી, અલ્લાહ માટે દુશ્મની કરી, અલ્લાહ માટે આપ્યું, અલ્લાહ માટે રોકી લીધું, એણે ઈમાન સંપૂર્ણ કરી લીધું." *(અબૂ દાવૂદ શરીફ કિતાબુસ્સુન્નહ, હદીષ : ૪૬૫૫)*

**(૧૦)** હઝરત અનસ رضی الله عنهથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ માટે મહોબ્બત ફરીઝો છે અને અલ્લાહ માટે દુશ્મની ફરીઝો

અઝ : **હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી** (હાલ : પ્રેસ્ટ, યુ.કે.)

છે." (દૈલમી કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૨૪૬૮૮)

**(૧૧)** હઝરત મુઆઝ رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ માટે પરસ્પર મહોબ્બત કરનારાઓ અલ્લાહ તઆલાના અર્શના છાંયડામાં છે, એ દિવસે માત્ર એનો જ છાંયડો હશે. લોકોને ગભરામણ હશે પણ એમને નહીં હોય, લોકોને બીક લાગશે એમને નહીં." (તબ્રાની શરીફ, કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૨૪૬૯૧)

**(૧૨)** હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "ક઼િયામતના દિવસે પ્રથમ જેઓ હૌઝે કૌષર પર આવશે તે અલ્લાહ તઆલા માટે મહોબ્બત કરનારાઓ છે." (દૈલમી, કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૨૪૭૧૫)

**(૧૩)** હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "અલગ રહેવા છતાં અલ્લાહ તઆલા માટે મહોબ્બત કરનાર બે વ્યક્તિઓમાં અલ્લાહ તઆલાને વધારે પ્રિય એમાંથી પોતાના મિત્રથી અધિક મહોબ્બત રાખનાર છે." (તબ્રાની શરીફ, કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૨૪૭૧૮)

**(૧૪)** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જેણે અલ્લાહ માટે પોતાના ભાઈથી મહોબ્બત રાખી અને કહી આપ્યું, હું તારાથી અલ્લાહ માટે મહોબ્બત કરું છું એ અલ્લાહનો પ્રિય છે, એ બંને જન્નતમાં જશે. જે અલ્લાહ માટે મહોબ્બત કરતો હતો એનો દરજો એનાથી બુલંદ હશે જેનાથી એણે મહોબ્બત કરી." (બુખારી, અદબુલ મુફરદમાં, હદીષ : ૫૪૬)

**(૧૫)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અર્શની જમણી બાજુ ક઼િયામતના દિવસે અલ્લાહ પાસે બેસનારાઓ છે (અલ્લાહ માટે બધુ જમણુ છે) નૂરના મિમ્બરો પર એમના ચહેરા નૂર હશે, તેઓ નબી, સિદ્દીક઼ અને શહીદ નથી. અલ્લાહ جل جلالہના જલાલથી પરસ્પર મહોબ્બત કરનારાઓ છે." (તબ્રાની શરીફ, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૦૫)

**(૧૬)** હઝરત અબૂ સઈદ ખુદરીથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "પરસ્પર મહોબ્બત રાખનારાઓના મહેલો જન્નતમાં પૂર્વ અને પશ્ચિમના પ્રકાશિત તારા માફક જોવામાં આવશે. પૂછવામાં આવશે, આ કોણ લોકો છે ? કહેવામાં આવશે આ અલ્લાહ માટે પરસ્પર મહોબ્બત રાખનારાઓ છે." (મુસ્નદે ઈમામ અહમદ, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૦૬)

**(૧૭)** હઝરત અબ્દુલ્લાહ બિન સામિત رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહનું ફર્માન છે : મારા માટે પરસ્પર મહોબ્બત કરનારાઓ માટે મારી મહોબ્બત સાબિત છે, મારા માટે એકબીજા સાથે બેસનારાઓ માટે મારી મહોબ્બત સાબિત છે, અને મારા માટે એકબીજાથી મુલાકાત કરનારાઓ માટે મારી મહોબ્બત સાબિત છે." (તબ્રાની, કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૨૪૭૧૧)

**(૧૮)** હઝરત મુઆઝથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહના અમુક બંદાઓ છે જેઓ નથી નબી અને નથી શહીદ, છતાં ક઼િયામતના દિવસે એમના માટે નૂરના મિમ્બરો રાખવામાં આવશે, જેમના ચહેરા પર નૂર હશે, ક઼િયામતના દિવસે એમને મોટી ગભરામણથી બચાવી લેવામાં આવશે. તેઓ અજાણ લોકો છે જેઓ પરસ્પર અલ્લાહ માટે મહોબ્બત રાખે છે." (તબ્રાની, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૦૯)

**(૧૯)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! જન્નતમાં સોનાના થાંભલા છે એના પર ઝબરજદના શહેરો છે, જન્નતવાળાઓ માટે ચમકશે જેમ આકાશમાં તારા ચમકે. અલ્લાહ عزوجل માટે પરસ્પર મહબ્બત કરનારાઓ માટે છે." (અબૂશૈખ, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૦૮)

**(૨૦)** હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ માટે પરસ્પર મહોબ્બત રાખનારાઓ માટે લાલ યાકૂતના થાંભલાઓ છે. થાંભલા પર સિત્તેર હજાર મહેલો છે. જ્યારે તેઓ જન્નતવાળાઓને જોશે તો

એમનું નૂર જન્નતવાળાઓને પ્રકાશિત કરશે જેમ સૂર્ય દુનિયાવાળાઓને પ્રકાશિત કરે છે. જન્નતવાળાઓ કહેશે, ચાલો ! આપણે અલ્લાહ માટે મહોબ્બત રાખનારાઓને જોઈએ ! એમના પર લીલા રેશમી કપડાં હશે, એમના કપાળ પર લખવામાં આવ્યું હશે, આ અલ્લાહ માટે મહોબ્બત રાખનારાઓ છે. *(ઈબ્ને અસાકિર, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૦૭)*

**(૨૧)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું, "અલ્લાહ તઆલા માટે સંબંધ રાખવો અને અલ્લાહ માટે સંબંધ તોડવો, અલ્લાહ માટે મહોબ્બત રાખવી અને અલ્લાહ માટે દુશ્મની કરવી ઈમાનની સશક્ત ગાંઠ છે." *(તબ્રાની, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૬૫૭)*

**(૨૨)** હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું, "અલ્લાહ તઆલાએ કોઈ નબીને વહી મોકલી કે ફલાણા ઈબાદતગુજારને કહી આપો કે તારો ઝુહદ દુનિયામાં તો તેં પોતાની રાહતમાં જલ્દી કરી અને તારું કપાયને મારી તરફ આવવું, તો મેં તને ઈજ્જત આપી. તેં એના માટે અમલ કર્યો જે તારા માટે મારી પાસે છે. કહ્યું, અય રબ ! એ શું છે ?! ફર્માવ્યું, તેં મારા માટે કોઈનાથી દુશ્મની કરી અથવા મારા માટે કોઈને દોસ્ત બનાવ્યો." *(અબૂ નુએમ હિલ્યામાં, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૬૫૨)*

**(૨૩)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "જો બે બંદા પરસ્પર અલ્લાહ માટે મહોબ્બત રાખે એમાંનો એક પૂર્વમાં અને બીજો પશ્ચિમમાં હોય, અલ્લાહ તઆલ ક્યામતના દિવસે એમને ભેગા કરી આપશે. ફર્માવશે, આ તે છે જેનાથી તું મારા માટે મહોબ્બત રાખતો હતો." *(બયહકી શુઅબુલ ઈમાન, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૬૪૬)*

**(૨૪)** હઝરત અબૂ કરસાફા رضی اللہ عنہ થી રિવાયત રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું, "જે જેમનાથી મહોબ્બત રાખશે અલ્લાહ તઆલા એમની જમાઅતમાં એનો હશ્ર કરશે." *(તબ્રાની શરીફ, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૬૭૮)*

**(૨૫)** હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું, " માણસ એની સાથે છે જેને પ્રિય રાખે." *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૬૮૪)*

**(૨૬)** હઝરત અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું, "શું હું તમને તમારા જન્નતી માણસો બતાવું ! નબી જન્નતમાં છે, સિદ્દીક જન્નતમાં છે, શહીદ જન્નતમાં છે, બાળક જન્નતમાં છે અને એક એ વ્યક્તિ જે શહેરના કોઈ ખૂણામાં પોતાના ભાઈથી (મુસ્લિમ ભાઈ) મુલાકાત કરે અને એ મુલાકાત અલ્લાહ માટે જ હોય." *(ઈબ્ને નજ્જાર, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૨૦)*

**(૨૭)** હઝરત જાબિરથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "જે જેમની સાથે એમના અમલોને લઈને મહોબ્બત રાખે તો ક્યામતના દિવસે એમની જમાઅતમાં એનો હશ્ર થશે અને એમના જેવો હિસાબ કરવામાં આવશે, ભલે એમના જેવા અમલો ન કર્યા હોય." *(ખતબી તારીખમાં, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૩૦)*

**(૨૮)** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું, "જે મુસલમાન લોકો સાથે મળે અને એમની તકલીફો પર સબ્ર કરે તો એ મુસ્લિમથી ઉત્તમ છે જે લોકોથી ન મળે અને એમની તકલીફો પર સબ્ર ન કરે." *(તિર્મિઝી કિતાબ સિફતુલ કિયામહ્, હદીષ : ૨૫૦૭)*

**(૨૯)** હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું, જેણે કોઈ કૌમની સંખ્યામાં વધારો કર્યો એ એમાંનો છે. અને જે કોઈ કૌમના અમલથી ખુશ થયો એ એમના અમલમાં શરીક છે. *(દૈલમી, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૩૫)*

**(૩૦)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું, "જ્યારે તમને પોતાના ભાઈમાં ત્રણ ગુણો જોવા મળે તો એને ઉત્તમતા આપો : શરમ, અમાનત, સચ્ચાઈ. અને જ્યારે એ જોવા ન મળે ઉત્તમતા ન આપો."

*(ઈબ્ને અદી કામિલમાં, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૫૫)*

**(૩૧)** હઝરત હસન رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "દોસ્તોમાં ઉત્તમ દોસ્ત એ છે કે જ્યારે તમે અલ્લાહને યાદ કરો તો એ તમારી મદદ કરે અને જ્યારે તમે ભૂલો તો તમને યાદ અપાવે." *(ઈબ્ને અબી દુનિયા, કિતાબુલ ઈખ્વાનમાં, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૬૩)*

**(૩૨)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "તમારી બેઠકના લોકોમાં ઉત્તમ એ છે જેનો દીદાર તમને અલ્લાહની યાદ અપાવે, જેની વાત તમારા અમલમાં વધારો કરે અને જેનો અમલ તમને આખેરતની યાદ અપાવે." *(અબ્દુ બિન હુમૈદ, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૬૪)*

**(૩૩)** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, **"ઈમાનવાળા સાથે જ મહોબ્બત રાખ ! અને તારું ખાણુ પરહેઝગાર જ ખાય."** *(અબૂ દાવૂદ, કિતાબુલ અદબ, હદીષ : ૪૮૧૧)*

**(૩૪)** હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "કોઈ પણ એવાથી દોસ્તી ન રાખ જે તારા માટે એ ફઝીલત ન જોઈ શકે જે તું એના માટે જોઈ રહ્યો છે. *(અબૂ નુઐમ હિલ્યામાં, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૮૫)*

**(૩૫)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, **"માણસ પોતાના દોસ્તના તરીકા પર હોય છે તો તમારામાંથી દરેકે ધ્યાન કરવું જોઈએ કે એ કોનો દોસ્ત બની રહ્યો છે."** *(અબૂ દાવૂદ, તિર્મિઝી, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૭૭)*

**(૩૬)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જ્યારે કોઈ વ્યક્તિ કોઈ માણસના અમલથી અને તેના તોર તરીકાથી ખુશ થાય તો એ એના જેવો છે." *(ઈબ્ને નજ્જાર, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૩૪)*

**(૩૭)** હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "નેક દોસ્તનો દાખલો અત્તર વેચનાર માફક છે, એ જો એના અત્તરમાંથી તમને કશું ન આપે તો પણ એની સુગંધ તો મળશે. અને ખરાબ દોસ્તનો દાખલો લુહાર જેવો કે છે જો એ તમારું કપડું ન સળગાવે તો પણ એની ગંધ તો તમને મળશે જ." *(ઈબ્ને હબ્બાન, રૌઝતુલ ઉકલામાં, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૩૬)*

**(૩૮)** હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જન્નતી ઊંટડીઓ પર એકબીજાની ઝિયારત કરશે જેના પર ગાદલા હશે. ઈલ્લીય્યીનવાળા જે એમનાથી નીચે છે તેઓ એમને જોશે. અને નીચેવાળા ઈલ્લીય્યીનવાળાની ઝિયારત નહીં કરે. પરંતુ અલ્લાહ માટે એકબીજાથી મહોબ્બત કરનારાઓ જન્નતમાં જ્યાં ઈચ્છશે એકબીજાની ઝિયારત કરશે." *(તબ્રાની, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૨૩)*

**(૩૯)** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જ્યારે તમે કોઈને ભાઈ બનાવો તો એનું નામ અને એના પિતાનું નામ પૂછી લો, એ હાજર ન હોય તો એનું રક્ષણ કરો (ગીબત ન કરો), બીમાર થાય તો એની ખબર લો, અને મરી જાય તો એના માટે હાજરી આપો." *(બયહકી શુઅબુલ ઈમાન, કન્ઝુલ ઉમ્માલ, ૨૪૭૪૪)*

**(૪૦)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "રહી રહીને મુલાકાત કરો એનાથી મહોબ્બતમાં વધારો થાય છે."

## મિત્રતા પર ચાલીસ હદીષોનો ફાયદો

માણસે દરેક કામ અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરવા માટે કરવું જોઈએ એમાં આપણા ફાયદા તરફ નજર પણ ન કરવી જોઈએ.

**સોદાગરી નહીં ઈબાદત ખુદા કી હય**
**અય ગાફિલ ! જઝા કી તમન્ના ભી છોળ દે**

એક ઈમાનવાળાની બીજા ઈમાનવાળાથી મહોબ્બત માત્ર અલ્લાહને ખુશ કરવા હોય અને એમાં પોતાના કોઈ ફાયદાનો ઈરાદો કરવામાં ન આવે તો એ નેક અમલોમાં અતિ ઉત્તમ કામ છે.

અલ્લાહ માટે કોઈનાથી મહોબ્બત એ એના અલ્લાહના બનવાના લઈને છે અને ઈસ્લામ તરફથી એવા જ લોકોને મિત્ર બનાવવાનો હુકમ આપવામાં આવ્યો છે. અલ્લાહ તઆલા એના માટે મહોબ્બત રાખનારાઓને દુનિયામાં પણ બદલો આપે છે અને આખેરતમાં પણ એમને ઉચ્ચતમ પદ આપવામાં આવશે.

(૦૧) ક઼િયામતના દિવસે એમને અર્શના છાંયડામાં રાખવામાં આવશે.

(૦૨) એમને અર્શની જમણી બાજુ યાકૂતની ખુરશી પર બેસાડવામાં આવશે.

(૦૩) એમનું પદ જોઈને નબીઓ અને શહીદો પણ ખુશ થઈ જશે.

(૦૪) ઈમાનની મીઠાશ અલ્લાહ માટે પરપસ્પર મહોબ્બત કરવાથી મળે છે.

(૦૫) કોઈને આપવું ન આપવું, મહોબ્બત કરવી, દુશ્મની કરવી બધું એટલા માટે હોય કે અલ્લાહ ખુશ થાય, જે અલ્લાહનો તે આપણો, જે અલ્લાહનો નહીં એ આપણો નહીં.

(૦૬) અલ્લાહ તઆલાને સામે રાખીને નિર્ણય લેવો એ ઈસ્લામ તરફથી આપવામાં આવેલી જવાબદારી છે.

(૦૭) હશ્રમાં એમની એટલી ઈજ્જત કરવામાં આવશે કે એમને હશ્રની કોઈ ગભરામણ નહીં હોય.

(૦૮) હૌઝે કૌષર પર એમને પ્રથમ જગા આપવામાં આવશે.

(૦૯) જે પોતાના દીનદાર મિત્રથી જેટલી અધિક મહોબ્બત રાખતો હશે એ અલ્લાહનો એટલો પ્રિય છે.

(૧૦) અલ્લાહ માટે મહોબ્બત કરનારનો દરજો બુલંદ છે.

(૧૧) અલ્લાહ માટે મહોબ્બત રાખનારાઓ માટે અર્શ પાસે નૂરના મિમ્બરો હશે.

(૧૨) એમના ચહેરા પર નૂર બનાવી દેવામાં આવશે.

(૧૩) એમના જન્નતના મહેલો તારાઓ માફક પ્રકાશિત હશે.

(૧૪) જેઓ અલ્લાહ માટે પરપસ્પર મહોબ્બત રાખે એમનાથી અલ્લાહ પણ મહોબ્બત કરે છે.

(૧૫) જન્નતમાં સોનાના થાંભલાઓ પર ઝબરજદના શહેરો છે તે એમને આપવામાં આવશે.

(૧૬) એમનું નૂર જન્નતવાળાઓને પ્રકાશિત કરશે.

(૧૭) એમના કપાળ પર લખવામાં આવ્યું હશે, આ અલ્લાહ માટે મહોબ્બત રાખનારાઓ છે.

(૧૮) નેક લોકોથી એમના નેક અમલોને લઈને મહોબ્બત રાખનારનું હશ્ર એમની સાથે થશે.

(૧૯) અલ્લાહ અને દીનના નામ પર લોકોથી મુલાકાત કરવી એ ખૂણો પકડી લેવાથી ઉત્તમ છે.

(૨૦) કોઈના અમલથી ખુશી વ્યક્ત કરનાર અમલ ન કરવા છતાં એની જેવો છે, જેથી ગુનાહો પર નહીં નેક અમલો પર ખુશી વ્યક્ત કરો !

(૨૧) લોકોની સંખ્યામાં વધારો કરનાર એમાંનો છે. એટલે ગુનાહોની સભામાં ત્યાં હાજરી આપીને માત્ર વધારો કરે તો નિય્યત ગમે તે હોય પણ એ ભાગીદાર છે. અને એ જ પ્રમાણે નેક સભામાં હાજરી આપનાર, પણ નેકીઓમાં ભાગીદાર છે. એટલે નેક સભામાં વધારો કરી નેકી મેળવો.

(૨૨) શર્મ હોય તો ગુનાહ ન થાય, અમાનતનો ખયાલ રાખનાર ખયાનત ન કરે અને સાચો માણસ બહાનાખોર ન હોય. તો જેમાં આ ત્રણ ગુણ હોય એને મિત્ર બનાવવો જોઈએ.

(૨૩) અલ્લાહવાળા બનવા અલ્લાહવાળાઓની સંગત જોઈએ.

(૨૪) અલ્લાહવાળો એ જ છે કે જે અલ્લાહની યાદમાં તમારી મદદ કરે અને અલ્લાહને ભૂલો તો યાદ અપાવે, સારાંશ અલ્લાહથી તમને દૂર ન થવા દે.

(૨૫) જેનો દીદાર અલ્લાહની યાદ અપાવે, જેની વાત અમલવાળો બનાવે અને જેના અમલથી આખેરત યાદ આવે એ જ આપણો મિત્ર હોય.

(૨૬) દોસ્તી સાચા પાકા ઈમાનવાળા સાથે કરવી અને દા'વત પણ દીનદારને જ આપવી.

(૨૭) જે તમને તુચ્છ સમજે એની મિત્રતાથી દૂર રહો.

(૨૮) મિત્ર બીજા મિત્રને દિલથી ચાહતો હોય છે એટલે અવશ્ય એની વાતોમાં આવશે અને એના અમલોમાં ભાગીદાર બનશે.

(૨૯) જ્યારે મિત્રતાને લઈને અમલમાં ભાગીદારી ન કરવી હોય તો પણ થાય, તો પછી એવાને મિત્ર બનાવો જે નેક હોય અને એની નેકીમાં આપણે ભાગીદાર બનીએ.

(૨૯) ક્યારેક મિત્રતાને લઈને માણસ પોતાનો ધર્મ પણ બદલી નાખે છે જેથી નેક મુસ્લિમને મિત્ર બનાવો જે તમને તમારા ધર્મમાં સશક્ત બનાવે.

(૩૧) ગુનાહોથી ખુશ થવું ગુનાહનો ભાગીદાર બનાવે છે અને નેક કામથી ખુશ થવું નેકીનો ભાગીદાર બનાવે છે, જેથી આ બીજાને અપનાવો.

(૩૨) નેક મિત્ર અત્તરવાળા જેવો છે, અત્તર ન આપે તો ખુશ્બુ તો મળીને જ રહે છે, એટલે કે એની મિત્રતામાં ફાયદો જ છે, નુકસાન નથી.

(૩૩) ખરાબ મિત્ર લુહાર જેવો છે જો આગથી કપડાં ન સળગાવે તો ગંધથી તો બચી નથી શક્તા. આમ ખરાબ મિત્રના નુકસાનથી બચી નથી શકતા.

(૩૪) જ્યારે નેકમાં ફાયદો અને ખરાબમાં નુકસાન જ છે, તો ફાયદો મેળવવા નેક મિત્રને અગ્રિમતા આપો.

(૩૫) જે બીજા વ્યક્તિ સાથે અલ્લાહ માટે મહોબ્બત કરતો હશે એનો દરજો મહાન છે, જન્નતમાં એણે જ્યાં જવું હોય એની રજા આપવામાં આવશે.

(૩૬) નીચેના પદવાળા ઈલ્લીય્યીનવાળાઓને નહીં મળી શકે, પણ અલ્લાહ માટે મહોબ્બત રાખનારને એની પણ છૂટ મળશે કે એ એમનાથી મુલાકાત કરે.

(૩૭) કોઈને મિત્ર બનાવવામાં આવે તો એનું નામ, પિતાનું નામ ઠેકાણુ વગેરે માલૂમ કરી લેવાથી જરૂરત સમયે મુલાકાત કરી શકાય છે જેથી આ યાદ રાખવું.

(૩૮) દીની મિત્રતાના ગુણો એ છે કે ગીબત ન કરવી, બીમાર હોય તો ખબર લેવી અને મરણ થાય તો દફન ક્રિયામાં હાજરી આપવી.

(૩૯) ગીબત ક્યારે કરશો જ્યારે કે એનો અમલ ખરાબ હોય. જેથી એ મિત્ર કેમ બન્યો ? અને મિત્ર છે તો તમે એને ખરાબીથી કેમ ન બચાવ્યો ? મિત્ર એવો હોય કે એની ગીબત ન થાય એટલે એમાં કોઈ ખરાબી ન હોય.

મિત્રતામાં એ પણ છે કે બીજાને કામ લાગે, જરૂરતમાં સાથ સહકાર આપે. બીમાર થાય તો એને સાજો તો નથી કરી શકતા પણ હાજરી આપી એના દિલને પ્રફુલ્લિત બનાવી શકાય છે.

(૪૦) મિત્રતામાં મુલાકાત કરવી જોઈએ પણ એટલી નહીં કે તમારી મુલાકાત બોજ બની જાય, મોકાસર મુલાકાતથી પ્રેમમાં વધારો થાય છે.

આ હતી મિત્રતા પર ચાલીસ હદીષો અને એનાથી મળેલા ફાયદાઓ. જેથી આપણે અલ્લાહની બારગાહની નિકટતા પ્રાપ્ત કરવા આપણા પ્યારા પ્યારા આકા વ મૌલા ﷺની આ પ્યારી પ્યારી વાતો પર દિલો જાનથી અમલ કરવો જોઈએ.

અલ્લાહ તઆલા એના પ્યારા હબીબ ﷺના સદકામાં આપણને દીનદાર બનાવે અને દીની મિત્રોની જ સંગત અતા ફર્માવે. અલ્લાહના માટે દોસ્તી અને અલ્લાહના માટે દુશ્મની રાખવાની તૌફીક આપે. અને અંગત અદાવતોથી દૂર રહી મુસ્લિમો તથા ગૈરો સાથે ઈસ્લામના અખ્લાક પ્રમાણે વર્તવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

# મુજાહિદે મિલ્લતની મુજાહિદાના જિંદગી અને આપણે

-કાર્યાલય

એ વાત કોઈનાથી પણ છુપી નથી કે આપણા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)એ દીનના પ્રચાર તથા ફેલાવા માટે પુષ્કળ કુર્બાનીઓ રજૂ કરી છે, પરંતુ અફસોસ કે આપણે તેમની કુર્બાનીઓને ભૂલાવી દીધી છે. જ્યારે કે એ વાત સિદ્ધ થઈ ચૂકેલી છે કે તે કૌમ કદી પણ કામયાબ નથી થઈ શકતી જે પોતાના પૂર્વજ બુઝુર્ગોનાં કારનામાંઓ તથા તેમના ત્યાગ તથા કુર્બાનીને ભૂલાવી આપે. હુઝૂર મુજાહિદે મિલ્લત હઝરત અલ્લામા હબીબુર્રહમાન સાહબ رحمۃ اللہ علیہની ઝાતે ગિરામી પણ તે જ પવિત્ર હસ્તીઓમાંથી એક છે જેમણે કૌમ તથા મિલ્લતની ભલાઈ, દેશમાં અમ્નો અમાનની સ્થાપ્ના, નજદિયત તથા વહાબિયતના ખાત્મા તથા હિંદુસ્તાની મુસલમાનો પર થતા જુલ્મોની રોકથામમાં અગ્રેસર રહીને હિસ્સો લીધો, બલ્કે એવું કહેવું અસ્થાને ન હશે કે આ મેદાનમાં હુઝૂર મુજાહિદે મિલ્લત હઝરત અલ્લામા મૌલાના હબીબુર્રહમાન સાહબ رحمۃ اللہ علیہ અજોડ જોવા મળે છે. એના લીધે આપે વિવિધ પ્રકારની પરેશાનીઓનો સામનો પણ કરવો પડયો અને હક્ક઼ ગોઈના બદલામાં જેલખાનાની તકલીફો પણ વેઠવી પડી, પણ આપનાં અડગ ક઼દમો રજમાત્ર પણ ડગમગ્યા નહીં. હક્ક઼ને હક્ક઼ કહેવું અને બાતિલ બાતિલ ઠરાવવું એ આપનો ખાસ વિષય હતો. જ્યારે જ્યારે બાતિલ શક્તિઓએ માથુ ઊંચકવાની કોશિશ કરી તો આપ તેનું માથુ કચુંડવા માટે છાતી કાઢીને ખડા રહી ગયા. બાતિલ ફિર્ક઼ાઓના પેશ્વા સાથે મુનાઝરા કર્યા અને મસ્લકે હક્ક઼ અહલે સુન્નત વ જમાઅતનો ઝંડો બુલંદ કર્યો.

આપ પ્રારંભિક વયથી જ હક્ક઼ની તરફદારી તથા બાતિલને રદિયો આપવાની કાર્યવાહીમાં વ્યસ્ત થઈ ગયા હતા. આપની જેહાદભરી જિંદગીનો પ્રારંભ ઈલાહાબાદની ધરતીથી એ રીતે થયો કે અબ્દુલ હક્ક઼ પાદરી (ઈસાઈ મુનાઝિર) વારંવાર મુસલમાનોને ચેલેંજ કરી ઈલાહાબાદ આવ્યા કરતો હતો. ઈલાહાબાદના મુસલમાનોએ તેના મુક઼બલાના માટે ષનાઉલ્લાહ અમૃત્સરી ગૈરમુકલ્લિદની પસંદગી કરી. હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہએ લોકોને કહ્યું કે હું એના માટે પૂરતો છું. પણ લોકોએ આપની નાની વય જોઈને આપના પર વિશ્વાસ ન મૂક્યો અને ષનાઉલ્લાહ અમૃત્સરીને અબ્દુલહક્ક઼ પાદરી સાથે મુનાઝરા માટે બોલાવ્યો. મુનાઝારામાં અબ્દુલ હક્ક઼ પાદરીએ પોતાની બકવાસ થકી ષનાઉલ્લાહ અમૃત્સરીને દબાવી દીધો, છેવટે મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہ ઈસાઈ પાદરી મુનાઝિર સાથે મુનાઝરા માટે તૈયાર થઈ ગયા. કેટલાક લોકોને આપની ઓછી ઉમર જોઈને આશ્ચર્ય થયું કે આ કઈ રીતે તેને હરાવી શક્શે ! પણ બન્યું કાંઈ જુદુ જ ! હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہએ પાદરીને ખૂબ જ બેઈજ્જતભરી સખત હાર આપી. હાર પામ્યા બાદ અબ્દુલ હક્ક઼ પાદરી ઈલાહાબાદથી ભાગી ગયો, અને પછી તેણે પોતાની જિંદગીમાં ઈલાહાબાદ આવવાની હિંમત નથી કરી. આ રીતે આપને ઈલાહાબાદમાં લોકપ્રિયતા મળી ગઈ.

આપે વિવિધ ધર્મોના પેશવાઓ સાથે કેવળ મુનાઝરો જ નથી કર્યો બલ્કે દેશના વિવિધ ભાગોમાં મુસલમાનો પર થનારા જુલ્મની વિરુધ્ધ પણ અવાજ ઉઠાવ્યો. જેમ કે ગાઝીપુરમાં ૨૧–૨૨ જાન્યુઆરી ઈ.સ. ૧૯૫૬માં થનારા તબ્લીગી સીરતના જલ્સામાં આપે મુસલમાનોની વિરુધ્ધ ખડાં કરવામાં આવેલ ખતરનાક કૌમી તોફાનો સંબંધે પોતાનો

આક્રોશ વ્યક્ત કરતાં શોલાબાર તકરીર કરી અને જણાવ્યું કે તોફાનો વર્તમાન ગવર્નમેન્ટની હુંફ હેઠળ મુસલમાનોને તબાહ કરવાના માટે આયોજનપૂર્વકની પદ્ધતિથી કરવામાં આવી રહ્યાં છે. હઝરતની એ તકરીરે ગવર્નમેન્ટને સાવધાન કરી આપી અને આપની વિરુધ્ધ વોરંટ બહાર પાડી દેવામાં આવ્યું. ૮–ઓગસ્ટ ૧૯૫૬માં ધામનગર શરીફમાં આપના ઘરેથી આપની ધરપકડ કરવામાં આવી, ત્યાંથી ભદ્રક સ્ટેશન લાવવામાં આવ્યા. ટ્રેન આવી તો તેમાં બેસાડી દેવામાં આવ્યા. ટ્રેનમાં બેસતાં જ આપના હાથોમાં બેડીઓ પહેરાવી દેવામાં આવી. ૧૦ ઓગસ્ટ ૧૯૫૬ના રોજ આપને ગાઝીપુર જેલમાં કેદ કરી દેવામાં આવ્યા. ૨૧–૨૨ જાન્યુઆરી ૧૯૫૬ના રોજ તબ્લીગે સીરતના ગાઝીપુરના જલસા બાદ ૨૬, ૨૭ મે ૧૯૫૬ના રોજ અંજુમને ઈસ્લામ–સુલ્તાનપુરના વાર્ષિક ઈજલાસમાં પણ આપ મુસલમાનોની વિરુધ્ધ ખડા કરવામાં આવેલ જુલ્મ તથા તોફાનો સામે આક્રોશ વ્યક્ત કરતાં ગવર્નમેન્ટના પક્ષપાતી વલણને ખુલ્લુ પાડયું હતું એટલા માટે સુલ્તાનપુરમાં પણ આપની તકરીર વિરુધ્ધ કેસ ચલાવવામાં આવ્યો. ૧૨ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ સુલ્તાનપુર કેસનું વોરંટ ગાઝીપુર પહોંચ્યું અને હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہને ગાઝીપુર જેલથી સુલ્તાનુપર જેલમાં તબદીલ કરી દેવામાં આવ્યા. સુલ્તાનપુર સેશન કોર્ટથી એક વરસની સખત કેદ અને ૫૦૦/– રૂા. દંડનો ફેંસલો સંભાળવવામાં આવ્યો. સુલ્તાનપુરનો સેશન ખત્મ થતાં જ આપને ગાઝીપુર મોકલી દેવામાં આવ્યા.

ગાઝીપુરમાં કેદી હાલત દરમ્યાન ત્યાંનાં જેલરે આપની સાથે ઘણી સખ્તી કરી અને જન્મટીપના કેદીઓ અથવા અન્ય મુજરિમોની સાથે જે વર્તાવ કરવામાં આવે છે તેવો વર્તાવ કર્યો. ગરમીના દિવસોમાં જેલખાનાની સાંકડી ઓરડી સામેના ખુલ્લા વરંડામાં સૂવાની ઈજાઝત માંગી તો જેલરે ખૂબ જ સખ્તીપૂર્વક મના કર્યુ. પણ એ દરમ્યાન એક એવો બનાવ બન્યો કે જેલરની સખ્તી નરમીમાં ફેરવાઈ ગઈ ! એવું બન્યું કે જેલરે થોડાક દિવસોની છૂટ્ટી લીધી અને ગાઝીપુરથી બીજી જગાએ જવા માટે સ્ટેશન પર આવ્યો તો તેણે પ્લેટફોર્મ પર હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہને નમાઝમાં વ્યસ્ત જોયા. તો તે એટલો આશ્ચર્યમાં પડયો કે તરત દોડતો જેલખાને પહોંચ્યો. ત્યાં એ જોઈને તેના આશ્ચર્યની કોઈ સીમા ન રહી કે જે રીતે આપ પ્લેટફોર્મ પર નમાઝમાં વ્યસ્ત હતા એ જ રીતે અહીં જેલમાં પણ નમાઝમાં વ્યસ્ત છે ! તેને ભેદ સમજાય ગયો કે જેલના સળીયાઓમાં બંધ થનાર આ કોઈ મામૂલી માણસ નથી બલ્કે એટલો ઈખ્તિયારવાળો છે કે જ્યારે ચાહે જ્યાં ચાહે આવજા કરી શકે છે. તરત જ તેણે સગવડો સહૂલતો પૂરી પાડવાનો હુકમ આપ્યો અને વિશાળ ઓરડામાં આપને તબદીલ કરી નાખ્યા અને કહ્યું કે તમે જ્યાં ચાહો રહી શકો છો. સારાંશ કે એ રીતે આપે ઘણીવાર કેદની તકલીફો વેઠવી પડી.

હિંદુસ્તાનની ભૂમિ પર જ આપે બાતિલ તાકાતો સમક્ષ હક્કનો અવાજ બુલંદ નથી કર્યો બલ્કે અરબસ્તાનની ભૂમી પર નજદિયત વહાબિયતને પણ નથી છોડી. ઘણીવાર આપની તથા સઊદીના કાઝીયુલ કઝાત સાથે નબી ﷺના વસીલાના બારામાં બહષો થઈ અને આપે દરેક વખતે નજદી કાઝી પર સરસાઈ મેળવી. એ મુનાઝરાઓમાં સૌથી મહત્વનો મુનાઝરો ઈ.સ. ૧૯૭૯માં થયો. હજ્જના પ્રસંગે જ્યારે આપ નબી પાક ﷺના રોઝા મુબારકની ઝિયારત માટે મદીના મુનવ્વરા હાજર થયા. ૮ ઓકટોબર, ૧૮ ઝી કઅદા હિ.સ. ૧૩૯૯ની રાત્રે ઈશાની નમાઝના ફર્ઝ તથા સુન્નત પછી આપ વિત્ર પઢવા માટે ઉભા થયા તો એક માણસ જે દેખાવે હિંદુસ્તાનની કે પાકિસ્તાની જણાતો હતો તે આવ્યો અને પૂછવા લાગ્યો કે તમે અલગ જમાઅત કરી છે તો મોડેથી આવવાના કારણે

કે હરમના ઈમામ પાછળ નમાઝ નાજાઈઝ હોવાના કારણે ? હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہએ જવાબમાં ઈર્શાદ ફર્માવ્યો, બંનેવ કારણે ! આવવામાં પણ મોડું થઈ ગયું અને એની (નજદીની) ઈક્તેદામાં નમાઝ જાઈઝ પણ નથી સમજતો. જેના પર તેણે પોલીસને જાણ કરી આપી, અને પોલીસ આપને પકડીને ઘસડતાં ઘસડતાં હરમના ઓફિસર પાસે લઈ ગઈ. તેની સાથે વાતચીત બાદ આપને મદીના મુનવ્વરા માટે કાઝી અબ્દુલ અઝીઝ બિન બાઝની પાસે મોકલી આપ્યા. કાઝીયુલ કુઝાતે પ્રશ્ન કર્યો કે તમે શા માટે અમારી પાછળ નમાઝ નથી પઢતા ?

હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہએ જણાવ્યું કે હું અકીદાના મતભેદના કારણે તમારી પાછળ નમાઝ નથી પઢતો. મોટા કાઝીએ મતભેદનું કારણ પૂછયું તો આપે ફર્માવ્યું કે, અમે નબીઓ તથા રસૂલો علیہم السلامથી વસીલો જાઈઝ સમજીએ છીએ અને તમો શિર્ક કહો છો. જેથી તમારા અકીદાના આધારે અમે મુશ્રિક ઠર્યા. જેથી અમારી અને તમારી વચ્ચે "શિર્ક" અને "શિર્ક નહીં"નો મતભેદ ખડો થઈ ગયો. તો હવે અમે તમારી પાછળ નમાઝ કઈ રીતે પઢીએ ?! હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہના આ બયાનને ચીફ કાઝી, ઈમામ તથા ખતીબે મસ્જિદે હરમે લખી લીધું અને એના પર હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہ પાસે સહી કરાવવા ચાહ્યું તો આપે ફર્માવ્યું કે હરમના ઈમામ સાથે 'વહાબી' શબ્દ પણ લખો જેથી એ વાત સ્પષ્ટ થઈ જાય કે હું હરમના વહાબી ઈમામ પાછળ નમાઝ નથી પઢતો. જેથી ચીફ જસ્ટીસે ખૂદ પોતાના કલમ વડે લખવું પડયું. ત્યારબાદ તેણે હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہને કહ્યું કે તમે તમારા આ અકીદાથી તૌબા કરી લો. આપે જવાબ આપ્યો, હું તૌબા કરીશ નહીં કારણ કે આ અકીદો હક્ક છે. રાત અધિક થઈ ચૂકી હતી જેથી વધુ કોઈ કાર્યવાહી ન થઈ શકી. ચીફ કાઝીએ કેસને તેના હાથ નીચેના કાઝી તરફ મોકલી આપ્યો. ત્યારબાદ આપને જેલમાં પહોંચાડી આપવામાં આવ્યા. ૨૪ કલાક પછી મંગળવારે નીચેલા કાઝી સમક્ષ રજૂ કરવામાં આવ્યા, અને આ પ્રમાણે ચર્ચા થઈ :–

**નજદી કાઝી** : તમો અમારા ઈમામ પાછળ નમાઝ કેમ નથી પઢતા ?

**મુજાહિદે મિલ્લત** : અકીદાના મતભેદને કારણે તમારા ઈમામ પાછળ નમાઝ નથી પઢતો, કેમ કે અમે લોકો નબીઓ, રસૂલો علیہم السلامના વસીલાને જાઈઝ સમજીએ છીએ અને તમે લોકો શિર્ક કહો છો.

**નજદી કાઝી** : મુર્દાનો વસીલો અપનાવો છો ?!

**મુજાહિદે મિલ્લત** : نبی اللہ حی یرزق اللہ "નબી જીવતા છે તેમને રોજી પણ આપવામાં આવે છે."

**નજદી કાઝી** : અચ્છા ! તો તેમને ચાવલ મળે છે કે ઘઉં ?!

**મુજાહિદે મિલ્લત** : જેવી રીતે તેમનું જીવન આપણી સમજથી બહાર છે એવી જ રીતે તેમનું રિઝ્ક પણ આપની સમજ તથા પહોંચથી બહાર છે.

**નજદી કાઝી** : જ્યારે તેઓ ખાય છે તો શાદી પણ કરતા હશે ?

**મુજાહિદે મિલ્લત** : કોઈ જરૂરી નથી ! કેમ કે સર્વ જીવંત ખાય છે પણ શાદી કરતા નથી.

**નજદી કાઝી** : વસીલાની શું દલીલ છે ?

**મુજાહિદે મિલ્લત** : અલ્લાહ તઆલાનું ફર્માન છે, وابتغوالیه الوسیلة "અલ્લાહના માર્ગમાં વસીલો ઢુંઢો."

**નજદી કાઝી** : એનાથી મુરાદ 'નેક અમલો' તથા 'નમાઝ' છે.

**મુજાહિદે મિલ્લત** : એ પણ ગૈરુલ્લાહ જ છે !

**નજદી કાઝી** : અમારી પાછળ નમાઝ જાઈઝ ન હોવાનું કારણ બતાવો.

**મુજાહિદે મિલ્લત** : તમે مکفر المسلمین મુસલમાનોને કાફિર કરનારા છો ! સર્વ મુસલમાનોને વિના કારણે કાફિર કહો છો. તમારા કથનના કારણે પૂર્વજ બુઝુર્ગોથી લઈને હાલના લોકો એટલે હઝરત આદમ علیہ السلام થી લઈને આજ સુધીના મુસલમાનોનું બલ્કે કયામત સુધી થનારા મુસલમાનોનું કાફિર હોવું લાઝિમ ઠરે છે. દા.ત. તમે નબી ﷺ ના વસીલાને શિર્ક કહો છો, જ્યારે કે શરૂથી લઈને આજ સુધીના સર્વ મુસલમાનો એના પર એકમત છે અને એના માનવાવાળા છે, અને તમારા કથનના કારણે સર્વનું મુશ્રિક હોવું અનિવાર્ય ઠરશે. અને ફુકહાએ કિરામ ફર્માવે છે કે **જેના કથનના કારણે સર્વ મુસ્લિમોનું કાફિર હોવું અનિવાર્ય ઠરે તો તે ખૂદ કાફિર છે.** જેથી તમારા પર કુફ્ર લાગુ થાય છે અને જેના કથન પર કુફ્ર લાગુ પડે તેના પાછળ નમાઝ કેવી ?!

**નજદી કાઝી** : તમારો હજ્જ બંધ કરીને તમને પાછા મોકલી દેવામાં આવશે, કેમ કે તમે મુશ્રિક છો, અને જે મુશ્રિક હોય તેની હજ્જ કેવી ?

**મુજાહિદે મિલ્લત** : જો એ જ વાત છે કે નબીઓ તથા રસૂલો علیہم السلام થી વસીલો પકડનારા એવા મુશ્રિક છે કે તેમનો હજ્જ પણ નથી, તો શીઆ પણ તો હઝરત અલી کرم اللہ وجہہ الکریم તથા ઈમામ આલી મકામ رضی اللہ عنہ નો વસીલો પકડે છે, તો તેમનો હજ્જ કઈ રીતે જાઈઝ થશે ?

**નજદી કાઝી** : તેઓ અમારી પાછળ નમાઝ પઢી લે છે.

**મુજાહિદે મિલ્લત** : શું તમારી પાછળ નમાઝ પઢી લેવાથી શિર્ક માફ થઈ જાય છે ?! આ કોઈ મઝહબ છે ! આ કોઈ દીન છે ! આ કોઈ ઈસ્લામ છે ! لاحول ولاقوۃ الاباللہ العلی العظیم۔

આ ચર્ચા પછી કાઝીએ આપથી વાતચીત કર્યા વિના હુકમ લખી આપ્યો પછી હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہ ને જેલમાં મોકલી આપવામાં આવ્યા. ત્યારબાદ ૧૯ ઓકટોબર ઈ.સ. ૧૯૭૯ના રોજ મદીના મુનવ્વરાની જેલ બીરે અલીમાં તબદીલ કરી દેવામાં આવ્યા, ત્યાં આપને જાત જાતની તકલીફો આપવામાં આવી. ૨૩ ઓકટોબરે કેદખાનાથી ઘસડતા ઘસડતા જેલના ફાટક સુધી લઈ જવામાં આવ્યા, હાથકડીઓની સાથે તાપમાં ઉભા રાખવામાં આવ્યા અને એટલા પ્રમાણમાં મારવામાં આવ્યા કે આપ ચક્કર ખાઈને પડી ગયા. સામાન્ય ગુનેગારોની જેમ દરેક બાજુએથી આપના ફોટા લેવામાં આવ્યા, આંગળીઓનાં નિશાન લેવામાં આવ્યાં. આપનો કુસૂર શું હતો ?! કેવળ એ જ ને કે આપે મસ્જિદના વહાબી ઈમામ પાછળ નમાઝ પઢવાથી ઈન્કાર કર્યો હતો. ૩ ઝીલ હજ્જ, ૨૪ ઓકટોબરે સાંજના સમયે હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہ ની જેલથી જિદ્દાની જેલમાં મોકલી આપવામાં આવ્યા. પછી ૨૭ ઓકટોબરે જિદ્દાથી કરાંચી થઈને હિંદુસ્તાન રવાના કરી દેવામાં આવ્યા.

આપે આપનું સંપૂર્ણ જીવન ''હક્ક વાતના એલાન'ના માટે વકફ કરી આપ્યું હતું જેના કારણે આપે હિંદ તથા હિંદ બહાર ૮ વાર જેલની મુસીબતો વેઠવી પડી, તેમજ દીને મતીનની ખિદમતમાં જીવનભર જાત જાતની મુસીબતો તથા તકલીફોનો સામનો કરવો પડયો પરંતુ આપની અડગામાં રજમાત્ર પણ પંકચર પડયું નથી.

અફસોસ ! બહાદુરી તથા હિંમત, સબ્ર તથા અડગતાનો આ મહાન પહાડ, ઈલ્મ તથા ફઝ્લનો સૂરજ તથા ચાંદ, હુસ્નો અખ્લાકનો પયકર તથા કરામતોનો અસીમ સમુદ્ર, આરિફ બિલ્લાહ, ફનાફિલ્લાહ એટલે કે આકાઈ વ મૌલાઈ હુઝૂર મુજાહિદે મિલ્લત ૧૩ માર્ચ ૧૯૮૧ જુમ્આના દિવસે આ નાશવંત જગતથી આલમે જાવેદાની (હમેશાંની દુનિયા)ની તરફ કૂચ કરી ગયા. દુઆ છે કે અલ્લાહ તઆલા આપને આપના મહાન મુજાહિદના સદકામાં 'હક્ક વાતના એલાન'ની

તૌફીક અતા ફર્માવે અને અહલે સુન્નત વ જમાઅત પર કાયમ રાખે. *(કન્ઝુલ ઈમાન ઉર્દૂ માસિક, મે–૨૦૦૮)*

## એક સત્ય હકીકતનું એલાન !

*(કોઈએ બંધ બેસતી પાઘડી પહેરવી નહીં !)*

કડવુ લાગે તો માફ કરજો ! પણ ના છૂટકે અમારે એક સત્ય કડવી હકીકત લખવી પડે છે કે, હવે ક્યાં છે આવા મુજાહિદો ! સ્ટેજો પર ચઢીને ચાહકોના નારાઓની ગુંજ વચ્ચે મારફાડ અને પબ્લિકની ઉશ્કેરણી કરતાં બયાનો કરવાવાળાઓ, વરસોથી પબ્લિક ઉશ્કેરવામાં અતિશય ઉગ્ર બયાનો કરનારાઓને અમે જોયા સાંભળ્યા, પણ **બાબરી મસ્જિદ શહીદ થઈ ત્યારે પણ અને ગુજરાતમાં ગોધરાકાંડ બાદ તોફાનો થયાં અને હજારો મુસલમાનોને જીવતા સળગાવવામાં આવ્યા, મુસ્લિમ સ્ત્રીઓની ઈજ્જતો લૂંટવામાં આવી, હજારો લાખો મુસલમાનો શરણાર્થી કેમ્પોમાં રહ્યા, ઘરબાર ધંધો સૌ લૂટાઈ ગયું ત્યારે એક આવો મુજાહિદ તથા ગળાં ફાડી ફાડીને બયાનો કરવાવાળો અમને મુસલમાનોની વહારે આવતો જોવા ન મળ્યો ?** એટલું જ નહીં, બે દિલાસાના શબ્દો કહેવાવાળો પણ ન મળ્યો ! બાતિલ ફિર્કાવાળાઓનાં મહેણાં ટોણાં અમે સાંભળ્યાં જેનો અમારી પાસે કોઈ જવાબ ન હતો કે, "સુન્નીઓના શેરો ક્યાં છુપાઈ ગયા ! કે પછી ઉંદરોની જેમ દરોમાં છુપાઈ ગયા ?!" અને ખરેખર જ્યારે બે પાંચ વરસે મુસલમાનોની કમ્મર જરા સીધી થઈ તો પાછા ફરી લોકોમાં હરતા ફરતા થઈ ગયા ! અને આજે પણ મુસ્લિમો પર કોઈ આવી આપત્તિ આવે છે તો અમને કોઈ આપણો મુસલમાનોની વહારે આવતો જોવા મળતો નથી. ગૈરોના લીડરો પહોંચે છે, ધરતીકંપની આફતમાં, કૌમી તોફાનોમાં પીડિતો માટે કોલોનીઓ બનાવે છે, સહાયો કરે છે. અને એવાં કામો કરી લોકોને એહસાન હેઠળ લઈ પોતાના તરફ આકર્ષી લે છે ! પણ આપણા સ્ટેજના બહાદુરો, મોટા મોટા લકબધારીઓ આવા સમયે કોઈ રચનાત્મક કાર્યોમાં ક્યાંય જોવા મળતા નથી ! (ઈલ્લા માશાઅલ્લાહ ! સિવાય જેને અલ્લાહ તૌફીક આપે)

આ બધું શું છે ?! હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ, હુઝૂર મુહદ્દિષે આ'ઝમ رحمۃ اللہ علیہ તથા તેમના સમકાલિનોએ ખિદમતે ખલ્કના માટે અસહય તકલીફો વેઠીને કામો કર્યાં હતાં, રઈસુલ કલમ, સુલ્તાનુલ મુનાઝિર હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ, હઝરત શારેહે બુખારી મુફતી શરીફુલ હક્ક સાહબ رحمۃ اللہ علیہ વગેરેએ પણ જેલોની હવા કૌમની ખિદમત તથા હિફાઝતમાં ખાધી હતી. પણ ત્યાર પછી આ ક્ષેત્રે હાલ તો આવા મુજાહિદોની ખરેખર અછત વર્તાઈ રહી છે. (ઈલ્લા માશાઅલ્લાહ !)

આજે તો આંત્રિક ઝઘડાઓમાં હવા આપનારા અને સુન્નીઓમાં જ વિવાદોનાં વાદળો ખડાં કરી આપસમાં ભંગાણ પડાવવાનાં માટે સ્ટેજો સજાવી તેના પરથી શોલાબાર બયાનો કરનારાઓ જોવા મળી રહ્યા છે અને અવામ રોજ નવી નવી ગ્રુપબંદીમાં ટોળી ટોળી બનતી જઈ રહી છે. જો આજ રવિશ રહી તો આ કૌમનું શું થશે ?!

વળી હજ્જ ઉમરા માટે જનારી એવી પણ હસ્તીઓ જોવા મળે છે કે વહાબી ઈમામો પાછળ પણ નમાઝ પઢી લે છે અને પૂછતાં કહે છે કે, "અમે તો નમાઝ દોહરાવી લઈએ છીએ !" બલ્કે 'સફરનામા' લખે છે તેમાંય સ્પષ્ટ લખે છે કે, "એમની પાછળ નમાઝ પઢી અને નિયામાનુસાર દોહરાવી." તો પબ્લિક શું બોધ પાઠ લેશે ?! તો આ મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہના જીવન પરથી એવા સ્ટેજના વાઘોએ અને ફક્ત મર્યાદિત રસ્મો સિવાય મુસ્લિમ જગતની હાલતથી બેઝાર રહેનારાઓએ પણ સબક લેવો જોઈએ અને આપણી પબ્લિકે પણ કાંઈક સમજવું જોઈએ.

# એક ભૂલાઈ ગયેલા ફર્ઝને ઝિંદા કરો !

# ઈસ્લામમાં સ્ત્રીઓનો વારસાઈ હક્ક

અને આપણે

★★---------------★★---------------★★

અઝ : **મુફ્તી મુહમ્મદ હસન રઝવી**
(બેડીવાળા—જામનગર) *હાલ : મુતઅલ્લિમ મર્કઝે તર્બિયતે ઈફતા, ઓઝાગંજ, યુ.પી.*

★★---------------★★---------------★★

આજે મુસ્લિમ સમાજ જે બેઅમલી અને બદ્ નિય્યતિનો શિકાર છે તેનાથી કોઈ પણ બેખબર નથી. દિલથી લઈને દિમાગ સુધી અને શરીરથી લઈને લિબાસ સુધી અંગ્રેજી સંસ્કૃતિ તથા કલ્ચરની બોલબાલા જોવા મળે છે. વિચાર તથા દષ્ટિની વિશાળતાઓમાં માનવતા, શરાફત, મહોબ્બત, લાગણી તથા હમદર્દી, ગમખ્વારીની જગ્યાએ ઘમંડ તથા અભિમાન, જુલ્મો સિતમ અને હક્ક તલ્ફી (કોઈનું પડાવી ખાવું) નજર આવે છે. એક માણસ બીજા માણસનો હક્ક ઝુંટવે છે ત્યાં સુધી કે એક ભાઈ બીજા ભાઈનો હક્ક મારે છે અને બહેનનો હક્ક દબાવે છે.

હક્ક દબાવવા બાબતનાં ઘણા દષ્ટાંતો છે એમાંથી એક દષ્ટાંત સ્ત્રીઓના વારસા સંબંધી પણ છે, જેના પ્રતિ ગંભીરતા આમ તથા ખાસ લોકોના દિલો દિમાગથી નીકળી ચૂકી છે. દુનિયાની જાહોજલાલી તથા માલ દૌલતની લાલચે મુસલમાનોને ઈસ્લામી કાનૂનથી ઘણા દૂર કરી દીધા છે.

ઈસ્લામ ધર્મે સ્ત્રીઓને માનવંતુ સ્થાન આપીને અપમાન, તિરસ્કાર અને દુર્દશામાંથી કાઢી ઊંચા આસને બેસાડી છે. ઈસ્લામ ધર્મમાં અલ્લાહ તઆલાના હુકમ મુજબ સ્ત્રીઓને અનેક હક્કો અને અધિકારો આપવામાં આવ્યા છે. દયાજનક સ્થિતિઓમાંથી તેણીઓને બહાર કાઢવામાં આવી છે અને તેણીઓ સાથે સદ્ વર્તાવ કરવાના આદેશો અપાયા છે.

પણ આજે આપણા મુસ્લિમ સમાજમાં જેહાલત અથવા હક્ક તલફીના કારણે એવી માન્યતા સર્વત્ર ફેલાઈ ગઈ છે કે, "મરનાર વ્યક્તિના જે દીકરા હોય તેમને જ બધો વારસો મળે અને મરનારની દીકરીઓનો કશો હક્ક નથી !" આ માન્યતા તદ્દન ગલત અને પાયાહિન છે. વળી કેટલાક મુસલમાનો એવું કહે છે કે, "સ્ત્રીઓ પોતાનો હક્ક માગતી નથી માટે અમે આપતા નથી, તેણી પોતાનો હક્ક માફ કરી દે છે ! અરે ભાઈ ! તેણીનો હક્ક તેણીના હાથમાં મૂકો અને પછી માફ કરે તો જૂદી વાત છે ! પણ આમ જ માફ કરાવી લો તો ન ચાલે ! સ્ત્રી શરમમાં બોલતી નથી પણ દિલમાં રંજ જરૂર અનુભવતી હોય છે. વળી કેટલાક કહે છે કે આપણે છોકરીની શાદી કરાવી દઈએ છીએ તેમાં ખર્ચ થાય છે, સોનુ વગેરે આપીએ છીએ જેથી તેણીનો હક્ક પૂરો થયો ! નહીં ભાઈ ! એવું નથી ! શાદી તો છોકરાની પણ કરો છો ! પછી તેનો હક્ક શા માટે ?! હક્ક તો દરેકનો બાકી જ રહે છે ! કેટલાક વળી એવું સમજે છે કે ફોઈ અને બહેનોને આપવાથી આપણો માલ ઓછો થઈ જશે. પરંતુ યાદ રાખવું જોઈએ કે **વારસાઈનો મસ્અલો ઈસ્લામી શરીઅતનો મહત્વનો મસ્અલો છે, જેના સબૂતમાં કુર્આન તથા હદીષ અને ઈજમાએ ઉમ્મતની દલીલો આવેલી છે.**

હદીષે પાકમાં છે, સઅદ બિન રબીઅની પત્ની કબીલાએ સઅદથી પોતાની બે દીકરીઓને લઈને હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં આવ્યાં અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ બંને સઅદ બિન રબીઅની દીકરીઓ છે જે આપની સાથે ગઝવએ ઉહદમાં શહીદ થઈ ગયા છે અને તેમના કાકાએ બધો માલ હડપ કરી લીધો છે, તેમના માટે કાંઈ નથી છોડયું અને વગર પૈસે તેમનો નિકાહ પણ નથી થઈ શક્તો. આપે ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહ તઆલા એનો ફેંસલો ફર્માવશે. તો તરત જ વારસાની આયત નાઝિલ થઈ. જેથી સરકાર ﷺએ એક માણસને તેમના કાકા પાસે મોકલ્યો અને ફર્માવ્યું કે સઅદની બે દીકરીઓને ૨/૩ આપી દો અને માંને આઠમો ભાગ, એના પછી જે કાંઈ બચી જાય તે તમારો છે.

એના સિવાય બીજી પણ હદીષો છે જેમાં સરકાર રસૂલે અકરમ ﷺએ વારસદારોના હિસ્સા અને ભાગનું વર્ણન ફર્માવ્યું છે અને વારસાની વહેંચણી માટે ઈલ્મે ફરાઈઝ શીખવાની તલકીન પણ ફર્માવી છે. ઈર્શાદે રસૂલે અકરમ ﷺ છે કે :–

**تَعَلَّمُوا الْفَرَائِضَ وَعَلِّمُوهَا النَّاسَ فَانَّهَا نِصْفُ الْعِلْمِ**

''ઈલ્મે ફરાઈઝ શીખો અને બીજાઓને પણ શીખવાડો કેમ કે તે અડધો ઈલ્મ છે.''

બીજી એક હદીષમાં ઈર્શાદ ફર્માવ્યો કે :–

**اَقْسِمُوا الْمَالَ بَيْنَ اَهْلِ الْفَرَائِضِ عَلٰى كِتَابِ اللّٰهِ**

''અલ્લાહની કિતાબમાં બતાવ્યા મુજબ તમે તે લોકોને ભાગ વહેંચી આપો જેમના હિસ્સા નક્કી કરવામાં આવ્યા છે.''

કુર્આને હકીમમાં વારસાઈ ક઼ાનૂનના આદેશો 'સૂરએ નિસાઅ'માં ફર્માવ્યા છે. તેમાં ઈર્શાદે રબ્બાની છે :–

**يُوصِيكُمُ اللّٰهُ فِىٓ اَوْلَادِكُمْ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ۔**

''અલ્લાહ તમને હુકમ કરે છે તમારા સંતાનોના વારસાની વહેંચણીમાં પુરૂષનો હિસ્સો બે સ્ત્રીઓના હિસ્સા સમાન છે.'' *(આયત–૧૧)* મતલબ એ થયો કે પુરૂષને ડબલ હક્ક઼ મળશે અને સ્ત્રીને સિંગલ. તેનું કારણ એ છે કે, ઉપર મુજબ બાપની સંપત્તિમાંથી દીકરીને હિસ્સો મળે જ છે અને પરણાવ્યા પછી પતિના માલમાંથી પણ શરીઅતના મુજબ તેણીને હિસ્સો મળે છે. ઉપરાંત મહેરની રકમ ભેટ સોગાદ વગેરે શાદી પ્રસંગે મળે છે, તે સર્વેનો માલિકી હક્ક઼ ઈસ્લામે તે સ્ત્રીને જ આપ્યો છે. તે માલ ઉપર અથવા ચીજ વસ્તુ ઉપર, તેણીની માં, પતિ અથવા પિતાનો કોઈ જ હક્ક઼ નથી. આ રીતે દીકરીને પણ તેના ભાઈ જેટલું મળી જાય છે. સૂરએ નિસાઅ, આયત ૧૧માં ફર્માવ્યું, ''જે મરનારના સંતાનોમાં એકલી દીકરીઓ જ હોય ભલે બેથી વધુ તો મરનારની સંપત્તિમાંથી તેણીઓને ૨/૩ ભાગ મળશે પરંતુ મરનારને જો માત્ર એક જ દીકરી હોય (બીજાં સંતાન ન હોય) તો તેણીને ૧/૨ (અડધો) હિસ્સો મળશે.'' આ રીતે વહેંચણી કર્યા બાદ, બાકીનો વધેલો હિસ્સો બીજા વારસદારોમાં વહેંચાશે.

ઉપર મુજબ દીકરીઓના હક્ક઼ સ્પષ્ટપણે 'સૂરએ નિસાઅ'માં બતાવી દેવામાં આવ્યા છે, છતાં પણ અલ્લાહના આદેશોનો છડેચોક ભંગ કરીને તેણીઓને પોતાનો હક્ક઼ મેળવવાથી વંચિત રાખવામાં આવે છે તે માટે અલ્લાહથી ડરવું જોઈએ. આયતની શરૂઆતમાં જ **يُوصِيكُمُ اللّٰهُ فِىٓ اَوْلَادِكُمْ** શબ્દો વાપર્યા છે. **يُوصِيكُمُ اللّٰهُ** શબ્દ સ્પષ્ટ કરે છે કે એ અલ્લાહનો આદેશ છે, વારસાનો ઈસ્લામી ક઼ાનૂન કોઈ વ્યક્તિ અથવા કમિટીએ બનાવેલ નથી કે આપણી મરજી પ્રમાણે તેમાં ફેરફાર થઈ શકે. કુલ બે આયતોમાં માં, બાપ, પતિ, પત્ની, ભાઈ, બહેન, દીકરા, દીકરી... વિગરેના હક્કો઼ ઘણા જ વિગતવાર બયાન કરવામાં આવ્યા છે. એ બે આયતો પૈકી પહેલી આયતના અંતમાં ફરીથી આ રીતે તાકી઼દ કરી દે છે કે, **فريضة من الله** એટલે કે, ''આ આદેશ અલ્લાહ તરફથી ફર્ઝ કરેલો છે.'' બીજી આયતના અંતમાં આ રીતે ફરીથી આદેશ આપ્યો છે કે, **فريضة من الله** એટલે કે ''આ વસિય્યત આ આદેશ અલ્લાહ તરફથી છે.''

સમગ્ર 'સૂરએ નિસાઅ'માં બીજા અહકામની સાથે વારસા વહેંચણીના હુકમોને મહત્વ આપીને સમજાવ્યા છે અને એની વિશે વારંવાર તાકી઼દ અને મહત્વતા જાહેર કરેલ છે.

ઉપર જણાવેલ આયતો અને હદીષોથી સ્પષ્ટ જણાયું કે વારસાની ગણના ''હુકુકુલ ઈબાદ'' (બંદાઓ હક્ક઼)માં થાય છે. બંદાઓના હક્ક઼ અદા કરી દેવા ફરજિયાત છે. જ્યાં સુધી એ હક્ક઼ તલ્ફી (હક્ક઼ મારવો) એ જુલ્મ અને એ અત્યાચાર તે મઝલૂમ શખ્સ માફ ન કરી આપે જેનો હક્ક઼ માર્યો છે ત્યાં સુધી સજાપાત્ર ગણાશે અને એ ક઼યામતમાં બરબાદી લાવીને જ રહેશે.

યાદ રાખો ! નબીએ કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો છે, સર્વે હક્ક઼વાળાઓને તેમના હક્ક઼ પહોંચાડવામાં આવશે ત્યાં સુધી કે શિંગડાં વિનાની બકરીનો બદલો શિંગડાવાળી બકરીથી લેવામાં આવશે.

ઉપરોક્ત હદીષનો અર્થ એ છે કે જો શિંગડાવાળી

બકરીએ શિંગડા વિનાના બકરીને ભેટી મારી હશે તો ક઼િયામતના દિવસે તે શિંગડા વિનાની બકરી ભેટી મારનાર બકરીને ભેટી મારીને પોતાનો હક્ક઼ વસૂલ કરશે.

ભાઈઓ અને બહેનો ! મુંગા જાનવરોના હક્ક઼ આપવા માટે પણ આટલી બધી ચોકસાઈ થવાની છે, તો પછી ઈન્સાન છે કે જેને દરેક રીતે વાકેફ કરી દેવામાં આવ્યો હોય અને છતાં જો તે કોઈનો હક્ક઼ ડૂબાડશે, તો ક઼િયામતના દિવસે તેની કેવી કફોડી હાલત થશે ? તેનો માત્ર વિચાર કરતાં જ આપણને કંપારી છૂટી જાય છે.

યાદ રાખો કે મરનારની દીકરીઓ હોય, બહેનો હોય, માં હોય.... વગેરે જે સ્ત્રીઓ હક્ક઼દાર હોય તેમના હક્ક઼ શરીઅતના આદેશો મુજબ આપી દેવામાં જ આપણી ભલાઈ છે. **કોઈનો હક્ક઼ દબાવવો એ હરામ માલ ખાધા બરાબર છે.** ઈસ્લામી ક઼ાનૂન પ્રમાણે વસિય્યત, વારસો અને દરેક પ્રકારની માલી લેવડ દેવડનો મક઼સદ એક ખુશહાલ સુવ્યવસ્થિત સમાજની સ્થાપ્ના કરવાનો છે. જેથી મુસ્લિમોએ વહેલી તકે ઈસ્લામી આદેશો પર અમલ કરવાનું શરૂ કરવું જોઈએ. ઈસ્લામના આદેશોને અમલમાં મૂકવા જોઈએ. વર્તમાન યુગમાં વારસા વહેંચણીના ઈસ્લામી આદેશો પ્રચલિત કરવા જોઈએ, તેની પહેલ કરવામાં ઘણો જ સવાબ છે. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો છે, "જેણે મારી સુન્નતોમાંથી કોઈ એક સુન્નતને જીવંત કરી જે મારા પછી ભૂલાઈ ગઈ હોય, તો જેટલા લોકો તેની ઉપર અમલ કરશે તેનો સવાબ તે સુન્નત જીવંત કરનાર શખ્સને મળશે."

વળી મિશ્કાત શરીફની હદીષમાં આ મુજબ જણાવ્યું છે કે, "મારી ઉમ્મતના બગાડવાના સમયે જેણે મારી સુન્નતને પકડી રાખી તેને સો શહીદોનો સવાબ અર્પણ કરવામાં આવશે."

હવે વિચાર કરો કે **એક સુન્નત જીવંત કરવાનો આટલો બધો સવાબ રાખ્યો છે તો એક ફર્ઝ જીવંત કરનારને કેટલો મહાન સવાબ મળશે ?!** આજે લોકોએ સ્ત્રીઓનો વારસાઈ હક્ક઼ લગભગ નાબૂદ કરી નાખ્યો છે, તો આવા મરી પરવારેલા ફર્ઝને જો કોઈ શખ્સ જીવંત કરે, તેનો પ્રચાર કરે, તે પ્રથાને પ્રચલિત કરે તો ઉપરની હદીષ મુજબ સો શહીદોથી વિશેષ સવાબ અને જ્યાં સુધી એ ફર્ઝ ઉપર લોકો અમલ કરતા રહેશે ત્યાં સુધી એ સર્વે અમલ કરનારાઓના જેટલો જ સવાબ પણ તેને મળતો રહેશે.

અત્રે એક મસ્અલો બયાન કરીને લેખ સમાપ્ત કરું છે. મરનારનો જે કાંઈ માલ, ધન, સંપત્તિ હોય તેમાંથી પ્રથમ જે ખર્ચ કરવાનો છે તે આ મુજબ છે :–

(૧) પ્રથમ કફન દફનનો ખર્ચ કરવો (૨) પછી મરનારનું દેવું અદા કરવી દેવું (૩) તે પછી મરનારે જે કાંઈ વસિય્યત કરી હોય તે મુજબ અદાયગી કરી દેવી. (૪) વારસોના વચ્ચે માલની વહેંચણી. અત્રે એ વાત યાદ રાખવની છે કે કફન દફનનો ખર્ચ અને દેવું ભરપાઈ થયા બાદ જે કાંઈ સંપત્તિ બચશે તો તેવા બચેલા માલના ત્રીજા ભાગ મુજબ વસિય્યત પૂરી કરવામાં આવશે. વસિય્યતમાં ૧/૩ સંપત્તિ આપી શકે છે તેથી વધુ વસિય્યત કરી શકતો નથી. એ રીતે કફન દફન તથા કરજની રકમ અને વસિય્યત મુજબનો હક્ક઼ અપાયા બાદ જો કાંઈ જ ન બચે તો વારસદારોને કશું જ મળશે નહીં. અને એ પણ શરતો મુજબ અનુક્રમે અદાયગી થઈ ગયા બાદ જે માલ બચતો હોય, તો તે બચેલા માલની વહેંચણી ઈસ્લામી ક઼ાયદા મુજબ તમામ વારસદારો વચ્ચે કરવામાં આવશે. તેમાં વિશેષ કરીને, માં, બહેન, ફોઈ, દીકરીઓ એ રીતે સ્ત્રી વર્ગના વારસદારોને કેટલો હક્ક઼ મળે તેમ છે તેની જાણકારી કોઈ પણ મુફતી સાહબ પાસેથી મંગાવી લેવા અને ઈસ્લામી ક઼ાનૂન મુજબ દરેક હક્ક઼દાર પુરૂષને અને દરેક હક્ક઼દાર સ્ત્રીને જે જે હિસ્સો તેમને મળતો હોય તેનો હિસ્સો તેમને અવશ્ય આપી દેવો, એવું કરવાથી હક્ક઼ અદા થઈ જશે અને અલ્લાહ તેમજ તેના પ્યારા હબીબ ﷺ પણ રાજી થશે. અલ્લાહ દરેક મુસલમાનને નેક તૌફીક઼ આપે, અને હુક઼ૂકુલ ઈબાદ અદા કરવાની સદ્બુદ્ધિ આપે. સ્ત્રી વર્ગના હક્ક઼ો સમજવાની તથા એની અદાઈગીની તૌફીક઼ આપે. (આમીન)

બયાન

બ મૌક઼ા જશ્ને ૧૦૦ સાલા હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہ

# વહાબી તેહરીક઼ ઔર અંગ્રેજ સાઝિશ કી તારીખી દાસ્તાન !

અઝ : **મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાંખાં આ'ઝમી** (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

**ઓલમાએ બાવક઼ાર, અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા, ક઼ાબિલે એહતેરામ બુઝુર્ગો ! હમ ઔર આપ ઈન્તેહાઈ એહતેરામો અક઼ીદત કે સાથ, અપને ઔર સારી ક઼ાએનાત કે મર્કઝે અક઼ીદત, આક઼ાએ દો જહાં, હુઝૂર રહ્‌મતે આલમ, તાજદારે મદીના, સરવરે ક઼ાએનાત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ અરવાહોના ફીદા ﷺકી બારગાહે બેકસ પનાહમેં દુરૂદ પાક કી નઝરેં પેશ કર લેં...** (દુરૂદ શરીફ પઢવું)

હઝરાતે ગિરામી ! ઈસ વક઼્ત હમ ઔર આપ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ કી વિલાદતે તય્યબહ કે જશ્ને સદ સાલા કી અઝીમ ઔર પુરસુકૂન તક઼રીબમેં મૌજૂદ હૈં. દુનિયામેં બળી અઝીમ શખ્સિયતેં જલ્વાગર હૂઈ હૈં. દુન્યા કે ઈસ સ્ટેજ પર બળે બળે સાઈન્સદાં બળે બળે મુફક્કિ઼રીન, બળે બળે અરબાબે ઈલ્મ, બળે બળે મુહક્કિ઼ક઼ીન, ઔર બળે બળે અરબાબે અદબ પૈદા હોતે રહે હૈં ઔર પેદા હોતે રહેંગે. લેકિન ! તારીખે ઈન્સાનીમેં ઈન બળોં કા કામોં કે સાથ નામ તો મેહફૂઝ હોતા હૈ મગર ઉન્કે જશ્ને વિલાદત કો ઈન્સાની ઝિંદગી કે એક અઝીમ દિન કી હૈસિયત સે કહીં નહીં મનાયા જાતા. સરકાર મુફ્તીએ આ'ઝમ હિંદ رحمۃ اللہ علیہકી વિલાદતે તય્યેબહ કા યે અઝીમ દિન અગર કિસી મુફક્કિ઼ર કા દિન હોતા, કિસી મુસન્નિફ કા દિન હોતા, કિસી મુહક્કિ઼ક઼ીન કા દિન હોતા મહેઝ, કિસી અદીબ ઔર શાઈર કા દિન હોતા તો યક઼ીનન ! ન દીવાનોં કા યે મજમા હોતા ઔર ન પરવાનોં કી યે જમાઅત હોતી, હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ કા યે દિન દર અસલ અપને દૌર કે એક સરમદ કા દિન હૈ, એક મન્સૂર કા દિન હૈ, એક આશિકે઼ રસૂલ કા દિન હૈ, એક દીવાનએ ઈશ્કે઼ મુસ્તફા કા દિન હૈ, એક આમિલ બિલ્ હદીષ કા દિન હૈ, એક પયકરે ઈશ્કે઼ મુસ્તફા કા દિન હૈ. ઔર ઈશ્ક઼ જહાં જહાં ક઼દમ રખતા હૈ ઝિંદગી કે મીનાર તામીર હોતે ચલે જાતે હૈ. આજ હમ જો યે દિન મના રહે હૈં દર અસલ હમ ઉન્કે નુકૂશે ક઼દમ પર અપની ઝિંદગી કે, અપને મુસ્તકબિલ કે વો અઝીમ મીનાર તા'મીર કરના ચાહતે હૈં જો હમારે અક઼ીદે, હમારે અમલ ઔર હમારે કિરદાર કી બલંદી કી ઝમાનત બન ગએ.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! યાદેં સહારા હોતી હૈ ઝિંદગી કે લિયે,

*ઉજાલે અપની યાદોં કે હમારે સાથ રહેને દો !*
*ન જાને કિસ ગલીમેં ઝિંદગી કી શામ હો જાએ*

હમ હુઝૂર મુફ્તીએ હિંદ કી યાદોં કે સાથ ન સિર્ફ યે કે જીના ચાહતે હૈં બલ્કે મરના ભી ચાહતેં હૈ. હમ ઝિંદગી કી ઈસ શામ કો અપને ગલેસે લગાના ચાહતે હૈં જિસ શામ કે પર્દેમેં મુફ્તીએ આ'ઝમે હિંદ કે ચેહરેએ પાક વ રૂએ ઝૈબા કી તાબાનિયાં મૌજૂદ હોં, ઔર જલ્વાગરિયાં મૌજૂદ હોં.

લેકિન ! મૈં અપની તક઼રીર કો રવિશે આમસે હટકે જો મુઝસે સુનને કે આપ આદી રહે હૈં. આજ મૈં કુછ નયે અંદાઝ સે પેશ કરના ચાહુંગા, ઈસ લિયે કે ડોકટર યાકૂબ ઝક઼ીને જો ઈશારે દિયે હૈં ઉન ઈશારોં કી વઝાહત ન કરના ઉન્કે બળે તહક઼ીક઼ી મક઼ાલે કે સાથ નાઈન્સાફી હોગી. ઉન્હોંને સરકારે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી ઔર ઉન્કે વિસાલ ઔર વિલાદતે તય્યબહ કે દરમિયાન તારીખ કે દો અઝીમ વાક઼ેઆત કા તઝક઼ેરા કિયા હૈ. પેહલા વાક઼િઆ 'જંગે આઝાદી ૧૮૫૭' હૈ, ઔર દુસરા વાક઼િઆ 'સુકૂતે ખિલાફતે ઈસ્લામિયા' હૈ, સુકૂતે તર્કી હૈ. ઈન દોનોં વાક઼િઆત કે ઝરીયે સે ઉમ્મતે મુસ્લિમા કિન રાહોં પે લગ ગઈ હૈ, યે દર અસલ આજ જો હમ

કુછ કાટ રહે હૈં યે બીજ કે દરમ્યાનમેં બોએ જાનેવાલે પૌધોં કે નતાઈઝ હૈં, ઔર ઉસકે અષરાત હૈ. અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! કાબિલે એહતેરામ બુઝુર્ગો ઔર દોસ્તો ! વહાબિયત ક્યા હૈ ?! યે કિસ તરહ સે પૈદા હૂઈ ?! ઔર કિસ તરહ સે કિસને ઈસે જનમ દિયા ?! ઈસકો દેખના હૈ તો ૧૮૫૭સે પેહલે કી તારીખ કા આપ કો મુતાલિઆ કરના હોગા.

## હિંદમેં ૧૮૫૭સે પેહલે કોઈ વહાબી ન થા !

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! મૈં દુન્યાભર કે ઈન્સાનોં કો ચેલેંજ કરકે કેહતા હૂં ! વો અફ્રિકા કા બસનેવાલા ઈન્સાન હો, વો અમેરિકા કા બસનેવાલા મુસલમાન હો, યૂરપ કા બસનેવાલા હો, સઊદી અરબ કા બસનેવાલા હો, હિજાઝે મુકદ્દસ કા બસનેવાલા હો, યા હિંદુસ્તાન કી ઝમીં કા બસનેવાલા હો. **૧૮૫૭સે પેહલે તુમ હિંદમેં મસ્લકે અહલે સુન્નત કે એલાવા કોઈ તેહરીક નહીં દિખા સકતે હો ! કોઈ દુસરા અકીદા નહીં દિખા સક્તે હો !** તુમ દિખા હી નહીં સક્તે ૧૮૫૭ કે ઈન્કિલાબ સે પેહલે ! અંગ્રેજ ઉસે 'ગદર' કા નામ દેતા હૈ, અંગ્રેજ ઉસે દર અસલ 'ધોકે' કા નામ દેતા હૈ, અંગ્રેજ ઉસે 'બગાવત' કા નામ દેતા હૈ. મગર હમ ઉસે 'જેહાદે આઝાદી' કા નામ દેતે હૈં. હમ ઉસે 'ઝમીરો ફિક્ર કી આઝાદી' કા નામ દેતે હૈં, હમ ઉસે ઈસ બાત કે નામ સે મન્સૂબ કરતે હૈં કિ હમને પેહલી બાર ખાસ તૌર પે મુસ્લિમ કુવ્વતોંને જમા હો કર કે અંગ્રેજોં કે ખિલાફ જેહાદ કિયા ઔર ઈસ બાત કી કોશિશ કી કે ઉન્કી ગુલામી કી ઝંજીરેં અપને ગલેસે ઉતાર દેં ઔર અપને કદમોંસે તોળ દેં. ઉસ જેહાદે આઝાદી કે બાદ અંગ્રેજોને સોચ લિયા, અંગ્રેજોંને મેહસૂસ કર લિયા, અંગ્રેજોને જાન લિયા કે બગાવત અગર કી હૈ, ઈન્કિલાબ કા પરચમ અગર બુલંદ કિયા હૈ તો ઉલમાએ હક્કને કિયા હૈ, અહલે હક્ક ને કિયા હૈ, હઝરત અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદીને કિયા હૈ, જનાબે કિફાયત અલી કાફીને કિયા હૈ. હઝરતે શહીદીને કિયા હૈ ઔર દુસરે અકાબિરીનને કિયા હૈ. યે ઉલમાએ અહલે સુન્નત હૈં, યે ઉલમાએ હક્ક હૈં, અગર યે ઝિંદા રહે તો ઉમ્મતે મુસ્લિમા કો ફિર જમા કિયા જા સક્તા હૈ, ઈસી લિયે ઉન્હેં ઈન્દમાન ભેજ દો ! ઈન્હેં દરખ્તોં પે સૂલી દે દો ! ઔર ફિર ૧૮૫૭ કે ચંદ સાલ કે બાદ એક નયા મદરસા કાઈમ કરો જહાં ગુલામોં કી જમાઅત પૈદા કી જાએ, જહાં ખરીદે હુવે અફરાદ કી જમાઅત પૈદા કી જાએ, જહાં ઉન્કે ઝહનો ફિક્ર કે લોગ પૈદા કીએ જાએ. **ક્યા યે અઝીમ ઈત્તેફાક નહીં હૈ, કે ૧૮૫૭ મેં જો અંગ્રેજ ઉલમા કો સૂલી દે રહા હૈ, ૧૮૫૭મેં જો અંગ્રેજ મુસલમાનોં કો દરખ્તોં પે ચળ્હા રહા હૈ, ૧૮૫૭ મેં જો અંગ્રેજ ફઝ્લે હક્ક કો ઈન્દમાનમેં ભેજ રહા હૈ, ૧૮૫૭મેં જો અંગ્રેજ મુસલમાનોં કો તબાહ કર રહા હૈ, ઉસી અંગ્રેજ કે ઝેરે સાયા સાઠ કે બાદ એક મદરસા તશ્કીલ દિયા જા રહા હૈ ! એક દારુલ ઉલૂમ બનાયા જા રહા હૈ !**

જિન ઓલમા કો સૂલી દે દી ગઈ થી ઉન્હીં ઓલમા કી નસ્લ અગર પૈદા કરના મકસદ હોતા તો ઉન્હીં ઓલમા કો ઝિંદા રખા જાતા. ઉન્હેં સૂલી દે દી ગઈ ઔર એક નઈ જમાઅત કો તશ્કીલ દિયા ગયા, તા કિ વો ઉન્કી બોલી બોલતે હુએ નઝર આયેં, વો ઉન્કા કલમા પળ્હતે હુએ નઝર આયેં, વો ઉન્કી ગુલામી કરતે હુએ નઝર આયેં, યે તન્ખાહોં કા સિલસિલા જો તુમ્હેં મિલતા હુઆ નઝર આ રહા હૈં, કિસી કો★ ૬૦૦ મિલતા થા, કિસી કી કશ્તી સજાઈ જાતી થી, કિસી કો દર પર્દા ઈમદાદેં કી જાતી થી ! અંગ્રેજો કો ૧૮૫૭ કે બાદ

★***હવાલો* : ૧** *નવા ધર્મના હકીમુલ ઉમ્મત મોલ્વી અશરફઅલી થાન્વીના બારામાં ખૂદ તેમની જમાઅતના જ એક જવાબદાર મોલ્વીનું બયાન છે કે, ''મોલ્વી હિફઝુર્રહમાન સાહબના જવાબમાં કહ્યું કે, આ જુઓ ! મૌલાના અશરફઅલી થાન્વી અમારા અને તમારા સ્વીકૃત બુઝુર્ગ અને પેશવા હતા, તેમના સંબંધમાં કેટલાક લોકો એમ કહેતા સાંભળ્યા છે કે, તેમને (મૌલાના થાનવીને) ૬૦૦ રૂા. (છસો રૂપિયા) માસિક (પગાર) હુકૂમત (અંગ્રેજી હુકૂમત) તરફથી મળતા હતા.'' (આજના હિસાબે તે સમયના ૬૦૦ રૂા.ની કિંમત ૨૦ થી ૨૫ હજાર રૂપિયા થાય.) (તબ્લીગી જમાઅત કયા હૈ ? મકાલિમતુસ્સદરયન, પા. ૧૦–૧૧ ના હવાલે)*

***હવાલો ૨* :** *''મૌલાના મર્હૂમ થાનવીના ભાઈ* ***સી.આઈ.ડી.*** *(C.I.D.) ખાતામાં અંત સુધી મોટા હોદ્દેદાર રહ્યા. તેમનું નામ મઝહર અલી છે. જે કંઈ કર્યું હોય પરંતુ એ દૂરની વાત નથી કે અંગ્રેજોએ મઝહર અલીને સી.આઈ.ડી. નો હોદ્દો આપી રાખીને મુસલમાનો માટે કેટલું ખતરનાક કામ લઈ રહ્યા હતા.'' (તબ્લીગી જમાઅત કયા હૈ ? બ હવાલા મકતુબાતે શયખ)*

ઓલમાસે ઈત્ની મહબ્બત હો ગઈ થીં કે ઉન્હેં બાઝબ્તા વઝીફે દીયે જા રહે હૈં ?!

બાત દર અસલ યે હૈ કે અંગ્રેજોં ને સમઝ લિયા થા, વો કલ જો કર રહા થા વો આજ ભી કર રહા હૈ, બર્તાનિયા કી ઝમીન પર, યૂરપ કી ઝમીન પર, અમરિકા કી ઝમીન પર, ફન્ડામેન્ટલિસ્ટ કે નામ સે, ઓલમા કો તબાહ કિયા જા રહા હૈ, ઔર પ્રોગ્રેસિવ કે નામ સે, તરક્કી યાફતા કે નામસે, મોડર્ન અફરાદ કો આગે બળ્હાને કી કોશિશ કી જા રહી હૈ, યે આજ ભી હો રહા હૈ, ઉસ ઝમાને મેં ભી હુવા થા. બુન્યાદી મક઼સદ યે થા, મતલબ યે થા કે ઓલમાએ હક્ક઼ મૌજૂદ ન રહ જાએં, ઐસી દર્સગાહેં તશ્કીલ દી જાએં, ઐસે ઈદારે બનાએ જાએં. વરના ફઝ્લે હક્ક઼ કો બાઝાબ્તા તૌર પે સૂલી દે દેને કા હુકમ દિયા જાતા હૈ ઔર શહેર બદર કિયા જાતા હૈ, ઈન્દમાનમેં ક઼ૈદે તન્હાઈ દી જાતી હૈ, મગર ઉસી ઝમાનેમેં કિસી કો 'શમ્સુલ ઓલમા' કહા જાતા હૈ ! કિસી કો કિસી ઔર નામ સે યાદ કિયા જાતા હૈ. યે મુખ્તલિફ અક઼ાઈદ કે બાની ઔર અફકાર કે માનનેવાલે હૈં. સર સૈયદ અહમદખાં યક઼ીનન તારીખ કા એક બળા ઈન્સાન હો સક્તા અગર ઉસને સિર્ફ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ કાઈમ કિયા હોતા. મગર આપ કો અચ્છી તરહ માલૂમ હે , લોગ કેહતે હૈં કે ઓલમા સર સૈયદ કા ઈસી લિયે ઈખ્તેલાફ કરતે હૈં કે ઓલમા અંગ્રેજી કે મુખાલિફ હૈં. કસમ ખુદા કી ! ઓલમા અંગ્રેજી કે કભી મુખાલિફ નહીં રહે હૈં, કિસી દૌર મેં કિસી આલિમ કી તેહરીક કો તુમ અંગ્રેજી કે ખિલાફ નહીં દિખા સક્તે હો. હમને અંગ્રેજી કો પળ્હા હૈ, હમને અંગ્રેજી કો સિખા હૈ, સરકારે દો આલમ ﷺને ખૂદ હુકમ દિયા હૈ, તુમ ઈબ્રાની સિખો, દુસરી ક઼ૌમોં કી ઝુબાનોં કો સિખો, તા કિ તુમ ઉન્કે ફિત્નોં ઔર હર્બોં સે મેહફૂઝ રહ સકો, મુસલમાન ભલા કિસી ઝુબાન કા મુખાલિફ કૈસે હો સક્તા હૈ !

## સર સૈયદ કી ગુમરાહી ક્યા થી ?

હમને અગર ઈખ્તિલાફ કિયા થા, યા ઓલમાને અગર ઈખ્તિલાફ કિયા થા તો સર સૈયદ કી મઝહબી ફિક્રસે ઈખ્તિલાફ કિયા થા, ઉસકી તફસીરાતે અહમદિયાસે ઈખ્તેલાફ કિયા થા. યે વો શખ્સ થા કે જિસને બાઝબ્તા તૌર પર મો'જિઝાત કા ઈન્કાર કર દિયા યા તમામ મો'જિઝાત કી બાઝાબ્તા માદ્દી તવઝીહ કર દી. ઉસને યે કહા, اِهۡدِنَا الِصراط الۡمُستَقِيمَ મેં જો દુઆ કા મફહૂમ પાયા જાતા હૈ, દર અસલ દુઆ બિઝ્ઝાત પે કોઈ અસર નહીં રખતી હૈ. દુઆ કે ઝરીયે સે તેહરીકે અમલ પૈદા હોતી હૈ ઔર અમલ કે નતીઝેમેં જો ફાયદા હાસિલ હોતા હૈ ઉસે દુઆ કા ફાયદા સમઝા જાતા હૈ. દર અસલ દુઆ કોઈ ફાયદા નહીં રાખતી.

ફરિશ્તોં કે બારેમેં ઉસને કહા, ફરિશ્તે ખૈર કી અંદરુની કુવ્વતોં કા નામ હૈ, ઉન્કા કોઈ બાઝાબ્તા હિસ્સી ઔર મૌજૂદ વજૂદ નહીં હૈ. ઉસ શખ્સને અંબિયાએ કિરામ કે મો'જિઝાત કે બારેમેં કહા :—

وَاُبرِاُ الاَکۡمَهَ وَالۡاَبۡرَصَ وَاُحۡيِ الۡمَوۡتٰی بِاِذۡنِ اللّٰه

''હમ મકબૂહો મબરૂસ (લકવાવાળા તથા કોઢી) કો અચ્છા કરતે હૈ. ઔર મુર્દોં કો ઝિંદા કિરતે હૈ.'' ઉસને યે કહા થા, ''મુર્દોં કો ઝિંદા કરને સે મુરાદ દિલોં કો ઝિંદા કરના હૈ. ઔર મકબૂહો મબરૂસ (લકવા તથા કોઢવાલા) કો સોસાયટી સે નિકાલ દિયા જાતા થા. ઉન્હેં હઝરતે ઈસાને સોસાયટીમેં બાઈઝઝત મક઼ામ દિલવા દિયા.'' ઉસ શખ્સને કહા થા કિ :—

اَضۡرِبۡ بِعَصَاكَ الۡحَجَرَ فَانۡفَجَرَتۡ مِنۡهُ اُثۡنَتَاعَشۡرَةَ عَيۡنًا

''અપને અસા કો લે કે પથ્થર પર મારો ! બારહ ચશ્મે જારી પા જાઓગે.'' ઉસને કહા થા, ઝર્બ કા સિલા જબ **બે** આતા હૈ તો ચલને કે માઅનેમેં હોતા હૈ. ઔર અસા કે માઅના ક઼ૌમ કે ભી આતે હૈં ઔર અલ હજર કો તસ્બીહન પહાડ કહા ગયા હૈ, ઈસ લિયે અપની ક઼ૌમ કો લે કે પહાડ પે ચલે જાઓ વહાં બારહ ચશ્મે જારી પા જાઓગે.

પૂરી કુર્આન કી તફસીર ઈસી તરહ ઉસને બદલ કે રખ દી હૈ. ચૌદહસો સાલ કે ઝખીરોંસે ઈન્હેરાફ કિયા હૈ ! ઓલમાને ઈસ લિયે ઈખ્તિલાફ કિયા થા. મગર યહાં અંગ્રેજ બોલ રહા થા, ઉસકે પીછે તજદુદ બોલ રહા થા, ઉસ દૌર કા ઝહન બોલ રહા થા, દર અસલ ઉસકા મિજાઝ અપોલો જાઈટીક થા, વો અસ્રે જદીદ કી તેહરીકોં કે સામને ઈસ્લામ કો માઝિરાત ખ્વાહાના અંદાઝમેં પેશ કરના ચાહતા થા. યે લોગ બાદમેં પૈદા

કિયે ગયે ઔર ઈન્કે ઝરિયે સે ઝેહન ખરીદે ગયે, તબીઅતેં ખરીદી ગઈ, ગુલામ બનાને કી કોશિશ કી ગઈ. બિલા શુબ્હા કુછ ફવાઈદ હુએ મગર મઝહબ કી કાશ્ત (કાટછાટ) પર હુએ, ઈમાન કી કાશ્ત પર હુએ, ઔર અક઼ીદે કી દેહલીઝ પર, ઔર અક઼ીદે કે ખિલાફ અમલ કરને કે બાદ હૂએ, ઉન કા ઈન્કાર નહીં કિયા જા સક્તા. મગર નુકસાનાત બહોત ઝયાદા હૈં. ઈન નુકસાનાતને મિલ્લત કે સિરાઝે કો મુન્તશિર કરને કી કોશિશ કી, યે ઔર બાત હૈ કે દુન્યાને બહોત જલ્દ ઉન્કી તહરીકોં કો મેહસૂસ કર લિયા. વો ચૂં કિ કિસી મૌલ્વી ઘરાને કે આદમી નહીં થે, બાઝાબ્તા કિસી દર્સગાહ ઔર કિસી દારુલ ઉલૂમસે નહીં નિકલે થે, ઈસી લિયે ઉન્કી તેહરીક઼ કો મોડર્ન કેહ કે નિકાલ દિયા ગયા.

મગર જબ દેખા ગયા સર સૈયદ મુઅષ્થિર નહીં હો રહે હૈં, અબ દર્સગાહેં બદલની ચાહિયે જહાં જુબ્બા પહેનનેવાલે હમારી બોલી બોલ રહે હોં, જહાં દસ્તાર પહેનનેવાલે હમારી બોલી બોલ રહે હોં, જહાં ઈલ્મ કી સનદ હાસિલ કરનેવાલે હમારી બોલી બોલ રહે હોં, જબ યે કોઈ બોલી બોલ રહે હોંગે તો યક઼ીની તૌર પે દુન્યા ઉસે સુનને કી કોશિશ કરેગી. આપ કો અચ્છી તરહ માલૂમ હોગા કે ગુલામ અહમદ ક઼ાદયાની કે ઝરિયે સે જેહાદ કી તેહરીક કો સુબો તાર (ખત્મ) કરને કી કોશિશ કી ગઈ. જેહાદ કે મફહૂમ બદલને કી કોશિશ કી ગઈ. ગુલામ અહમદને અપની તેહરીરોંમેં બાઝબ્તા તૌર પર જોર દિયા કે જેહાદ કા વો મફહૂમ નહીં જો ઔલમા બયાન કર રહે હૈં, જેહાદ સે મુરાદ જેહાદ બિન નફ્સ હૈ, જેહાદ સે મુરાદ મુજાહેદા હૈ, જેહાદસે મુરાદ અપને ઘરમેં અપની ઈસ્લાહ કરના હૈ. જેહાદ જો ઝિંદગી કા એક ફરીઝા થા, જેહાદ જબ તક ઝિંદા રહ હમ ઝિંદા રહે, જેહાદ કે સાથ હમારા કારવાંને હયાત બઢ્હતા રહા. જેહાદ કે ઝરિયે સે.... રુકતા ન થા કિસી સે સૈલે રવાં હમારા !

વો જેહાદ કા નતીઝા થા કે સમરકંદ હમારા થા, બુખારા હમારા થા, તાઝિકિસ્તાન હમારા થા, કઝાકિસ્તાન હમારા થા, આઝરબાઈજાન હમારા થા, આર્મિનીયા હમારા થા, સિસ્લી હમારા થા, ઈટલી હમારા થા, બલ્ગારિયા હમારા થા, ઔર ઈસ તરહ કે કિતને મમાલિક હમારે થે, મગર આજ જબ રૂહે જેહાદ મુર્દા હો ગઈ તો યે સારે મમાલિક હમારે હાથોંસે ફિસલ ગયે. હમારે રેહ કર કે ભી હમારે ન રહ સકે. હમ જબ તક જેહાદ કી બુન્યાદોં પે આગે બઢ્હતે રહે, ઝિંદા રહે.

'ગુલામ અહમદ ક઼ાદિયાની' જૈસે અફરાદ કે ઝરિયે સે જેહાદ કે મફહૂમ કો બદલને કી કોશિશ કી ગઈ મગર ઉસકે સાથ એક ઔર ગલતી ભી કરવા દી ગઈ કે ઉસસે નુબુવ્વત કા એલાન કરવા દિયા ગયા. નતીઝા યે હુવા કે ઉમ્મત કી અકષરિયતને બલ્કે હર ફર્દને ઉસે મુત્તહિમ ક઼રાર દિયા, ઉસે કાફિર ક઼રાર દિયા, ઔર વો ઉમ્મત પર હુકમરાની ન કર સકા જો અંગ્રેજોને ખ્વાબ દેખા થા.

## તબ્લીગીયોં કે ચિલ્લોં કે લિયે કોઈ હદીષ નહીં !

અબ જેહાદ કા મફહૂમ બદલને કે લિયે એક નઈ તેહરીક શુરૂ કી ગઈ. ઉસ નઈ તેહરીક મેં ભી જેહાદ કા સવાબ દુસરે તરીકે સે બાંટ દિયા ગયા. اِنْفِرُوْا خِفَافًا وَّثِقَالًا "તુમ નિકલ જાઓ હલકે ઔર બોઝલ બન કર કે." તબ્લીગી જમાઅત કે સાથ નિકલ જાઓ ! બસ જેહાદ કા ફાયદા તુમ્હેં હાસિલ હો જાએગા. તુમ એક ચિલ્લા કર લો સાઠ શહીદોં કા ષવાબ તુમ્હેં મિલ જાએગા ! તુમ ચાલીસ રોઝ કે લિયે નિકલ જાઓ, ઈત્ને ફાયદે હો જાએંગે ! અંગ્રેજને સોચા જેહાદ કો નહીં બદલ સક્તે, મફહૂમે જેહાદ કો બદલ દો ! મફહૂમે જેહાદ કો ઉસકી દેહલીઝ પે ખત્મ કર દો. પુરે તબ્લીગી લિટરેચર કો પઢ્હો, જેહાદ કા સારા ષવાબ ચલત ફિરત કો દે દિયા ગયા હૈ ! જૂઠી રિવાયાત ગઢ્હ દી હૈ. જેહાદ કી જિત્ની ભી આયતેં હૈં વો સબ ચિલ્લોં કે હવાલે કર દી ગઈ હૈં ! વરના **ઈન ચિલ્લોં કે લિયે કોઈ આયત નહીં હૈ, કુર્આનમેં ! મૈં ચેલેન્જ કર કે કહતા હૂં કે ઈન ચિલ્લોં કે લિયે કોઈ હદીષ નહીં હૈ ! યે ચિલ્લે બિદઅતે સૈયેઅહ્ હૈં ! ઔર ન અહદે તાબઈનમેં મૌજૂદ થે, ન અહદે ખુલફામેં મૌજૂદ થે, ન અહદે રિસાલતમેં મૌજૂદ થે. ચિલ્લોં કી કોઈ હૈસિયત નહીં હૈ.** યે ચિલ્લે નહીં થે, મગર જેહાદ કા મફહૂમ ક઼ાદિયાનીને બદલના ચાહા તો દર અસલ ઉસકે એલાને નબુવ્વત કી વજહસે વો મફહૂમ કામ્યાબ ન હો સકા. તો અબ અમલન્ બદલને કી કોશિશ કી ગઈ. ચિલ્લા કરો કામ્યાબ હો જાઓગે !

ઔર દેખો ઉસકે લિયે તુમ્હેં બળા ખામોશ રેહના હે ! દુન્યામેં કુછ ભી હો જાએ ઝુબાન મત ખોલના ! અગર તુમ સુનો કે ઈઝરાઈલને બૈતુલ મુકદ્દસપે કબ્ઝા કર લિયા હૈ તો મસ્જિદમેં દુઆ કરો, અય અલ્લાહ ! ઈઝરાઈલ કી તોપોં મેં કીળે પળ જાએં ! ઝાલિમોં ! યે ઝનાના દુઆએં તુમ્હેં મૌતસે હમ કનાર કર સક્તી હે, યે નામર્દીકી દુઆએં તુમ્હેં જેહાદ કી રાહોં સે અલગ લે જાનેવાલી હે, તુમ્હેં મા'લૂમ નહીં હે ! તુમ જાનતે નહીં હો, તુમ ઈસ હકીકતસે આશના નહીં હો કિ દુઆએં મેદાને અમલમેં કી જાતી હે, દુઆએં મેદાને જેહાદમેં કી જાતી હે, દુઆએં સર કો હથેલી પે લે કે કી જાતી હે, દુઆએં નકદે જાં પેશ કર કે કી જાતી હૈં, દુઆએ મતાએ ઝિંદગી કુર્બાન કર કે કી જાતી હૈં, દુઆએં અપના સબ કુછ લૂટા કે કી જાતી હૈં, **રસૂલુલ્લાહ ﷺ સે બળ્હ કર દુઆ કરનેવાલા કૌન હો સક્તા હૈ ?! કૌન મુસ્તજાબુદ્દાવાત હો સક્તા થા ? વો અગર કા'બા કી દીવારોં કે નીચે દુઆ કરતે તો પૂરા આલમ મુસલમાન હો જાતા, મગર ૩૧૩ નિહત્થે મુજાહિદીન કો લે કે જબ મેદાને બદ્ર મેં ઉતરતે હૈં તો કેહતે હૈં, અય અલ્લાહ ! અબ અગર યે નાકામ હો ગયે તો તેરી કભી ઈબાદત ન હો સકેગી. પેહલે અપની મતાએ અમલ પેશ કર દી હૈ, પેહલે અપની મતાએ તબ્લીગ પેશ કર દિયા હૈ, પેહલે અપના સબ કુછ કુર્બાન કરને કે લિયે ખુદા કે રાસ્તેમેં પેશ કર દિયા હૈ, ફિર પયગંબર ઝુકતે હૈં તો નાઝે બંદગી ઈસ તેવરમેં બાત કર રહા હૈ કે પયગંબર કે એલાવા કોઈ નહીં કર સક્તા ! "તેરી કભી ઈબાદત ન હો સકેગી !"** કરોળોં મુહમ્મદ જો પૈદા કરને કા દાવા કરતે હૈ વો એક મુહમ્મદસે નહીં કહ સક્તે, આપ નહીં હોંગે તો કોઈ ઔર હોગા, ઉસકે ઉમ્મતી હોંગે, આપ યે કૈસે કેહ સક્તે હૈં કે, لَنْ تُعْبَدَ اَبَدًا "કે તેરી કભી ઈબાદત ન હો સકેગી !" યે ખત્મે નબુવ્વત કી દલીલ હે ! નબી જાનતે થે, ન મેરે બાદ કોઈ નબી આએગા ન ઉમ્મત હોગી, ઈસ લિએ મૈં દુઆ તો ઝરૂર કર રહા હૂં મગર યે ઝિંદા રહેગી ઔર અલ્લાહ કી ઈબાદત ઈસી સે હોગી.

ઓલમાસે પૂછીએ યે لَنْ تُعْبَدَ اَبَدًا કેહના ઈત્ના આસાન હૈ મગર નાઝે ગુલામી કેહ રહા હે, નાઝે બંદગી કેહ રહા હૈ ઈફતેખારે નબુવ્વત બોલ રહા હે, અઝમતે નબુવ્વત બોલ રહા હે, ગૈબદાં રસૂલ બોલ રહા હે, મુસ્તફા કી નિગાહોં સે ફૈસલા કરનેવાલા પયગંબર બોલ રહા હે, જિસકી મુકદ્દસ અબરૂઓંસે કાએનાત કી તકદીર બદલતી હે વો બોલ રહા હે ઔર ઈસ મુહાલ કો ઈસી લિયે બોલ રહા હે કિ યે વાકેઅ હોનેવાલા નહીં હૈ ! ઉસકા ઈલ્મ જાન રહા હૈ, لَنْ تُعْبَدَ اَبَدًا "તેરી કભી ઈબાદત ન હોગી." "અય અલ્લાહ ! ઈબાદત તો ઝરૂર હોગી મગર ઈન્હીં ગુલામોં કે ઝરિયે હોગી. ઈન્હીં ૩૧૩ નિહત્થે મુજાહિદીન કે ઝરિયે સે હોગી, હુઝૂર તો મેદાને બદ્રમેં ઉતરેં, અમીરે હમ્ઝા કા ચબાયા હુઆ કલેજા દેખેં ! ઔર યે જેહાદ કા ષવાબ તબ્લીગી જમાઅતમેં ઘુમનેવાલોં કે હવાલે કર દેં ! ઔર યે લોગોં કે લિયે દુઆ કરેં ! ઈસ્રાઈલ કે લિયે દુઆ કરો, તબાહ હો જાએં ! મેં અર્ઝ કરના ચાહતા હૂં, તુમ રૂહે જેહાદ સલ્બ કર રહે હો, કુવ્વતે જેહાદ સલ્બ કર રહે હો, પૂરી દુન્યામેં જો તુમ્હારી ચલત ફિરત કો આઝાદી હે યે ઉસી સાઝિશ કા નતીઝા હે. હમને અપને દો મુફક્કિરીન કો બુલવાયા તો હજાર પાપળ બેલને પળે ! મગર તુમ લાખોં કી તા'દાદમેં દુન્યામેં ફિર રહે હો, દુન્યા જાનતી હે કિ યે અપની હી મૌત કા સામાન કર રહી હે ! યે અપની હી તબાહી કા સામાન કર રહે હૈં ! યે ખૂદ કો હી બર્બાદ કરના ચાહતે હૈં ! યે રૂહે જેહાદ મુર્દા કર રહે હૈં, યે રૂહે અમલ મુર્દા કરના ચાહતે હૈં, યે અપને કો તબાહ કરના ચાહતે હૈં, ઈસી લિયે ઉન્હેં ફિરને દો ! યે અમરિકા જાએં ઉન્હે મત રોકો ! યે અરબ જાએં મત રોકો ! યે દુન્યામેં કહી ઘુમેં મત રોકો ! ઈસી લિયે કે યે મુસલમાનોં કા જૌહરે અમલ છીનના ચાહતે હૈં, રૂહે મુહમ્મદ છીનના ચાહતે હૈં, ફિક્રે ઈન્કિલાબ છીનના ચાહતે હૈં, કભી આપને તબ્લીગી જમાઅતપે ઈસ નુક્ત એ નઝર સે ગૌર કિયા ?!

## તબ્લીગી જમાઅત ઈસ્લામ કે ખિલાફ એક સાઝિશ !

મૈં અર્ઝ કરના ચાહતા હૂં પૂરે યૂરપ કો મૈંને યે કહા હે તબ્લીગી જમાઅત એક તેહરીક ભી હે ઔર એક

સાઝિશ ભી હૈ, જિસકા બુન્યાદી મક્સદ યે હૈ કિ મુસલમાનોં સે રૂહે જેહાદ સલ્બ કર લી જાએ. મૈં જમાઅતે ઈસ્લામી કે હવાલે સે બાત કરું. ૧૯૬૦ મેં દા'વત કા એક શુમારા જમાઅત કે દફતરસે તબ્લીગી જમાઅત કે દફતરમેં પોસ્ટ કિયા ગયા. તબ્લીગી જમાઅત કે સબસે બળે અમીર સાહબ ઝિંદા થે. ઉન્હોંને અપને કલમસે દા'વત પર લિખા કે ઈસ પરચે કો હમારે પાસ ન ભેજીયે, હમ અલ્લાહવાલે લોગ હૈં, ન હમેં પળ્હને કા મૌકા હૈ ! અપના વક્ત ઝાએઅ્ ન કીજીએ, હમારી ઈબાદતેં જાએઅ ન કી જાયે. જમાઅતે ઈસ્લામી કા કોઈ નુમાઈન્દા મૌજૂદ હો તો મેરે ઈસ હવાલેસે દેખે. તબ્લીગી જમાઅત કરન્ટ ઈસ્યુઝ કે ઝરિયે સે દુન્યા કી નિગાહેં બંદ કરના ચાહતી હૈ. દરવાઝે પે તુફાન દસ્તક દે રહા હો, મુસલમાન આશના ન હો, કયામતેં તૂટ રહી હોં મુસલમાન આશના ન હો, હવાદિષાત આ રહે હોં મુસલમાન આશના ન હો ! ઈર્તેદાદ ફૈલ રહા હો મુસલમાન આસના ન હો. ખાકો ખૂનમેં મિલાને કી તૈયારી કી જા રહી હો, મુસલમાન આસના ન હો. ઝમીને લૂંટ રહી હોં, મુસલમાન આશના ન હો. આબરૂએં બર્બાદ હો રહી હો, મુસલમાન આશના ન હો ! આપ સિર્ફ તસ્બીહ ઘુમાતે રહેં ! આપ સિર્ફ ઈબાદત કરતે રહેં ! આપ સિર્ફ ચિલ્લા કાટતે રહો ! કારોબાર ન કરો, ઈબાદત કરો ! જી હાં ! બિઝનેસ ન કરો, ઈબાદત કરો ! યુનિવર્સિટી મત જાઓ, અલ્લાહ પાસ કર દેગા ! અસબાબો વસાઈલ કી દુન્યામેં ઝર્બેં લગાનેવાલે, ઠોકરેં લગાનેવાલે, ખાલિકે અસબાબ કી, તખ્લીકે અસબાબ કી મુખાલિફત કર રહે હૈં ! ઉસને ઝિંદગી કી અઝમતેં અસબાબ કી બુન્યાદ પર અતા ફર્માઈ હૈ. યે અસબાબસે બેનિયાઝ કરતે હૈં. ફલસફા પળ્હ રહા હૈ, ટેક્નોલોજી કી લાઈનોમેં આગે બળ્હના ચાહતા હૈ, દુન્યા કી ઝિંદા કૌમોં કે બરાબર હોના ચાહતા હૈ, એક ચિલ્લા દિલવા દિયા જેહાનત કા ચિરાગ બુઝ ગયા હૈ ! અબ એક દુસરા ગટ્ટા ઉસકે ઉપર આ ગયા હૈ ! મૈં અર્ઝ કરના ચાહતા હૂં, મૌત કા સામાન કરનેવાલે હમારે તલબા કો યુનિવર્સિટીસે લે જાતે હૈં, હમારે કારોબારિયોં કો બાઝાબ્તા બિઝનેસસે લે જાતે હૈં, હમારે આમિલીન કો અમલ કે મેદાન સે લે જાતે હૈ, ઉન્હેં નાકારા બના દેતે હૈં, ઉન્હેં ઝલીલ બના દેતે હૈં, ઉન્હેં ભીકારી બના દેતે હૈં, ઉન્હેં રૂસ્વા બના દેતે હૈં, ઉન્હેં ઠોકરોંમેં ડાલતે હૈં, ઉન્હેં તબાહીયોં મેં ડાલ દેતે હૈ, તુમ સમઝતે હો હમ કિસી ફિર્કે કે ખિલાફ બોલ રહે હૈં ! અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! જબ ભી ઈસ્લામપે ઝર્બ લગાઈ જાએગી તો ઝમીરે મો'મિન તળપેગા. તો ઈન્કી ચલત ફિરત કા ઝાએજા લો, તુમ ઈન્કી ઈબાદતોં કા ઝાએજા લો, ક્યા ઈસ્લામ સિર્ફ નિઝામે ઈબાદત કા નામ હૈ ? ઈસ્લામમેં ઈબાદત એક હિસ્સા હૈ, ઈસ્લામ દર અસલ પૂરે નિઝામે ઝિંદગી કા નામ હૈ. પૂરે આઈને હયાત કા નામ હૈ, ઈસ્લામ નિઝામે મઆશ ભી હૈ, ઈસ્લામ નિઝામે મઈશત ભી હૈ, ઈસ્લામ નિઝામે તેહઝીબ ભી હૈ, ઈસ્લામ નિઝામે તમદ્દુન ભી હૈ, ઈસ્લામ નિઝામે જહાંબાની ભી હૈ, ઈસ્લામ કદરે **Values of Life** કા નામ હૈ. ઈસ્લામ ઝિંદગી કી અકદાર કો નુમાયા કરને કા નામ હૈ, ઈસ્લામ જુહદે મુસલસલ હૈ, ઈસ્લામ સઈયે પયહમ કા પયકર હૈ. ઈસ્લામ તબ્લીગે આ'ઝમ હૈ. ઈસ્લામ દુન્યા કે હર મેદાનમેં આગે બળ્હને કી ભરપુર સલાહિયત કા નામ હૈ. દર અસલ ઈસ્લામ કી તા'બીર થી. **મગર આજ માયૂસી સે રૂઠે હુવે ચેહરે ઔર ઈન્તેહાઈ માયૂસ ઔર બુઝે હુએ દિમાગ, જેહાનતોં સે મોઅર્રા સૂરતેં ગલિયોં મેં મખ્સૂસ લિબાસ પહેન કર કે લોગોં કો નમાઝ કી દા'વત દે રહે હૈ ! દુઆઓં કી દા'વત દે રહે હૈ! ઐસા નિઝામ બનાયા હૈ ઝાલિમોંને કે સોચને કા મૌકા હી ન મિલે** ! ઘર સે નિકલો તો યે કરો, ખળે હોકર કે દરવાઝે પે દુઆ કરો, ફિર સ્ટેશન પે ખળે હોકર કે દુઆ કરો, જબ ઉતરો તો દુઆ કરો, ઉસકે બાદ દો ગૃપ મેં તકસીમ હો જાઓ, આબાદી કે સરમાયાદારોં કે પાસ જાઓ ઔર ઉસકે બાદ ગરીબોં કે પાસ જાઓ, પેહલા ચિલ્લા કરો હલકા બનાઓ, ચાલીસ ઘંટા ઈસે મસરૂફ કર દિયા ગયા હૈ ! વો ક્યા જાને કે કયામત કયા ચાહ રહી હૈ ?! વો કયા જાને આશિયાના લૂટનેવાલા હૈ ?

*તુમ્હેં કાલી ઘટા કો ભી નહીં પેહચાનના આતા*
*નશેમન સે ધૂઆં ઉઠતા હૈ તુમ કેહતે હો સાવન હૈ !*

આજ કે દૌર મેં તબ્લીગી જમાઅત ઈસ્લામ કે ખિલાફ સબસે બળી સાઝિશ હૈ, મૈં ઈસે દુન્યા કે કિસી

ભી મૈદાનમેં ચેલેંજ કરને કે લિયે કેહતા હૂં, ઉન્કે આ'માલ, ઉન્કી છે બાતોં કી તબ્લીગ ઔર જેહાનતોં કે બુઝે હુવે ચિરાગોં કો દિખા કર કે મૈં બતાને કે લિયે તૈયાર હૂં કે યે લોગ દર અસલ યે ચાહતે હૈં કે મુસલમાન દુન્યાસે બેખબર હો જાએ, આજ કે દૌર મેં મઆશ કી બુન્યાદ પર યહૂદી થોળા સા યહૂદી પૂરી દુન્યાપે હુકૂમત કર રહા હે. મિડીયા ઉસ્કે કબ્ઝેમેં હૈ, તિજારત ઉસકે કબ્ઝેમેં હૈ, ઝેહન ઉસકે કબ્ઝેમેં હૈ, સાયન્સ ઉસકે કબ્ઝેમેં હૈ, ઝિક ઉસકે કબ્ઝેમેં હૈ, ફલસફા ઉસકે કબ્ઝેમેં હૈ. નતીઝા યે હૈ કે ચંદ લાખ યહૂદી દુન્યા કે કરોંરોં ઈન્સાનોં પર વો મુસલમાન હો યા ઈસાઈ હો, દોનોં પે હુકૂમત કર રહે હૈં, આપ કો ગલતફહમી હૈ કે અમરિકા ખામખાં ઉન્કી તારીફ કર રહા હૈ ?! અમરિકા ઉન્કે સાઈન્સદાનોં કે સામને ઘુટના ટેક ચૂકા હૈ, ઉન્કે ટેકનિશયન કે સામને મજબૂર હો ચૂકા હૈ, ઉન્કે બાઝાબ્તા મિડીયા કે સામને બેબસ હૈ, ઉન્કે ડિસ્કવરી ઔર તેહકીક઼ કરને વાલોં કે સામને વો કુછ ભી નહીં કર સક્તા. બર્તાનિયામેં ચંદ લાખ યહૂદી હૈ મગર પાર્લામેન્ટ પર ઉન્કા કબ્ઝા હૈ, ચંદ લાખ યહૂદી અમેરિકા મેં બસ રહે હૈં મગર બાઝાબ્તા ઉન્કી લોબિંગ કે ઝરિયે સે ઔર ઉન્કે પ્રેશર ગૃપ કે ઝરિયે સે અમરિકી હુકૂમતને હમેશા સર ઝુકાયા હૈ. **યે દુન્યામેં જીને કા તરીક઼ા હૈ ! મગર તુમ્હારા યે આલમ હૈ કે તુમ દુન્યામેં આંખે બંધ કર કે જીના ચાહતે હો ! જિસ હુકૂમતને ઈસ કો સ્પોન્સર કિયા, જિસ હુકૂમતને તુમ કો દુન્યા ભરમેં ફિરાયા, જિસ હુકૂમતને સિર્ફ બર્તાનિયામેં ચારસો તબ્લીગી જમાઅત કે મૌલ્વીઓં કો વઝીફા બીસ હજાર પાઉન્ડ પર ઈયર કે એતેબાર સે દિયા, ઉસ હુકૂમત પર જબ વક્ત આયા તો અમરિકા આયા વહાં તહફ્ફુઝ કે લિયે ! મગર ઉસ હુકૂમત કે લોગ અસ્લહે ઈસ્તેમાલ કરને કી સલાહિયત નહીં રખતે ! વો અય્યાશિયાં કર રહે હૈં ઈસી લિયે કે વો ઝેહન તુમને બનાયા હૈ વો ઝેહન મર્દાના ઝેહન નહીં હૈ, વો ઝેહન મૌત કી તરફ લે જાનેવાલા હૈ.** ઈસ્લામ નિઝામે ઈબાદત ભી હૈ, મગર નિઝામે જેહાદ ભી હૈ. **જબ ઈબાદત ઔર જેહાદ સાથ સાથ ચલતે થે તો મુસલમાન કામયાબ થા, લેકિન ! જબ ઈબાદત સે જેહાદ કો અલગ કર દિયા ગયા તો ઈબાદત મૌજૂદ રહી મગર મસ્જિદેં લૂટતી રહીં.** ઈબાદત મૌજૂદ રહી સિસલી કા સુહાગ લૂટતા રહા, ઈબાદત મૌજૂદ રહી મરક઼દે બુખારી પર દુસરોં કા કબ્ઝા રહા, ઈબાદત મૌજૂદ રહી ઉસુલુશ્શાશીકે મુસન્નિફ કે આષાર મિટા દીયે ગયે. રૂહે જેહાદ મૌજૂદ રહી ઔર હઝરત ખ્વાજા મોઈનુદ્દીન અજમેરી કે વતને અસ્લી પર ગૈરોં કા કબ્ઝા હો ગયા. મૈં કેહતા હૂં ઈબાદત મૌજૂદ રહી મગર મઅ્રૂફે કર્ખી رحمۃ اللہ علیہ ઔર હઝરતે ચર્ખી رحمۃ اللہ علیہ કે વતન પર સદી તક દુસરોં કા કબ્ઝા રહા. આજ ફિર વો મમાલિક આઝાદ હો રહે હૈં, હમેં બહૈસિયતે મુસલમાન સોચના હૈ, હમારી વો પાંચ રિયાસતેં જો કમ્યુનિઝમ કે ઈકતેદારસે અલગ હો રહી હૈં ઉનમેં હમેં ક્યા કરના હૈ, ઉન્મેં હમેં ક્યા સોચના હૈ, કિન રાહોં પે ચલના હૈ. *(ક્રમશઃ)*

## ખૌફે ખુદા અને ઉમ્મતનો ગમ સુન્નત છે

નબી અકરમ ﷺ ફર્માવે છે : ખુદાની ક઼સમ ! હું તો સૌથી અધિક અલ્લાહની મઅરેફત ધરાવું છું અને સૌથી અધિક તેનો ખૌફ તથા ડર રાખું છું. *(મિશ્કાત શરીફ અરબી, પેજ–૨૭)* હઝરત અબ્દુલ્લાહ બિન સખ્ખીર رضی اللہ عنہ રિવાયત કરે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને નમાઝ પઢતાં એ હાલતમાં જોયા કે આપના પેટ મુબારકેથી એ રીતે અવાજ આવી રહ્યો હતો જાણે હાંડલી ઉકળી રહી હોય. ઈબ્ને અબી હાલા رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ પર હમેશાં ખૌફ તથા ચિંતા છેવાયેલી રહેતી હતી, કદી નચિંત નથી રહ્યા.

હુઝૂર ﷺનું ખુદાથી ડરવું અતિ નિકટના બંદા હોવાની હૈસિયતથી હતું, નહીં કે મઆઝલ્લાહ કોઈ ગુનાહોના કારણે ! નબી તો માસૂમ હોય છે. વળી આપ ﷺના માટે સૌ પ્રથમ જન્નતનો દરવાજો ખુલશે, સૌ પ્રથમ આપ જ જન્નતમાં પ્રવેશશે. પણ આપ પોતાની ઉમ્મતના ગમમાં ચિંતિત રહેતા હતા, જેથી ઉમ્મતનો ફરીઝો બને છે કે સુન્નતે મુસ્તફા એટલે કે ખુદાનો ડર રાખવાને પોતે અપનાવે અને પોતાના મુસલમાન ભાઈઓની આખેરત સંબંધે ચિંતિત રહી પોતાની તથા તેમની આખેરત સુધરે તેવા કામો કરતો રહે. કેમ કે ઉમ્મતે મુસ્લિમાના માટે ચિંતા કરવી એ પણ સુન્નતે મુસ્તફા ﷺ છે.

# એક મહાન લેખક... પ્રોફેસર મસ્ઊદ અહમદ

-::: રજૂકર્તા :::-

**અલ્તાફ હુસૈન કુરચનવી,** *મુતઅલ્લિમ : અલ્ જામિઅતુલ અશ્રફિયહ્–મુબારકપુર (યુ.પી.)*

**આજ લેકિન હમનવા ! સારા ચમન માતમ મેં હૈ**
**શમ્એ રોશન બુઝ ગઈ બઝ્મે સુખન માતમ મેં હૈ**

અહલે સુન્નત વલ જમાઅત એટલે કે મસ્લકે આ'લા હઝરતના મહાન મુબલ્લિગ અને શયદાઈ પ્રોફેસર મસ્ઊદ સાહબ કિ઼બ્લા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ (કરાંચી)નો વિસાલ તા. ૨૮/૪/૨૦૦૮ સોમવારના દિવસે મગરિબ પછી પાકિસ્તાનમાં થયો. આ દર્દભરી ખબર જંગલની આગની જેમ ચોતરફ ફેલાય જતાં ઉદાસીનુ વાતાવરણ ફેલાય ગયું હતું. ભારત, પાકિસ્તાન અને વિદેશોમાં તેમના નામની મેહફિલો રાખવામાં આવી જેમાં પ્રોફેસર સાહબની શખ્સિયત પર બયાનો થયાં અને તેમની શખ્સિયતની ઓળખ કરાવવામાં આવી. એવી જ રીતે તા. ૨૯/૪/૨૦૦૮ મંગળવારના દિવસે એક પ્રોગ્રામ અરબી યુનિવર્સિટી અલ્ જામેઅતુલ્ અશ્રફિયહ્ મુબારકપુરમાં ઈશાની નમાઝ પછી હઝરત અલ્લામા મૌલાના અબ્દુલમુબીન નોઅમાની સાહબ કિ઼બ્લાની સદારતમાં થયો. તેમની શખ્સિયત પર જામિઆના ઉસ્તાઝોએ ઈમાન અફરોઝ બયાનો કર્યાં અને અંતમાં અલ્લામા અબ્દુલ મુબીન નોઅમાની સાહબે પ્રોફેસર સાહબની જિંદગી પર મનમોહક તક઼રીર ફર્માવી અને જામિઆ અશ્રફિયહ્ના વિદ્યાર્થીઓને સબક આપ્યો કે રસૂલુલ્લાહ ﷺના મેહમાનો ! તમે જાગૃત થઈ જાવ ! આળસ છોડો ! અને ક઼લમના મેદાનમાં આગળ વધો એટલા માટે કે અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ પછી આપણી જમાઅતને જે મહાન લેખક, મુબલ્લિગ, મુફક્કિર પર ગર્વ હતું તે પણ આ દુનિયાથી કૂચ કરી ગયા છે.

પ્રોફેસર મસ્ઊદ સાહબ કિબ્લા તે મહાન વ્યક્તિનું નામ છે જેમણે ક઼લમ અને જબાનથી મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો દેશ વિદેશમાં પરિચય કરાવ્યો. આ'લા હઝરતથી તેમને ઘણી મહોબ્બત હતી એટલા માટે આપે સૌથી પહેલા કિતાબ "આ'લા હઝરત અને તર્કે મવાલાત" લખી અને તે સિવાય પણ ઘણી કિતાબો લખી છે, માટે આપણા સુન્નીઓનો ફરજ છે કે પ્રોફેસર મસ્ઊદ સાહબની જિંદગીને પ્રકાશમાં લાવે, કારણ કે આપણા હરીફો દેવબંદીઓ વગેરેની આદત છે કે જ્યારે તેમની કોઈ વ્યક્તિ મૃત્યુ પામે છે જે કાંઈ પણ નથી હોતી તેને તેઓ સર્વ કાંઈ બનાવીને પેપરો અને મેગેઝિનોમાં પેશ કરે છે ! તો આપણે હકી઼ક઼તમાં ક઼ાબેલ શખ્સિયતની ચર્ચા કેમ ન પેશ કરીએ ?! આપણા પ્રોફેસર મસ્ઊદ સાહબ તે છે કે જેમના લેખો અને કિતાબોની ચર્ચા હરીફોના મહેલોમાં પણ થાય છે. આજે તે આપણાથી દૂર થઈ ગયા છે પણ તેમનું સુન્નિયત પર ઘણુ એહસાન રહ્યુ છે માટે હું બધા વિદ્યાર્થીઓને વિનંતિ કરું છું કે તમે પોતાના રાજ્ય, જિલ્લા અને ગામોમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના ચાહક પ્રોફેસર મસ્ઊદ સાહબની જિંદગીને પ્રકાશમાં લાવો.

પ્યારા સુન્ની વાંચકો ! તમે ઉપર વર્ણન કરેલ અલ્લામા અબ્દુલ મુબીન નોઅમાની સાહબની તક઼રીરનું વાંચન કર્યું, હવે આપણે પ્રોફેસર મસ્ઊદ સાહબના જીવન ચરિત્ર પર થોડી ચર્ચા કરીએ.

પ્રોફેસર મસ્ઊદ સાહબ કિ઼બ્લાનો જન્મ દિલ્હીમાં ૨૪ ઓકટોબર ઈ.સ. ૧૯૩૦માં થયો. શરૂઆતની તા'લીમ પોતાના પિતા મુફતી મઝહરુલ્લાહ સાહબથી પ્રાપ્ત કરી અને નીટલ કોલેજ મસ્જિદ ફતેહપુરમાં દાખલો લઈ ફારસી ભાષા શીખ્યા અને ઈ.સ. ૧૯૪૮માં પૂર્વ પંજાબ યુનિવર્સિટીથી ફાઝિલ

ફારસીની પરીક્ષા પાસ કરી પોતાના ભાઈ મૌલાના મંઝૂર અહમદ સાહબની ઈયાદત માટે પાકિસ્તાન ગયા અને અંતિમ વય સુધી ત્યાં જ રહ્યા. મેટ્રીક પછી એમ. એ. કર્યુ અને સિંધ યુનિવર્સિટીની બધી પરીક્ષાઓમાં પહેલા નંબર પર આવ્યા. તેમને ગોલ્ડ મેડલ અને સિલ્વર મેડલ આપવામાં આવ્યો. ઈ.સ. ૧૯૫૮માં ગવર્નમેન્ટ કોલેજ મીરપુરમાં શિક્ષક તરીકે આમંત્રિત કરવામાં આવ્યા. ત્યાર પછી ઈ.સ. ૧૯૬૬માં ગવર્નમેન્ટ કોલેજ કોઈટા બ્લુચિસ્તાનમાં પ્રોફેસરના પદ પર નિયુક્ત થયા અને ઈ.સ. ૧૯૭૦ થી ઈ.સ. ૧૯૮૧ સુધી ગવર્નમેન્ટ કોલેજ મુહમ્મદખાંમાં પ્રિન્સિપાલનુ પદ સંભાળ્યું અને ત્યાર પછી "ઈદારા તેહક઼ીકાતે ઈમામ અહમદ રઝા" કરાંચીના બાનીની હૈસિયતથી રાત–દિવસ તબ્લીગ કરતા રહ્યા. આપે ૨૫થી વધારે કિતાબો અને લેખો લખ્યા.

પ્રોફેસર મસ્ઊદ સાહબ ક઼િબ્લા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ મસ્લકે આ'લા હઝરતના મહાન મુબલ્લિગ હતા. આપે ઈ.સ. ૧૯૭૦થી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબોનું વાંચન શરૂ કર્યું અને તેમના જ થઈને રહી ગયા. પ્રોફેસર સાહબે યુનિવર્સિટીઓ અને વિદેશોમાં આ'લા હઝરતનો પરિચય કરાવ્યો અને આ'લા હઝરત ઉપર થતા વાંધાઓ જેવી રીતે કે મસ્લકે આ'લા હઝરત નવો ફિર્કો છે, આ'લા હઝરત મામૂલી આલિમ હતા... વગેરેના જવાબ માટે એક ઈતિહાસ લેખકની હૈસિયતથી ક઼લમ લઈ એક ઐતિહાસિક વકીલ બની ગયા હતા અને તેનો જડબાતોડ જવાબ આપ્યો હતો. ખરેખર પ્રોફેસર સાહબ એક અજોડ લેખક હતા. તેમની લખવાની પદ્ધતિ અને ઈસ્લાહ કરવાની રીત ઘણી સુંદર હતી અહીંયા તેમની કિતાબ "મૌજે ખયાલ"ના બે પેરેગ્રાફ લખું છું :–

"બેહિજાબીને હમેં કહીં કા ન રખ્ખા. હમારે ફિકરો શુઉર પર ઔરત મુસલ્લત હો ચૂકી હૈ, લેકિન અબ તો વહ હર શખ્સ કી રાકિબ (સવારી) હૈ. તારીખ ગવાહ હૈ જો મુઆશરા બેહિજાબી કા શિકાર હો જાતા હૈ વોહ કહીં કા નહીં રહેતા હૈ. ઈસ બેહિજાબીને ક઼ૌમો કો બરબાદ કર દિયા હૈ. યે મૈં નહીં કહ રહા હૂં દૌરે જદીદ કા મશ્હૂર મોઅર્રિખ તોંબી કહ રહા હૈ, વહ કહતા હૈ, મૈંને તારીખ કો પઢ્હા હૈ ઔર પરખા હૈ ઔર ઈસ નતીઝે પર પહોંચા હૂં કે અક઼વામે આલમ ઉસ વક઼્ત તબાહ વ બરબાદ હૂઈ હૈ જબ ઉનકી ઔરતેં બેહિજાબાના બાહર નિકલતી હૈં.

*(મૌજે ખયાલ, પેજ–૯૪)*

અને તાલિબે ઈલ્મની ઈસ્લાહ કરતાં કહ્યું, "એક વોહ ઝમાના થા કે જબ તાલિબે ઈલ્મ કે મુતઅલ્લિક યે સોચા ભી ન જા સકતા થા કે વહ મુજરિમ, બદ્‌ખુલ્ક, બેઅદબ ઔર ગુસ્તાખ હો સક્તા હૈ, લેકિન ! અબ યે હૈ કે લોગ ઉન્કી શરારતોં, બદ્‌ખુલ્કિયોંસે પહચાનતે હૈં, જહાં લોફર બદ્‌માશોંકી ટુકડી દેખી તો કહા, "મિયાં ! કોલેજ કે લડકે હૈં ! મક઼ામે સદ્ અલમ હૈ કે ઈલ્મી શરાફત વ મતાનત યૂં રૂખસત હો ગઈ. અય યારાને વતન ! આઓ યે અહદ કરેં કે હમ ઈસ શરાફત કા દામન તાર તાર ન હોને દેંગે, યે હમારી આબરૂ હૈ, યે હમારી ઝિંદગી હૈ." *(મૌજે ખયાલ, પેજ–૨૮)*

## પ્રોફેસર મસ્ઊદ સાહબ વિદ્વાનોની દષ્ટિમાં

★ ગુલશને આ'લા હઝરતના બાગનુ નામ "મસ્ઊદ" મિલ્લત છે. *(અબ્દુન્નઈમ અઝીઝી)*

★ શરીઅતની પાબંદી પ્રોફેસર સાહબનો સારો ગુણ છે. *(પ્રોફેસર સૈયદ ગોહર ક઼લમ)*

★ દુનિયાએ રઝવિય્યત પર આપની ખિદમતો અને એહસાનોનો બદલો જો પૂરી રઝવી દુનિયા પણ અદા કરવા ચાહે તો અશક્ય છે.

*(સૈયદ રિયાસત અલી ક઼ાદરી, કરાચી)*

★ તેમના લેખો પઢીને અહલે સુન્નતની આંખો ઠંડી થાય છે. *(હનીફ સાહબ, બરેલ્વી)*

★ દુનિયાએ સુન્નિયત આપની ઘણી આભારી છે.

*(મૌલાના મુહમ્મદ બિનાઅ, આફ્રિકા)*

## પ્રોફેસર મસઊદ સાહબની કિતાબોનાં નામો મારી નજરમાં

(૧) જાને જાનાં ﷺ (૨) સીરતે મુજદિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ (બે ભાગ) (૩) આઈનએ રઝવિય્યત (ચાર ભાગ) (૪) નૂરો નાર (૫) મૌજે ખયાલ (૬) જશ્ને બહારાં (૭) ફાઝિલે બરેલ્વી ઓલમાએ હિજાઝ કી નઝરમેં (૮) ફાઝિલે બરેલ્વી અને તર્કે મવાલાત (૯) ઉજાલા (૧૦) આફતાબ વ મેહતાબ (૧૧) તન્ક઼ીદાતો વ તઆકુબાતે ઈમામ અહમદ રઝા (૧૨) આશિક઼ે રસૂલ મૌલાના અબ્દુલ ક઼દીર બદાયૂની (૧૩) હયાતે ફાઝિલે બરેલ્વી (૧૪) ગુનાહ બે ગુનાહી (૧૫) મોહબ્બત કી નિશાની (૧૬) દાઈરએ ઈમામ અહમદ રઝા (૧૭) રહબરો રહનુમા (૧૮) માહ વ અંજુમ (૧૯) અબકરી અશરક (અંગ્રેજી) (૨૦) આખરી પયગામ (૨૧) તમદ્દુને હિંદ પર ઈસ્લામી અષરાત (૨૨) શાહ મુહમ્મદ ગૌષ ગ્વાલિયરી (૨૩) તેહરીકે આ'ઝાદીએ હિંદ ઔર અસ્સવાદુલ આ'ઝમ (૨૪) ઈમામ અહમદ રઝા ઔર આલમે ઈસ્લામ (૨૫) અત્તઅઝીમ વત્તૌક઼ીર (૨૬) અલ ક઼િબ્લહ્ (૨૭) અત્તકલીદ (૨૮) ખૂબના ખૂબ.

અલ્લાહ તબારક વ તઆલાથી દુઆ કરું છું કે તેમની ક઼બર પર તાક઼યામત રહમતોની વર્ષા થતી રહે અને સુન્નિયતમાં તેમનો કોઈ નાયબ (ખલીફા) પૈદા ફર્માવી આપે. (આમીન)

## ફતવા વિભાગ કાર્યાલય

## વારસા વિશે મસાઈલ

**સવાલ** : મરનાર ઝયદની ઔલાદમાં ત્રણ છોકરા તથા ચાર છોકરીઓ હતી. છોકરીઓમાંથી બે મૃત્યુ પામી જેમાંની એક પુત્રી ઝયદની હયાતીમાં ગુજરી ગઈ અને બીજી ઝયદના પછી ગુજરી. મરનાર બંને પુત્રીઓની ઔલાદમાંથી એક એક પુત્રી બંનેની છે. તો ઝયદનો વારસો કઈ રીતે વહેંચાશે ?

*[પ્રશ્નકર્તા : જનાબ આદમભાઈ–ભરૂચ]*

**જવાબ** : ઉપરોક્ત પ્રશ્નના અનુસંધાનમાં ઝયદના વારસાને નવ ભાગોમાં વહેંચીને પુત્રોને બે બે હિસ્સા મળશે, ઝયદની હયાતીમાં મરનાર પુત્રીનો કોઈ હિસ્સો નથી, બાકીની ત્રણ પુત્રીઓને એક એક હિસ્સો મળશે. હવે ઝયદની જે પુત્રી ઝયદ બાદ મૃત્યુ પામી તેને એક પુત્રી છે તો તેના એક હિસ્સાના ૩૨ હિસ્સા કરવામાં આવશે જેમાંથી ૧૬ હિસ્સા તેણીની પુત્રીને, ૮ હિસ્સા મરનાર પુત્રીના પતિને, બે બે હિસ્સા મરનાર તેણીના તે બંને ભાઈઓને અને મરનાર તેણીની બંને બહેનોને ૧–૧ હિસ્સા મળશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ** : ઝયદને ચાર પુત્રો અને ત્રણ પુત્રીઓ છે તો ઝયદની મૌજૂદગીમાં કઈ રીતે તેની મિલ્કત વહેંચાશે. અને જો ઝયદના મૃત્યુ બાદ વહેંચે તો કઈ રીતે વારસો વહેંચાશે ?

*[પ્રશ્નકર્તા : જનાબ આદમભાઈ–ભરૂચ]*

**જવાબ** : આ સંજોગોમાં ઝયદની હયાતીમાં તેની મિલ્કત વહેંચવામાં આવે તો સર્વ ઔલાદને સમાન હિસ્સો આપવામાં આવશે. અને તેના મૃત્યુ બાદ વારસો વહેંચાય તો તેના ૧૧ ભાગો કરવામાં આવશે. બે બે ભાગ ઝયદના ચારેવ પુત્રોને અને એક એક ભાગ તેની ત્રણેવ પુત્રીઓને મળશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી

**માર્ગદર્શન** : મુફતી મુહમ્મદ નસીમ સાહબ *(જામિઆ અશરફિયા–મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)*

# ચીનમાં મુસલમાનોની : કલ આજ ઔર કલ ?!

રજૂકર્તા : **મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી**

દુનિયાના માટે એ વાત આશ્ચર્યજનક છે કે ચીનમાં ઈસ્લામ ઝડપભેર ફેલાતો જઈ રહ્યો છે. ચીની ગવર્નમેન્ટ તરફથી હાલમાં જ એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવી છે જેમાં એ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે કે ઈસ્લામ ચીનમાં તીવ્ર ગતિએ લોકોમાં પોતાનું સ્થાન જમાવી રહ્યો છે. ખાસ કરીને દક્ષિણ પશ્ચિમ (નૈઋત્ય) ચીનમાં એક નવી તબદીલી જોવા મળી રહી છે. ઈસ્લામી દેખાવ, ચાલ ઢાલવાળા મુસલમાન પહેલાંના મુકાબલામાં અધિક હરતા ફરતા જોવા મળે છે, જ્યારે કે આ ઈલાકો સામ્યવાદી પાર્ટીની ચળવળનો ગઢ રહ્યો છે. આ ઈલાકામાં જે મુસલમાન આબાદ હતા તેમને માઓત્સે તુંગની ગવર્નમેન્ટના દૌરમાં ખાસ કરીને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઈસ્લામના ઉદય પછી અહીં વેપાર કરવાના માટે મુસલમાનોના કેટલાક કાફલા આવતા રહ્યા હતા એ કાફલાઓએ અહીંના સ્થાનિક લોકોને પ્રભાવિત કરવાનું શરૂ કર્યું અને ઈસ્લામે અહીંના લોકોના દિલોમાં ઘર કરી લીધું અને એમનામાંથી કેટલાકે ઈસ્લામ સ્વીકારી લીધો. આ દીની સંબંધે અરબો તથા ચીનીઓને એકબીજાની નજીક કરી આપ્યા. અહીં અમુક મસ્જિદો બનાવી દેવામાં આવી અને મદરસા પણ સ્થાપવામાં આવ્યા જેથી ચીનાઓ ઈસ્લામથી સારી રીતે વાકેફ થઈ શકે. એનું પરિણામ એ આવ્યું કે નૈઋત્ય ચીનમાં મુસલમાનોની સંખ્યા ઘણી બધી થઈ ગઈ. ક્રમે ક્રમે ચીનાઓ ઈસ્લામ પ્રતિ આકર્ષાવા લાગ્યા અને અરબોની સંસ્કૃતિને તેમણે અપનાવવાનું શરૂ કરી આપ્યું.

પરંતુ સમય પસાર થતાં ક્રમે ક્રમે ચીનની રાજકીય સ્થિતિ બદલાવા માંડી અને અધર્મી વિચારધારા ઉછરવા લાગી, સામ્યવાદે પોતાનાં મૂળીયાં ફેલાવવાનું શરૂ કર્યું. સામ્યવાદને ઈસ્લામથી સખત દુશ્મની છે. આખુ જગત માને છે કે સામ્યવાદને અસલ મુકાબલો ઈસ્લામની સાથે છે, જેમ કે નૈઋત્ય ચીનમાં જ્યારે સામ્યવાદીઓએ પોતાની ચળવળ ચલાવી તો તેમનો મુકાબલો મુસલમાનોની સાથે થવા લાગ્યો. પ્રારંભમાં સામ્યવાદીઓની મુસલમાનોના હાથે હાર થવા લાગી, પરંતુ મુસલમાનોની અમુક કમજોરીઓના કારણે તેમણે સામ્યવાદીઓના હાથે હાર ખાવી પડી. સામ્યવાદીઓએ અહીંની મુસ્લિમ આબાદી પર સખત જુલ્મોની વર્ષા કરી. તેમની મસ્જિદોને તબાહ કરી દેવામાં આવી, મદરસા વેરાન કરી દેવામાં આવ્યા, સ્ત્રીઓને બે આબરૂ કરી દેવામાં આવી, ત્યાં સુધી કે મુસલમાન બાળકો પર પણ કોઈ પ્રકારની દયા ન કરવામાં આવી. તેમને નિઃસંકોચ મૌતને ઘાટ ઉતારવામાં આવ્યાં. કેમ કે સામ્યવાદીઓને ખતરો હતો કે મુસલમાન બાળકો મોટાં થઈને મજબૂત અકીદાવાળા મુસલમાન બનશે અને સામ્યવાદીઓને સત્તા જમાવવા દેશે નહીં.

આ સર્વ જુલ્મો સિતમનું પરિણામ એ આવ્યું કે મુસલમાનોએ છુપી જીવન પદ્ધતિ અપનાવવામાં જ પોતાની ભલાઈ સમજી. મજબૂર થઈને તેમણે મસ્જિદોને બંધ કરી આપી, કેમ કે તેમ ને ખબર હતી કે જો તેમણે પોતાની ધાર્મિક પ્રવૃત્તિઓ ચાલુ રાખી તો તેમને કત્લ કરી દેવામાં આવશે. જેથી તેમણે પોતાની ભાવનાઓ પર સંયમ રાખી દબાવી દીધી, પોતાની જાહેરી રીતભાત બદલી નાખી, માથાંઓ પરથી ટોપીઓ ગાયબ થઈ ગઈ, ચહેરાઓ પર દાઢી ન રહી, દેખાવ ચાલ ઢાલ પરથી મુસલમાનોએ પોતાને ગૈર ઈસ્લામી બનાવી દીધા. ઈસ્લામના દુશ્મન સામ્યવાદીઓ સમજ્યા કે તેમણે ચીનમાંથી ઈસ્લામની ડખલગીરી હટાવી દીધી છે, પરંતુ એમને ખબર ન હતી કે ઈસ્લામને મિટાવવો અશક્ય છે, જેવી રીતે સૂરજની રોશનીને મિટાવી નથી શકાતી એ જ રીતે ઈસ્લામના નૂરને મિટાવવું પણ શક્ય નથી. સંજોગો પલટાતા રહ્યા અને મુસલમાન સામ્યવાદીઓના દરેક જુલ્મો સિતમને સહન કરતા રહી સમય તથા સંજોગોની રાહ જોતા

રહ્યા. હવે જ્યારે સંજોગોએ એક નવો વળાંક લીધો છે તો ચીનના મુસ્લિમો અચાનક જાગૃત થઈ ગયા છે અને તેમણે ઈસ્લામના બારામાં પોતાની નવી પ્રવૃત્તિઓને ખૂબ જ ઝડપભેર આરંભી દીધી છે. રિપોર્ટના પ્રમાણે મુસલમાન એટલા ઝડપભેર ફેલાતા જઈ રહ્યા છે કે સામ્યવાદીઓની સમજમાં નથી આવતું કે ઈસ્લામને ફેલાતો રોકવા માટે શું કરે ?! કેમ કે કોઈ સ્કીમ ઈસ્લામને ફેલાતો રોકવામાં સફર નથી નીવડતી. મુસલમાનો પર જેટલો જુલ્મ કરવામાં આવી રહ્યો છે એટલો વધુ ઈસ્લામ ચીનાઓમાં ફેલાતો જણાય રહ્યો છે. કદાચ ચીનમાં ઈસ્લામી ચળવળ ચલાવનારાઓએ ફેંસલો કરી લીધો છે કે તેઓ તીડોનાં ધાડાં જેમ ચો તરફ જોવા મળશે અને સાબિત કરી આપશે કે હવે ઈસ્લામને ચીનમાં ફેલાતો કોઈ રોકી નથી શકતું.

મુસ્લિમ દેશોના સંયુક્ત સંમેલને પાછલા દિવસોમાં ઈજલાસમાં એક ઠરાવ મંજૂર કર્યો હતો જેમાં ચીની ગવર્નમેન્ટને કહેવામાં આવ્યું હતું કે તે મુસલમાનો પર જુલ્મો વરસાવવાનું બંધ કરી આપે. અને જો મુસલમાનો પર કરવામાં આવતા જુલ્મો બંધ કરવામાં નહીં આવે તો આંતર રાષ્ટ્રીય કાયદા હેઠળ મામલાને યુનોમાં પહોંચાડવામાં આવશે. આ એક ઘણી જ મોટી વાત છે જે મુસ્લિમ દેશોના સંગઠન તરફથી કહેવામાં આવી છે. એનો અર્થ એ કરવામાં આવે છે કે ચીનના મુસલમાન હવે એટલા મજબૂત થઈ ગયા છે કે મુસ્લિમ દેશોના સંગઠને તેમનો અવાજ સાંભળવાની ફરજ પડી.

ભૂતકાળમાં ચીનના સામ્યવાદીઓએ મુસલમાનોની જે મસ્જિદોને નુકસાન પહોંચાડયું હતું તે મસ્જિદોને હવે ચીની મુસ્લિમોએ નવેસરથી સજાવવાનું શરૂ કરી આપ્યું છે. અમુક મસ્જિદોમાં લાઉડ સ્પીકર પણ લગાડી દેવામાં આવ્યાં છે. મોટી મસ્જિદોમાં જુમ્આની નમાઝની વ્યવસ્થા ખાસ રીતે થવા લાગી છે. નાનાં નાનાં બાળકો જભ્ભા પહેરીને તથા ટોપી પહેરીને મસ્જિદોએ જતાં જોવા મળે છે. દુનિયાના વિવિધ મુસ્લિમ દેશોમાં રહેનારા મુસ્લિમો ચીન જઈને ત્યાંના હાલાતને સ્વનેત્રે જોવા ચાહે છે. થોડા દિવસો પર ઈન્ડોનેશિયાનું એક પ્રતિનિધિમંડળ ચીન ગયું હતું જેથી ત્યાંના મુસ્લિમોની સ્થિતિનો નજીક જઈને અભ્યાસ કરે. પ્રતિનિધિમંડળનો રિપોર્ટ છે કે ચીનમાં મુસ્લિમો પહેલાંની સરખામણીમાં ઘણા અંશે વધુ મજબૂત જોવા મળે છે અને એમનામાં ધાર્મિક જુસ્સો ઘણો અધિક છે. જો સ્થિતિ આ પ્રમાણે સચવાઈ રહી તો ચીનમાં મુસલમાન સામ્યવાદના મુકાબલામાં એક બીજી મોટી શક્તિ બની જશે. મુસ્લિમ જગત પણ ચીનના મુસ્લિમોના મામલામાં મદદ પૂરી પાડવાનો ઈરાદો ધરાવે છે.

સારાંશ કે ઈતિહાસમાં આ પ્રથમ પ્રસંગ છે કે જ્યારે ચીનના મુસ્લિમો સામ્યવાદના માટે ખતરાની ઘંટી બની ચૂક્યા છે. ચીની ગવર્નમેન્ટ તેમને દરેક શક્ય તરીકાથી કચડવાની કોશિશ કરી રહી છે પરંતુ મુશ્કેલી એ છે કે મુસલમાનોને જેટલા દબાવવામાં આવી રહ્યા છે એટલા જ તેઓ અધિક મજબૂત થતા જઈ રહ્યા છે. ચીનની જેલોમાં મુસલમાનોને વિવિધ આક્ષેપો લગાડીને બંધ કરવામાં આવી રહ્યા છે જેથી મુસલમાનોમાં ભય તથા ગભરાહટ પેદા થઈ જાય અને તેઓ ઈસ્લામથી દૂર થઈ જાય, પરંતુ એનું શું કરવામાં ~~આવે કે નવ~~યુવાન મુસલમાનો મોટી સંખ્યામાં પોતાને સંગઠિત કરવા લાગ્યા છે અને ચીનની લાલ ફોજના માટે એવો ખતરો પેદા થઈ ગયો છે કે જેનાથી ચીની ગવર્નમેન્ટના હોશ હવાસ બગડવા લાગ્યા છે અને મહસૂસ થાય છે કે ચીનની ગવર્નમેન્ટ પોતાની સરહદોની અંદર પેદા થનારી ઈસ્લામી પ્રવૃત્તિઓને છુપાવી રહી છે પરંતુ મીડિયા કોઈ ન કોઈ રીતે ઈસ્લામી ચળવળ સંબંધે ખબરો મેળવી લે છે. જોવાનું એ છે કે અધિક શું સંજોગો જાહેર થાય છે. *(નઈ દુન્યા, ૫ થી ૧૧ મે–૨૦૦૮)*

આવા સંજોગોમાં અહલે સુન્નતના ઉલમા તથા આગળ પડતી સંસ્થાઓએ ઉચ્ચ કક્ષાએ કોશિશો કરી ચીની મુસ્લિમોની સાચી સ્થિતિની ભાળ મેળવી લિગલ રાહે તેમની સહાયતા માટે કોશિશો કરવી જોઈએ અને આ ક્ષેત્રે ખાસ ધ્યાન કરવું જોઈએ એ સમયની તાતી માંગ છે. રબ તઆલા તેના હબીબે પાકના સદકામાં મુસલમાનોને આબાદ રાખે અને ઈસ્લામના આદેશો પર ચાલી વિશ્વમાં અમ્નો શાંતિ ફેલાવવા માટે નિમિત્ત બનાવે. (આમીન)

# ALLAH–LORD, MASTER, CREATOR

Fatimah Zehra
-Leicester (U.K.)

**"Qul Huwal Laahu Aĥad. Allahus Samad. Lam Yalid; Walam Yoolad. Walam Yakul Lahu Kufuwan Aĥad."** This chapter (112) of the Qur'an, Surah Al-Ikhlaas, also known as Surah Al-Aĥad, summarizes the topic of today: Allah. The word "Allah" is derived from Arabic for the one true God– no one and nothing else can be called "Allah" – and has neither gender nor plural. It is an established fact that every language and religion has more than one name for their god/s, but this is not the case in Islam – Allah can only be referred to as "Allah", in terms of deity. The unique usage of this name reflects the message that the Prophets of Allah ('Alaihimus Salaam) have relayed: "There is none worthy of worship besides Allah."

The concept of the Oneness of Allah, monotheism, is fundamental to Islam; it is stated in Surah Al-A'raaf, **"Fata-'aalal Laahu 'Ammaa Yushrikoon.** *But Allah is exalted above from their polytheism.***"** Allah is one – not the mathematical one that can be divided in to four halves – but He is the indivisibly unique One and He is the Creator, the Master, the Lord of all the worlds. He is the Almighty and none can be compared to Him. The Beloved Prophet of Allah, Hazrat Muhammad Mustafa Sallallaho 'Alaihi Wasallam was questioned by his Companions (Radi Allaho Anhum) with regards to Allah, and Allah Himself revealed a chapter unto His Beloved: **"Qul Huwal Laahu Aĥad** *Say you, He is Allah, the one.* **Allahus Samad.** *Allah the Independent, Carefree.* **Lam Yalid; Walam Yoolad.** *He begot none; nor was He begotten.* **Walam Yakul Lahu Kufuwan Aĥad.** *And not anyone is equal to Him.***"**

*-(Surah Al-Ikhlaas)*

Allah and His attributive qualities are infinite, existing from when time was immemorial–He is ever existing, unending, everlasting, eternal, the first and the last and incomparable; Allah needs no mediator, He is self-sufficient and independent from everything for the continuance of His existence. Allah is the omniscient One and all-knowing with infinite wisdom, He hears all and He sees all, He understands all and encompasses all; Allah is omnipotent (Wajibul Wujood), He is ever-present and His strength is unlimited; He is the sublime and exalted One above everything, magnificent and almighty, great and immeasurable; Allah is the true reality and the foundation for everything, thus He is praiseworthy, excellent, the holy One of light. Allah is the Creator, creating and bringing in to being all by the strength of His word, and to Him we shall all return: from Him is life and death as is stated in the Holy Qur'an, **"Qul Yaa Ayyuhan Naasu Innee Rasoolullaahi Ilaykum Jamee-'aanil Ladhee Lahu Mulkus Samaawaati Wal Ard.** *Say you, 'O mankind', I am Messenger to you all from Allah to Whom belongs the kingdoms of the heavens and of the earth.* **Laa Ilaaha Illaa Huwa Yuĥyee Wa Yumeet.** *None is to be worshipped except He, He gives life and causes death.***"** *(Surah Al-A'raaf).*

We see from this that Allah is the sovereign lord and the king; He exalts and He abases; He is the defender and the destroyer; He saves whom He will and condemns whom He wishes; His control encompasses possession and fortune, wealth and glory and guidance and misguidance, **"May Yahdil Laahu Fahuwal Muhtadee;** *Whomso Allah guides, he is on the right path;* **Wa May Yudlil Fa**

**Ulaa-ika Humul Khaasiroon.** *And whomso Allah leads astray, those they remained in loss.*" There is eternal wisdom to His actions, and He is free from boundaries; He does as He pleases and no man has right of question or interference to what He has ordained. He is compassionate, beneficent and merciful and with His name, everything begins: **Bismillaahir Rahmaanir Raheem** *In the Name of Allah, the Beneficent, the Merciful*; yet He is just and fair and will be the incorruptible, indisputable witness on the Day of Judgment to every individual's deeds; He is the supreme arbitrator and none can question His decision.

Allah is the benevolent, the kind, the patient One Who is the giver of gifts; from Him is provision and livelihood and He is the forgiving One; He acknowledges those who repent and forgives. There is no limitation to the divine grace of Allah and He is the unique, unexplorable and inexplicable Allah. He is the pure One, pure from place, position, boundary, direction, weight, breadth, benefit, gain, loss, shape, size, hunger, thirst, sleep and all other wants and needs; Allah is He who cannot be anthropomorphized, hence human characteristics are not applicable to Him, He is pure from gender, face, features, physique, limbs, joints (or mixed with anything). He is pure from family and relations, He has no mother, father, sibling or offspring, as is stated in Surah Al-Nisa, **"Innamal Laahu Ilaahuw Waaĥid; Subĥaanahu Ay-yakoona Lahu Walad.** *Allah is the only one God. Far is it from His Holiness that He should have a son.*" Allah is pure from sin and mistakes and pure from all faults, **"Ta'aalal Laahu An Dhaalika 'Uluwwan Kabeeraa.** *Allah is pure from all them sort of things.*"

**N.B.** It is important to note that words in the Holy Qur'an referring to Allah in bodily terms, such as "the hand of Allah", should be interpreted according to the dignity of Allah; the literal meaning must not be taken in to account when pertaining to Allah.

To be a Muslim, one must surrender their self to Allah, and it is imperative for them to believe in Tauĥeed: the oneness of Allah – there is no place for polytheism or idolatry in Islam. A Muslim must believe that not only is there one deity that we worship, but that He alone is the Creator, Provider, Nourisher, Giver and Preserver, and that He alone deserves to be worshipped. In addition to this, one must have firm faith in Allah, that Allah is there for him, to guide him through every aspect of his life, be it sorrow or joy, hardship or ease; without conviction in Allah the Almighty, there is no belief, there is no faith.

Rasoolullah Sallallaho 'Alaihi Wasallam has stated, "Faith is that which resides firmly in the heart and which is proved by good deeds." This is supported by the Holy Qur'an in Surah Al Bayyinah, where Allah states, **"Innal Ladheena Aamanu Wa 'Amilus Saaliĥaati Oolaa-ika Hum Khayrul Bariyyah.** *Undoubtedly, those who believed and did good deeds, they are the best of creatures.*" We can then deduce from the afore-mentioned that one who claims to be a true believer and a Muslim, but contradicts his words with his actions is, in fact, a hypocrite. For when true faith and conviction of Allah enters the believer's heart, his entire being and his mental state conform to Islam and the Commands of His Creator. He adheres to the rules and regulations pertaining to his religion, he questions not nor disobeys the sayings of his Lord, and his every action and deed speak loudly and clearly to others that this is one with the fear of Allah and the religion of Islam in his heart.

First and foremost, a Muslim must feel gratitude towards Allah, for indeed he

would not be here without the Grace, Mercy and Benevolence of his Maker; he must be grateful for the provisions that Allah has provided him with, he must be grateful for the shelter that Allah has given him, he must be grateful for the health and wealth (no matter how little) that Allah has granted him (amongst countless other things), and he must never forget that undoubtedly Allah the Almighty is the Sustainer. Secondly, a Muslim should never take Allah's Mercy and Grace for granted; Allah gives, but He can also take, Allah will be the supreme judge in the Hereafter and can punish those of us who have not thanked Him. For this reason, we must have the fear of Allah in our hearts, and be humble in our attempts to serve our Lord and Creator, Allah the Almighty. This state of always being aware of Allah is known as 'Taqwa' (to be conscious of or have fear of Allah), and taqwa epitomizes faith, without which it dwindles away.

How can one ensure that taqwa remains in their hearts, and that they are grateful to Allah? Allah has countless divine attributes and qualities, some of which are mentioned by the Qur'an and Ahadith. It is a common understanding that Allah has 99 (attributive) names, however Shaykh Jalaluddin ('Alaihir Rahmah) writes in his book, 'Al Itqaan Fee 'Uloom-ul Qur'an' that Allah has 3000 names: 1000 are known by the Prophets ('Alaihimus Salaam), 1000 are known by the Angels, 300 are mentioned in the Injeel (Gospel), 300 are mentioned in the Zaboor (Psalms), 300 are mentioned in the Taurat (Torah), 99 are mentioned in the Holy Qur'an, and one is known as 'Ism e A'azam' (the Greatest Name of Allah) which only Allah knows. The names of Allah are known as 'Asma-ul-Ĥusna' or 'The Beautiful Names of Allah'. (**N.B.** The names of Allah are not His actual names, but attributive names).

It has been recommended for a believer to continuously recite the beautiful names, and, if possible, learn the 99 that are mentioned in the Qur'an, as this promotes feelings of gratitude towards Allah. It has been narrated in Al-Bukhaari and Al-Muslim that, "Allah has ninety-nine names, one hundred less one. Whoever (recites it) will enter Paradise." From this alone, we can begin to comprehend the divine blessings gained from reciting the innumerable attributes and qualities of the Merciful Lord. It is stated in the Holy Qur'an, **"Huwal Laahul Ladhee Laa Ilaaha Illaa Hu, 'Aalimul Ghaybi Wash Shahaadah, Huwar Raĥmaanur Raĥeem.** *He is Allah, besides Whom none is to be worshipped, the Knower of everything hidden and open, He is the most Affectionate, the Merciful.* **Huwal Laahul Ladhee Laa Ilaaha Illaa Hu, Al Malikul Quddoosus Salaamul Mu'minul Muĥayminul 'Azeezul Jabbaarul Mutakabbir. Subhaanal Laahi 'Ammaa Yushrikoon.** *He is Allah, besides Whom none is to be worshipped, the Sovereign, the most Holy, the Bestower of peace, the Giver of security, the Protector, the Esteemed one, the Exalted, the Majestic. Glory is to Allah from what they associate.* **Huwal Laahul Khaaliqul Baari-ul Musawwiru Lahul Asmaa-ul Ĥusna; Yusabbiĥu Lahu Maa Fis Samaawaati Wal Ard; Wa Huwal 'Azeezul Ĥakeem.** *He is Allah, the Maker, the Creator, the Bestower of form to everyone, His are all the good names; all that is in the heavens and the earth glorifies Him; and He is the Esteemed One, the Wise.***"**

All praises are due to Allah, we praise Him, we seek His Help, and we supplicate to Him and ask for His Forgiveness. May Allah grant us tauĥeed and taqwa, so that we may have firm conviction in our hearts in order for us to be grateful and fear the Exalted One, and do as He has ordained us to do. Aameen. Allahumma Aameen.

*References: Qanoon-e-Shariat, Vol I*
*Qur'anic Translation: Kanzul Iman*

## બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

### ભરૂચમાં સુન્ની ઈજતેમા યોજાયો

સુન્નીઓની પ્યારી આલમી તેહરીક઼ ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા તા. ૧/૫/૨૦૦૮ના રોજ ભરૂચ ફુરજા રોડ ખાતે ''જશ્ને ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ'' નિમિત્તે યોજાયો જેમાં અતાએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ ''ગ઼ૌષે આ'ઝમ ઔર તસવ્વુરે આખેરત'' પર ખૂબ શાનદાર તથા જાનદાર બયાન કર્યું હતું. ભરૂચ શહેર તથા આસપાસના જાગૃત સુન્નીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. અંતમાં પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા, માસિક)એ હાજરજનો, સહાયકો તથા નવયુવાનોનો આભાર માન્યો હતો. પછી મૌલાના શાકિર સાહબે રિક્કત અંગેઝ દુઆ ગુજારી હતી. ઈજતેમા બાદ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના તલબા તથા મુબલ્લિગની તર્બિયતમાં આવનારાઓને બાદશાહી મસ્જિદના સહેનમાં જમા કરી ખિદમતે દીન માટે ઈલ્મે દીનથી સજ્જ થવા તથા કુર્બાની આપવા પ્રેરતું ટૂંકુ પણ અસરકારક બયાન કરી સુન્નિયતની ખિદમત કાજે આગળ વધવા અપીલ કરી હતી.

### 'બરકાતે ખ્વાજા' જેવું માસિક ન જોયું !

તંત્રી પટેલ શબ્બીર અલી રઝવી સાહબ, સલામ બાદ..... અમારું પ્યારું માસિક 'બરકાતે ખ્વાજા' નિયમિત પહેલી બીજી તારીખે મળી જાય છે. એમાં આવતા લેખો તથા આપનો તંત્રી લેખ દિલને તાજુ કરી નાખે છે. એપ્રિલ–૦૮નો લેખ '૧૮૫૭માં ઉલમાએ દેવબંદ શું હતા ? હિંદના ગદ્દાર કે વફાદાર ?' મારા દોસ્તોને, ઘરવાળાંઓને, મારા વાલિદ સાહબને પણ બહું જ સારો લાગ્યો. 'બરકાતે ખ્વાજા' (માસિક) જેવું હજી સુધી મેં માસિક નથી જોયું અને જણાય છે કે જોઈશું પણ નહીં ! દુઆ છે કે અલ્લાહ તઆલા આપને તથા પૂરી ટીમને આવા જ સારા લેખો લખવાનો તથા સુન્નિયતની સેવા કરવાનો જઝબો આપે. 'બરકાતે ખ્વાજા' (માસિક) દિન બ દિન ઔર તરક્કી કરે, એ જ દુઆ. (આમીન)

*–મન્સુરી મુહમ્મદ હનીફ ઈબ્રાહીમ (ખેરાલુ)*

**નોંધ** : મનસુરી સાહબ ! સલામ બાદ, આપની ખુશફહમીથી આપે વખાણ કર્યા છે પણ ગુજરાતમાં ઘણા અલ્લાહના બંદા આપણાથી સારું કામ કરે તેવા છે. ખૈર, રબ તઆલા એવું કામ કરાવે જેનાથી તે તથા તેના મહબૂબ ﷺ રાજી થાય એવી દુઆ કરશો. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★★★★

તંત્રી 'બરકાતે ખ્વાજા' (માસિક), સલામ બાદ.... આપની 'બરકાતે ખ્વાજા' (માસિક)ની અજોડ સંચાલન પ્રવૃત્તિ અને નીડરતા ખરેખર મુબારકબાદને પાત્ર છે. અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબે પાક ﷺના સદક઼ાથી અને હક઼્ક઼ની તલ્વાર ઈમામ અહમદ રઝાના વસીલાથી ઉત્તરોઉત્તર પ્રગતિ કરે અને આપની ઉમર તથા તંદુરસ્તીમાં વધારો કરે. (આમીન) –અહમદ ખફી 'સાહિલ'–જામનગર

**હાડગુડ (જિ. આણંદ)** : ના 'બરકાતે ખ્વાજા' (માસિક)ના ચાહક તથા હમદર્દ જનાબ સૈયદ યાસીનમિયાં મુહમ્મદમિયાં માસ્તરને ત્યાં પુત્રનો જન્મ થયેલ છે, જેનું નામ સૈયદ મુહમ્મદ તાહા રાખવામાં આવેલ છે. પુત્ર જન્મની ખુશીમાં 'બરકાતે ખ્વાજા' (માસિક)ને રૂા. ૧૦૧/– ઈમદાદ મોકલેલ છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા જન્મનારને ઉમ્રમાં બરકત અતા કરે, શરીઅતે મુસ્તફા ﷺનો પૈકર બનાવે (આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### શાદી મુબારક હો !

**ભરૂચ** : (રોશનપાર્ક) હાજી ઉષ્માનભાઈ હાજી ઈબ્રાહીમ વોરાસમનીવાળાની નેક દુખ્તર સમીરાની શાદી મુબારક મેહફૂઝ (S/o. હાજી ઈલ્યાસ હાજી ઈબ્રાહીમ વોરાસમનીવાળા) સાથે તા. ૨૬/૪/૨૦૦૮ના રોજ રાખવામાં આવી. તા.

૨૭/૪/૨૦૦૮ના રોજ રવિવારે હાજી ઈલ્યાસભાઈ તરફથી વલીમાની દા'વત નબીપુર મુકામે તેમના રહેઠાણે રાખવામાં આવી.

**પાનતલાવડી** : ઠાકોર લિયાકત અલીખાન રસૂલખાનજીની નેક દુખ્તર અકીલાબાનુની શાદી મુહમ્મદ ફુર્કાન (D/o. જનાબ રેહમતુલ્લાહ ખાનજી એમ. રાઠોડ, નસવાડી) સાથે તથા શબનમબાનુની શાદી મુહમ્મદ સાદિક (S/o. ઐયૂબ ખાનજી એમ. રાઠોડ, નસવાડી) સાથે તા. ૭/૫/૨૦૦૮ના રોજ રાખવામાં આવી.

**જામગઢકા** : જનાબ મન્સુર અહમદ રવશીયાના નેક ફરઝંદ મુસ્તફા રઝાના નિકાહ સાહિસ્તાબાનુ (D/o. હાજી હારૂન મુહમ્મદ છનછરા, રાજકોટ) સાથે તા. ૧૨/૫/૨૦૦૮ના રોજ રાજકોટ મુકામે રાખવામાં આવ્યા.

**વાગરા** : હાજી મુહમ્મદ હનીફ (બાબુભાઈ) હાજી ઈસ્માઈલ મછાસરાવાલાના નેક ફરઝંદ મુહમ્મદ અઝહરુદ્દીનની શાદી શેહનાઝ બાનુ (D/o. પટેલ ગુલામ નિઝામુદ્દીન ઉમરજી ઈસ્માઈલ હસન દસુ, ઝંઘાર) સાથે તા. ૪/૫/૨૦૦૮ના રોજ રાખવામાં આવી.

**કામસોલી** : ઘોરી ફકીર મુહમ્મદ બલોલખાનની દુખ્તરે નેક અખ્તર 'તસ્લીમાબાનુ'ની શાદી મોહસિનખાન (S/o. રાઠોડ શહીદખાન સિદ્દીક ખાન, પીછીપુરા–વડોદરા) સાથે તીલકવાડા મુકામે તા. ૧૨–૫–૦૮ના રોજ રાખવામાં આવી.

**ચાંચવેલ** : ચિશ્તીયા મોઈન સોલ્ટવાળા હાજી યાકૂબ ઈસપ બાપુની નેક દુખ્તર મોહસિનાની શાદી સોહેલ (S/o. હાજી હનીફ ઈસ્માઈલ ધુરત–સૂરત) સાથે તથા તેમના નેક ફરઝંદ અબ્દુર્રહમાનની શાદી રિઝવાનાબાનુ (D/o. હકીમ અહમદ ઈબ્રાહીમ–કહાન સાથે) તા. ૧૩/૫/૨૦૦૮ના રોજ ચાંચવેલ તથા ૧૪/૫/૦૮ના રોજ કહાન રાખવામાં આવી.

**ખોજબલ** : હાજી મુહમ્મદ યુ. રાજના નાના ભાઈ હાફેઝ મુહમ્મદ હસન યુ. રાજની નેક દુખ્તરો નફીસાબાનુ તથા મકસૂદાબાનુની શાદી અનુક્રમે જાવિદ (S/o. અબ્દુલ અભેસંગ રાજ–ખોજબલ) તથા ઈમરાન (મસીદખાં નજરખાં રાઠોડ–નવસારી) સાથે તા. ૧૭/૫/૨૦૦૮)ના રોજ રાખવામાં આવી.

**જસદણ** : પીરે તરીકત સૈયદ અ. ગફ્ફાર બાપુની લખ્તે જિગર નૂરે નઝર સૈયદ મેહમૂદાની શાદી સાવરકુંડલાના સૈયદ તાજુમિયાં બાવા સાહબ કાદરીના નેક ફરઝંદ સૈયદ મુહમ્મદ સાજિદ સાથે તા. ૩/૪/૨૦૦૮ના રોજ શાનો શૌકતથી થઈ. આ ખુશીના અવસરે રૂા. ૧૫૧/– 'બરકાતે ખ્વાજા' (માસિક)ને લિલ્લાહ મળ્યા છે.

### દારુલ ઉલૂમ હબીબિયામાં દસ્તારબંદી

કોડીનાર ખાતે તા. ૧૭/૪/૨૦૦૮ના રોજ રાત્રે સૈયદના રિઝકુલ્લાહ શાહ સાલીસ મહયુદ્દીન رضی اللہ عنہના ઉર્સે પાક ના મુબારક મોકા પર દરગાહ શરીફના વિશાળ મેદાનમાં હઝરત પીર મેહમૂદ અશ્રફ સાહબ કિછોછવીની પુર જોશ નૂરાની તકરીર અને દારુલ ઉલૂમ હબીબિયામાં ફારિગ થનાર ૨૬ તલબાની દસ્તારબંદીનો શાનદાર પ્રોગ્રામ યોજાયો હતો.

### ઉર્સે દરિયાઈ દુલ્હા મનાવાયો

**બીરપુર શરીફ** : (તા. બાલાશિનોર) ખાતે મહાન બુઝુર્ગ આરિફ બિલ્લાહ હઝરત કાઝી મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક ૧૧ ચાંદ રબી. આખરના રોજ શાનો શૌકતથી મનાવાયો. ગુજરાતભરમાંથી હજારોની સંખ્યામાં અકીદતમંદો, ચાહકો, મુરાદ તલબોની પુષ્કળ ભીડ આસ્તાના મુબારક પર એક અઠવાડિયા સુધી રહી હતી. અહીં દૂર દૂરથી જિસ્માની, રૂહાની, માનસિક બીમારો, પરેશાન હાલ લોકો આવે છે અને પોતાની મન માંગી મુરાદો પામે છે.

**મકનપુર શરીફ** : ખાતે કુત્બુલ ઈર્શાદ હઝરત સૈયદ બદીઉદ્દીન ઝિંદા શાહ મદાર رضی اللہ عنہનો ૫૯૧મો ઉર્સ મુબારક જમાદીઉલ અવ્વલ ચાંદ ૧૫,

૧૬, ૧૭, અંગ્રેજી તા. ૨૨, ૨૩, ૨૪–મેના દિવસોમાં શૌનો શૌકતથી મનાવવામાં આવ્યો.


**નરસંડા** : તા. ૫/૪/૨૦૦૮ના રોજ ઈશા બાદ "જશ્ને આમદે રસૂલ ﷺ" અમદાવાદના પીરે તરીક઼ત અ. રહમાનવાબા (અમલીવાલા) હાજી અ. કાદરબાવાની હાજરીમાં મનાવાયો, જેમાં હાફિઝો ક઼ારી હબીબુલ્લાહ રઝવીએ કલ્મા તથા ઝિક્રની ફઝીલત પર તેમજ હાફિઝો ક઼ારી સૈયદ અમીનુલ ક઼ાદરી (ઉમરેઠ)એ ઈશ્ક઼ે નબી ﷺ પર બેહતરીન અંદાઝમાં બયાન કર્યું. અંતમાં ખત્મ શરીફ, ઝિક્ર શરીફ રાખેલ. *(રજૂ. વ્હોરા અ. કૈયૂમ–નરસંડા)*

**પાટણ** : ઉર્સ કમિટી થકી હુસૈની ચૌક પાટણ ખાતે તા. ૨૬/૪/૨૦૦૮ના રોજ ઈશા બાદ હઝરત અલ્લામા મૌલાના ઈસ્હાક અશ્ફ઼ાક઼ી (મુફ઼્તી : દા.ઉ. ઈસ્હાકિયા–જોધપુર)એ "જશ્ને ગ્યારવી શરીફ"ના મોક઼ા પર શાનદાર બયાન કર્યું હતું.

## ઈન્તેકાલ પુરમલાલ

**જસદણ** : ના પીરે તરીક઼ત સૈયદ હાજી અ. ગફ઼્ફ઼ારબાપુ મુા. ચાંદ ૨૫–રબી. અવ્વલ હિ.સ. ૧૪૨૯, અંગ્રેજી તા. ૩/૪/૨૦૦૮ જુમેરાતે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમે જસદણ નગીના મસ્જિદમાં ૨૫ વરસ ઈમામત કરી ખિદમતે દીન કરી. જનાઝામાં ૭૦૦૦થી અધિક લોકોએ હિસ્સો લીધો. મૌલા કરીમ તેના મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફ઼ેરત ફ઼ર્માવે અને કુટુંબીજનોને, ચાહકોને સબ્રે જમીલ આપે. (આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મસ્જિદો બાંધવા માટેની અપીલો !



**જંબુસર** : જલાલપુરા મીના મસ્જિદની સંગે બુન્યાદ તા. ૧૧/૪/૨૦૦૮ના રોજ હઝરત સૈયદ અહમદ હુસૈનબાવા તથા અન્ય સાદાત, ઉલમાની હાજરીમાં થઈ. એના બાંધકામ માટે સખી દાતાઓ લિલ્લાહ રકમ, સળીયા, રેતી, ઈંટો, કપચી, સિમેન્ટ.... વગેરે અપાવી સહકાર કરે તેવી પુરજોશ અપીલ છે.

સંપર્ક કરો : યાસીનભાઈ સોપારીવાળા C/o. મુનાફ કાર્ટિંગવાળા, લાલ શહીદ મસ્જિદ પાસે, જંબુસર, મો. ૯૮૨૪૫ ૩૩૮૦૮

**બોટાદ** : ખાતે સુન્નીઓની કોઈ મસ્જિદ ન હતી. ઘણી કોશિશોને અંતે હાલ 'મસ્જિદે ક઼ાદરિયા' નામથી મસ્જિદનું તામીરી કામ શરૂ થયું છે. આપના મર્હૂમોના સવાબ અર્થે અવશ્ય આ જગાએ સહાય કરશો અને સુન્નિયતને મજબૂત કરવામાં જરૂર સાથ આપશો. સુન્નિયતની લાગણી હોય તો થોડામાં ઘણુ સમજીને આ સરનામે સંપર્ક કરો :–

મસ્જિદે અલ્ કાદરિયા, ખોજાની વાડી, મેમણ કોલોની પાસે, મુા. બોટાદ, જિ. ભાવનગર, પિન. ૩૬૪ ૭૧૦ (અલ્લારખાભાઈ બેલીમ, મો. ૯૯૦૪૫ ૩૯૦૭૮, મુહમ્મદભાઈ મો. ૯૮૨૪૪ ૦૬૨૮૬, ગુલામ રસૂલભાઈ મો. ૯૯૨૪૭ ૭૩૬૮૪)

**નાની દમણ (દેવકા)** : ગામે 'મસ્જિદે ગરીબ નવાઝ' માટે જમીન તો ખરીદી લીધી છે પણ બાંધકામનો અંદાજિત ખર્ચ રૂા. ૧૦ લાખ છે તો સુન્ની સખીઓને વિનંતિ કે સખાવતનો ધોધ વરસાવી સુન્નિયતના માટે કોશિશ કરી રહેલા આવા લોકોને સાથ આપે. સંપર્ક કરે :–

ગરીબ નવાઝ મસ્જિદ, દેવકા, તાઈવાડા, નાની દમણ, પિન. ૩૯૬ ૨૧૦

**SBI A/c. No. : 30283412826** (ઝાકિર હુસૈન પીરવાલા, મો. ૯૮૨૪૪ ૪૦૩૧૯, ઈમ્ત્યાઝ બાલા, મો. ૯૮૯૮૮ ૧૦૪૮૮, સરફરાઝ શેખ, મો. ૯૩૭૪૬ ૦૩૮૮૭)

**★ ૫ રૂા. ની ટપાલ ટિકિટ મોકલી મંગાવો ★**

કિતાબ : **હિકમતનાં મોતી** (પેજીસ : ૧૨૦)

સંપાદક : મર્હૂમ હાજી અ. ગફફાર ચોલા જામનગરી

પ્રકાશક : ઉષ્માનભાઈ મન્સુરી, ગરીબ નવાઝ કમિટી, રેલ્વે કોલોની, ક્વા નં. ૯૧/ડી, મુ. હાપા, પિન. ૩૬૧ ૧૨૦, જિ. જામનગર, જેમાં કુર્આન, હદીષ, સહાબા વગેરેના કથનોથી હિકમત ભરી વાતો રજૂ કરવામાં આવી છે જેનાથી માણસની અમલી જિંદગી સુધરી શકે છે.

કિતાબ : **મઝહબી સવાલ જવાબ**

પ્રકાશક : ઉપર મુજબ (ભાગ–૧, પેજીસ–૩૨)

કિતાબ : **કુદરતી અનમોલ પથ્થર** (હદિયો : રૂા. ૫૦/–)

**:: સંપાદક તથા પ્રકાશક ::**

મુહમ્મદ અમીન એ. ચોલા, ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળજામનગર, પિન. ૩૬૧ ૦૦૧, મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

**નોંધ** : વિવિધ જાતિના પથ્થરો અને તેની કહેવાતી તાસીરો રજૂ કરી છે જે એક જનરલ નોલેજ માટેની કિતાબ છે. દીની તથા શરઈ એ'તેબારથી આ પથ્થરોની તાસીરના સમર્થન અંગે કોઈ હવાલા નથી અને એની માન્યતાને શરીઅતમાં સમર્થન હોય એવું અમારી જાણમાં નથી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**★ પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો ★**

કિતાબ : **કરામાતે ખ્વાજા મહમૂદ દરિયાઈ** رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત પીર સૈયદ સફીયુલ્લાહબાવા દરિયાઈ અશરફી (બીરપુર) (પેજીસ : ૨૦૭)

પ્રકાશક : હુસૈની કમિટી (સુન્ની) ૮–લાટી પ્લોટ સામે, મોરબી–૩૬૩ ૬૪૧

કિતાબ હઝરત દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہની ઈમાન અફરોઝ કરામતોનો અણમોલ સંગ્રહ છે. મંગાવો, વાંચો વંચાવો અને ઈમાનને તાઝગી બખ્શો.

**''ગુલશને રઝા હોસ્ટેલ''નો પ્રારંભ**

જંબુસર મુકામે જૂન–૨૦૦૮થી શરૂ થતા શૈક્ષણિક વર્ષમાં ધો. ૪ થી ધો. ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ મેળવો.

★ બાળકોના દીની, દુન્યવી, શૈક્ષણિક, શારીરિક, માનસિક, રોજગાર લક્ષી તથા માનસિક સર્વાંગી વિકાસ માટે દીની જરૂરી તા'લીમ સાથે દીનદારી આવે, સુન્ની અકીદાની મજબૂતી મળે તેવી તા'લીમ પણ સાથે મળશે.

★ એક ટાઈમ ચા–નાસ્તો, બે ટાઈમ જમવા, રહેવા સાથે માસિક ફી રૂા. ૪૦૦/– રહેશે.

વધુ માહિતી માટે ટ્રસ્ટનો રૂબરૂ કે ફોનથી સંપર્ક કરો.

સરનામુ : **ગુલશને રઝા હોસ્ટેલ**
C/o. (ટ્રસ્ટી) હસ્સુભાઈ હાજી મુહમ્મદ ઘાંચી,
ઠે. કમર પાર્ક સોસાયટી, સ્ટેશન રોડ, જંબુસર
પિન ૩૯૨ ૧૫૦, જિ. ભરૂચ, મો. ૯૭૨૫૬૬૪૮૩૨

**★ જશ્ને સંગે બુન્યાદ ★**

**ચોરંદા** : (તા. કરજણ) મુકામે તા. ૬/૪/૨૦૦૮ રવિવારે અસરની નમાઝ બાદ ''સાબરી મસ્જિદ''નો સંગે બુન્યાદનો શાનદાર જશ્ન હઝરત કિબ્લા સૈયદ ગુલામ રસૂલમિયાં બાવા ચિશ્તી સાબરી કાદરીના હસ્તે અન્ય ઉલમા–સાદાતની હાજરીમાં મનાવાયો. ઈશાની નમાઝ બાદ ઉલમાએ કિરામની શાનદાર તકરીરો થઈ જેમાં હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા (ખલીફા તાજુશ્શરીઅહ) તથા અન્ય ઉલમાના ઈમાન અફરોઝ બયાનો થયાં હતાં. *–અહલે હલકએ ચિશ્તિયા સાબરિયા, ચોરંદા*


**એક નઝર ઈધર ભી!**

હોમિયોપેથી સારવારથી જૂના હઠીલા રોગો જે લાંબા સમયથી પીડા આપતા હોય તે વગર ઓપરેશને મટાડી શકાય છે. જેમ કે :

| | |
|---|---|
| **મુત્રાશય રોગો** : પથરી, પિત્ત પથરી, કિડની રોગ | **ફેફસાના રોગો** : શ્વાસ, દમારોગ, જૂની ખાંસી, શરદી |
| **પેટના રોગો** : એસડીટી, ડિસેન્ટ્રી, કબજીયાત | **હાડકાના રોગો** : કમરનો દુઃખાવો, સાઈટીકા |

તથા સ્ત્રી પુરૂષના ગુપ્ત રોગો, વાળના રોગ વગેરે....

આ તમામ રોગોના જૂના અને જાણીતા હોમિયોપેથીના સ્પેશ્યાલિસ્ટ **ડોકટર અ. અઝીઝ ડાબાણી**

સંપર્ક કરો : મનપસંદ લેડીઝ ટેલર, ઈદગાહ મસ્જિદ સામે, નવાપરા, **ભાવનગર–૧**
મળવા માટે પહેલા મોબાઈલથી સંપર્ક કરો :– મો. ૯૯૦૪૭ ૫૧૭૦૦

**SINCE : 1976**

## ★ અલ્લાહ જઝાએ ખૈર આપે ! ★

:: દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદને ::

★ જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી થકી રૂા. ૬૮૦૦/– (ઝ).

★ જનાબ મૌલાના યૂનુસ મિસ્બાહી થકી રૂા. ૨૦૦૦/– (લિ) કુર્આન શરીફ માટે.

★ જનાબ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચણવી તરફથી રૂા. ૩૦૦૦/– (લિ).

★ હજીયાણી ફાતિમાબેન રફીક નેકીવાળા તરફથી રૂા. ૧૫,૦૦૦/– (સ).

★ જનાબ યામિનભાઈ ભૂરા–મોટા નાગોરીવાડ ભરૂચ તરફથી રૂા. ૧૦૦૦/– (ઝ) ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને મળ્યા છે.

★ જનાબ હાફેઝ ઈકબાલ મછાસરાવાળા થકી રૂા. ૩૦૦૦/– (લિ) બરકાતે ખ્વાજા (માસિક)ને સહાય માટે મળ્યા છે.

★ જનાબ અકબરભાઈ ડાભાવાળા પેન્ટર થકી રૂા. ૨૦૧/– બરકાતે ખ્વાજા (માસિક)ને ન્યાઝ પેટે મળ્યા છે.

**અલ્લાહ તઆલા દરેકની ઈમદાદને કૂબૂલ ફર્માવે અને બંને જહાનમાં જઝાએ ખૈર અતા કરે. (આમીન)**

## ★ પેટ્રન ગ્રાહક થયા ! ★

ગ્રાહક નં. ૩૩૯૫ **જનાબ અબ્દુલભાઈ યૂસુફભાઈ ઝંઘારવાળા–ભરૂચ** *(જનાબ હાફેઝ ઈબ્રાહીમ કહાનવાળાના હસ્તે)* રૂા. ૧૩૦૦/– ભરી પેટ્રન થયા છે. (જઝાકલ્લાહ !)

તમો પણ **રૂા. ૧૩૦૦/– ભરી પેટ્રન** તથા **રૂા. ૩૦૦૦/– ભરી આજીવન** 'બરકાતે ખ્વાજા' (માસિક)ના સભ્યો બનો અને આ દીની કામમાં સહકાર કરો. –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**એક નજર ઈધર ભી !**

**વજન વધારો/ઘટાડો શ્રેષ્ઠતમ હર્બલ ફોર્મ્યુલા દ્વારા**

વા, પગ, ગુઠણ, સાંધાના દુઃખાવા, કમરના દર્દ માટે ૧૦૦% ગેરેંટેડ ઈલાજ (મનીબેક ગેરેંટી)

સંપર્ક કરો :–

**ઈસ્માઈલ સાલેહ**

મુ. **દયાદરા**, મોટા ચકલા, તા. જિ. ભરૂચ

ઈન્ડિયા ખાતે ફોન : (૦૨૬૪૨) ૨૮૨૩૨૨,

**લંડન** ખાતે સંપર્ક ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮


## ઈન્તેકાલ પુરમલાલ.........................................................

ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાના વિશ્વાસુ વિઝિટર જેમણે દસેક વરસ સુધી મિશન હેઠળ ચાલતા વલસાડ, બિલિમોરા સાઈડના મદરસાની વિઝિટ, તલબાની પરીક્ષા... વગેરેની કામગીરી નિભાવી એ **મૌલાના બિસ્મિલ્લાહખાન અશરફી (ધુલેટાવાળા)** તા. ૨૩/માર્ચ/૨૦૦૮ના રોજ ૭૫ વર્ષની વયે ઈન્તેકાલ કરી ગયા છે. મર્હૂમ આપણા મિશન તથા અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા તથા બરકાતે ખ્વાજા (માસિક)ના માટે ખૂબ જ નિખાલસપણે મહેનત કરતા હતા. જેમની દફનવિધિ તેમના ગામ ધુલેટા (જિ. ખેડા)માં કરવામાં આવી.

**ટુંડજ** : (તા. જંબુસર) મુકામે ઈકબાલ રાણાના પુત્ર સાહિલનો ઈન્તેકાલ તા. ૭/એપ્રિલ/૨૦૦૮ના રોજ યુવાન વયે થતાં સમગ્ર પંથકમાં ગમગીની ફેલાઈ ગઈ હતી.

**આમોદ** : ખાતે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના ટ્રસ્ટી જનાબ મુહમ્મદ આદમભાઈ પાનવાલાના વાલિદા બીબીબેન તા. ૨૧/એપ્રિલ/૨૦૦૮ના રોજ ઈન્તેકાલ કરી ગયા છે.

**દયાદરા** : તા. ૧૬/મે/૨૦૦૮ (જુમ્આ) લિયાકતભાઈ વલી સરપંચનો રાત્રે ૩ વાગ્યે કંથારીયા નજીક અકસ્માતમાં અચાનક ઈન્તેકાલ થતાં સમગ્ર ગામમાં ગમગીનીનું મોજું ફરી વળ્યું હતું.

**દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન ખ્વાની કરી મર્હૂમો માટે દુઆ કરવામાં આવી હતી. મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં સર્વ મર્હૂમોની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે તથા કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*